સુવિચાર

સફળતાનો માર્ગ જોખમ ભર્યો છે,
તેની સામે લડનાર પુરૂષાર્થી જ
પોતાનું જીવન સફળ બનાવી શકે છે

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-181 ■ DATE : 12-5-2025 ■ MONDAY ■ Page-10 ■ વૈશાખ સુદ ૧૫, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001




# ઓપરેશન સિંદૂર | ભારતીય સેનાના તાંડવમાં 100 આતંકી ભસ્મ

સમય મિરર | નવી દિલ્હી

ભારતની ત્રણેય સેનાના DGMO, DGAO, DGNOએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃત માહિતી આપી. આ પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈ, ભારતીય વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ અવધેશ કુમાર ભારતી અને ભારતીય નૌકાદળના ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ વાઇસ એડમિરલ એએન પ્રમોદનો સમાવેશ થાય છે. પ્રેસ કોન્ફરન્સ પહેલા શિવ તાંડવની ધૂન વગાડવામાં આવી હતી.

## ત્રણેય સેનાની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સના પ્રારંભે શિવ તાંડવની ધૂન ગુંજી

DGMO લેફ્ટિનેન્ટ જનરલ રાજીવ ઘઈએ કહ્યું કે, પાકિસ્તાને ગત દિવસોમાં ભારતીય સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાના પ્રયાસ કર્યા, પરંતુ આ પ્રયાસ સતત નિષ્ફળ રહ્યા. પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલો દ્વારા અનેક સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કરવાના પ્રયાસ કર્યા, પરંતુ ભારતીય એર ડિફેન્સ સિસ્ટમે તમામ ખતરાઓને નિષ્ફળ કરી દીધા.

DGAO એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ કહ્યું કે, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના મુરિદકે સ્થિત આતંકવાદી કેમ્પને સટીક મિસાઈલ હુમલામાં સંપૂર્ણ ધ્વસ્ત કરી દીધું. આ એ જ વિસ્તાર છે જેને લશ્કર-એ-તૈયબાના હાફિઝ સૈઈદનો ગઢ માનવામાં આવે છે.

વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ કહ્યું કે, વાયુસેનાએ ખુબ સાવધાનીપૂર્વક માત્ર આતંકવાદીઓને નિશાન બનાવ્યા અને કોઈપણ નાગરિકને નુકસાન ન થવા દીધું. અમારી સમગ્ર યોજના આ રીતે બનાવવામાં આવી હતી કે માત્ર આતંકવાદી કેમ્પો પર સટીક પ્રહાર કરવામાં આવે અને કોઈ સામાન્ય નાગરિકને નુકસાન ન પહોંચે.

DGAO એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ કહ્યું કે, પરિસ્થિતિ કઠિન છે, અમે આ પ્રેસ કોન્ફરન્સ કરવા ઈચ્છતા ન હતા, પરંતુ જરૂરી બની ગયું હતું. ભારતીય વાયુસેનાએ મુરીદકે અને બહાવલપુર જેવા આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા. આ બંને જગ્યા આંતરરાષ્ટ્રીય બોર્ડરથી ઘણી અંદર હતી, એટલા માટે તેની પસંદગી કરવા રણનીતિક રીતે મહત્ત્વની હતી. IAFએ સટીક હુમલા માટે સેટેલાઈટ અને ઈન્ટેલિજેન્સ આધારિત ટાર્ગેટિંગ અને પ્રેસિશન મ્યૂનિશનનો ઉપયોગ કર્યો.

DGMOએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરની યોજના પહલગામમાં ભારતીય નાગરિકો પર હુમલા બાદ બનાવવામાં આવી. આ ઓપરેશનનો સ્પષ્ટ ઉદ્દેશ્ય હતો. આતંકવાદીઓ અને તેના ઠેકાણાઓને નષ્ટ કરવા,




અમે બોર્ડર પાર આતંકવાદીઓના કેમ્પોની ઊંડાણપૂર્વક ઓળખ કરી. જેમાં કેટલાક ઠેકાણા પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને કેટલાક પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં હતા. જે મુરીદકે, જો કસાબ અને ડેવિડ હેડલી જેવા આતંકવાદીઓથી જોડાયેલા રહ્યા છે.

DGMOએ કહ્યું કે, અમારા હુમલામાં ૧૦૦થી વધુ આતંકવાદી ઠાર મરાયા, જેમાં યૂસુફ અઝહર, અબ્દુલ મલિક રઉફ અને મુદસ્સિર અહમદ જેવા હાઈ વેલ્યૂ ટાર્ગેટ સામેલ છે. આ આતંકવાદી IC ૮૧૪ હાઈજેક અને પુલવામા જેવા હુમલાથી જોડાયેલા હતા. LoC પર પાકિસ્તાને સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું અને તેના તરફથી નાગરિક વિસ્તારો જેવા કે ગુરૂદ્વારાને પણ નિશાન બનાવવામાં આવ્યા. ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય માત્ર આતંકવાદીઓનો ખાતમો કરવાનો હતો. અમે ૧૦૦ આતંકવાદીઓને ખતમ કર્યા. સાથે જ આતંકવાદી ઠેકાણાઓના પૂરાવા બતાવ્યા. સેનાએ આતંકવાદી હુમલાનો જવાબ આપ્યો. મુદસ્સર ખાર, હાફિઝ જમીલ અને યૂસુફ અઝહર જેવા ત્રણ મોટા આતંકવાદીઓને ઠાર કર્યા. ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે આ કાર્યવાહીનો સ્પષ્ટ લશ્કરી ઉદ્દેશ્ય હતો - આતંકવાદીઓ અને તેમના ઠેકાણાઓનો નાશ કરવાનો. અમે સરહદ પાર આતંકવાદી છાવણીઓની ઊંડાણપૂર્વક ઓળખ કરી. પરંતુ ત્યાં ઘણા છુપાવાનાં સ્થળો પહેલાથી જ ખાલી કરાવી દેવામાં આવ્યા હતા, પરંતુ અમને આવા ૯ છુપાવાનાં સ્થળો મળ્યાં જેને અમારી એજન્સીઓએ સક્રિય જાહેર કર્યા. આમાંના કેટલાક ઠેકાણા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં હતા અને કેટલાક પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં હતા જનરલ ઘાઈએ કહ્યું કે પાકિસ્તાને નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું અને ગુરુદ્વારા જેવા નાગરિક વિસ્તારોને પણ તેમના દ્વારા નિશાન બનાવવામાં આવ્યા. વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ કહ્યુ કે ભારતીય વાયુસેનાએ ખૂબ સાવધાનીપૂર્વક માત્ર આતંકવાદી કેમ્પોને નિશાન બનાવ્યા અને કોઈ નાગરિકને નુકસાન પહોંચાડ્યું નહીં. અમે યોજના બનાવી હતી કે માત્ર આતંકી કેમ્પ પર સટીક પ્રહાર કરવામાં આવે અને કોઈ સામાન્ય નાગરિકને નુકસાન ન પહોંચે. ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના બહાવલપુરમાં આતંકવાદી ઠેકાણા પર સચોટ મિસાઈલ હુમલો કર્યો અને તેને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધો. આ વિસ્તારને જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય ઠેકાણું માનવામાં આવે છે, જ્યાંથી લાંબા સમયથી ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી હતી. ભારતીય વાયુસેનાના ડીજી એર ઓપરેશન્સ એર માર્શલ એકે ભારતીએ હુમલાના ડ્રોન અને સેટેલાઇટ ફૂટેજ રજૂ કર્યા, જેમાં બહાવલપુરમાં થયેલા મોટા પાયે વિનાશને સ્પષ્ટપણે જોઈ શકાય છે.

## માત્રને માત્ર આતંકીઓ અને તેના અડ્ડાઓ પર જ ભારતે આક્રમણ કર્યુ

## સંઘર્ષ વિરામમાં ત્રીજા કોઈ દેશનો હાથ નહીં : ભારત

સૌથી પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભારત અને પાકિસ્તાનમાં યુદ્ધવિરામનો દાવો કર્યો હતો. જોકે ભારત દ્વારા અપાયેલા સત્તાવાર નિવેદનમાં ક્યાંય અમેરિકાનું નામ લેવામાં આવ્યું નથી અને કહેવાયું છે કે આ યુદ્ધવિરામ કરવામાં ત્રીજા કોઈ દેશનો હાથ નથી. ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીએ યુદ્ધવિરામની જાહેરાત કરતાં કહ્યું છે, કે 'પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઓફ મિલીટરી ઓપરેશન (DGMO)એ ભારતના DGMOને બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કર્યો હતો. જે બાદ બંને દેશો જમીન, વાયુ અને સમુદ્રમાં સાંજે ૫.૦૦ વાગ્યાથી ફાયરિંગ અને સૈન્ય કાર્યવાહી બંધ કરવા તૈયાર થયા. બંને દેશોના DGMO આજે ૧૨મી તારીખે બપોરે ૧૨ વાગ્યે ફરી વાતચીત કરશે.'

## ભારતમાં આતંકી હુમલામાં સંડોવાયેલા મોટા ભાગના આતંકીઓનો સફાયો

### ભારતીય વાયુ સેનાની જાહેરાત

# ઓપરેશન 'સિંદૂર' હજી ચાલુ જ છે

## જમ્મુ-કાશ્મીર, પંજાબ અને રાજસ્થાનમાં પરિસ્થિતિ સામાન્ય બની : શહીદોના પાર્થિવદેહ તેમના વતન પહોંચ્યા

સમય મિરર | નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવમાં ભલે યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો હોય, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ વાયુસેનાએ સ્પષ્ટપણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે. તેથી, વિગતવાર માહિતી સમયસર આપવામાં આવશે.

વાયુસેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે માહિતી આપી છે. ફોર્સે કહ્યું કે અત્યાર સુધી જે પણ કામ આપવામાં આવ્યું હતું તે પૂર્ણ થઈ ગયું છે. વાયુસેનાએ કહ્યું કે અમે ભવિષ્ય માટે પણ ઘણા લક્ષ્યો નક્કી કર્યા છે. આ સાથે, અત્યાર સુધી કરવામાં આવેલા તમામ ઓપરેશનો વિચારપૂર્વક અને સફળ રહ્યા છે. આ કામગીરીની સંપૂર્ણ વિગતો ટૂંક સમયમાં શેર કરવામાં આવશે. કામગીરી હજુ ચાલુ હોવાથી, વિગતવાર માહિતી સમયસર આપવામાં આવશે.

અફવાઓ અને ભ્રામક માહિતીઓથી બચવા વાયુસેનાની અપીલ કરી છે. પીએમ મોદી સાથેની મુલાકાત બાદ વાયુસેનાનું આ નિવેદન આવ્યું છે. એવું માનવામાં આવે છે કે ભવિષ્યમાં વાયુસેના આતંકવાદીઓ સામે આવી જ કાર્યવાહી કરતી રહેશે. ભારતીય વાયુસેનાની જાહેરાત પછી પાકિસ્તાનની ઊંઘ ઉડી જશે તે નક્કી છે. આનું કારણ એ છે કે ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદીઓને ખતમ કરી દીધા હતા. આ કાર્યવાહીમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જ્યારે ૯ સ્થળોનો નાશ કરવામાં આવ્યો હતો.

રવિવારે સવારે સરહદે આવેલા રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ સામાન્ય દેખાઈ. બજારો ખુલી રહ્યા છે, પ્રવૃત્તિઓ સામાન્ય થઈ રહી છે. પઠાણકોટના જે વિસ્તારોમાં પાકિસ્તાને મિસાઇલો છોડી હતી, તે વિસ્તારોના ખેડૂતોને પોલીસ તરફથી કોઈ આદેશ મળ્યો નથી. પઠાણકોટ અને હિમાચલની સરહદ પર આવેલા માજરા ગામના સરપંચ પવન કુમારે કહ્યું છે કે તેમના ગામના વિસ્તારમાં એક મિસાઇલ પડી હતી. ખેડૂતો ત્યાં ખેતી કરતા હતા. જોકે, મિસાઇલ



પડ્યા પછી પોલીસ તરફથી કોઈ આદેશ આવ્યો નથી, તેથી ખેડૂતો નિયમિત ખેતી કરી રહ્યા છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત બાદ પંજાબને અડીને આવેલી પાકિસ્તાન સરહદ પર પરિસ્થિતિ સામાન્ય થવા લાગી છે. અમૃતસર, ફિરોઝપુર, ફાઝિલ્કા, તરનતારન, પઠાણકોટ અને ગુરદાસપુરમાં લોકોએ સરહદને અડીને આવેલા ગામડાઓ ખાલી કરાવ્યા હતા. જોકે, હવે તેઓ ઘરે પાછા ફરવાનું શરૂ કરી દીધું છે. પઠાણકોટ અને જમ્મુ બોર્ડર પર પણ બજારો ખુલી ગયા છે.

તે જ સમયે, ફિરોઝપુરમાં ૮ ટ્રેનો સામાન્ય રીતે ચલાવવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. આમાંથી કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કેટલીક ટ્રેનો રોકવામાં આવી હતી.

યુદ્ધવિરામ પછી શનિવારે રાત્રે પઠાણકોટમાં અને સવારે અમૃતસરમાં વિસ્ફોટોના અવાજો સંભળાયા. જોકે, વહીવટીતંત્રે આ વિસ્ફોટો શેનાથી થયા હતા તેની પુષ્ટિ કરી નથી. રાત્રે સરહદી જિલ્લાઓમાં ચોક્કસપણે અંધારપટ હતો. હાલમાં ક્યાંયથી પાકિસ્તાની હુમલાની કોઈ માહિતી નથી. યુદ્ધવિરામ પહેલા પાકિસ્તાને ૩ દિવસમાં પંજાબના ૧૨ જિલ્લાઓ પર હુમલો કર્યો હતો. આ સમયગાળા દરમિયાન, લશ્કરી થાણાઓ અને રહેણાંક વિસ્તારોને ડ્રોન, રોકેટ અને મિસાઇલોથી નિશાન બનાવવામાં આવ્યા હતા, પરંતુ સેનાની એર ડિફેન્સ સિસ્ટમે દરેક હુમલાને નિષ્ફળ બનાવ્યો.

# બ્રહ્મોસ મિસાઈલ હવે મેક ઈન ઈન્ડિયા : રાજનાથસિંઘ

સમય મિરર | નવી દિલ્હી

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આજે રવિવારે ઉત્તર પ્રદેશના લખનઉમાં બ્રહ્મોસ એરોસ્પેસ ઇન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું વર્ચ્યુઅલ રીતે હાજર રહીને ઉદઘાટન કર્યું હતું. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક સહિત ઘણા નેતાઓ આ ઉદઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે તમે જાણો છો કે હું કેમ ન આવી શક્યો. રાજનાથ સિંહે કહ્યું આપણે જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ તે જોતાં, મારા માટે દિલ્હીમાં રહેવું મહત્વપૂર્ણ હતું. તેથી, હું તમારી સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાઈ રહ્યો છું. બ્રહ્મોસ માત્ર એક મિસાઇલ નથી, પરંતુ તે ભારતની લશ્કરી ક્ષમતા, આત્મનિર્ભરતાનું પ્રતીક છે અને આપણા દુશ્મનોને સ્પષ્ટ સંદેશ આપે છે કે આપણે દરેક મોરચે તૈયાર છીએ.

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનો જેમણે ભારત માનાં કપાળ પર હુમલો કરીને ઘણા પરિવારોના સિંદૂર લૂછી નાખ્યા હતા, તેમને ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા પાઠ ભણાવ્યો છે. આ માટે, આજે આખો દેશ ભારતીય સશસ્ત્ર દળોને અભિનંદન આપી રહ્યો છે.

તેમણે કહ્યું કે ભારતીય સેનાએ હિંમત, બહાદુરી તેમજ સંયમનું દર્શાવીને અનેક પાકિસ્તાની લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરીને યોગ્ય જવાબ આપ્યો છે. અમે ફક્ત સરહદ નજીક આવેલા લશ્કરી મથકો સામે કાર્યવાહી કરી નહીં, પરંતુ રાવલપિંડી સુધી જ્યાં પાકિસ્તાની સૈન્યનું મુખ્ય મથક આવેલું છે ત્યાં ભારતીય સૈન્યનો ગર્જના અનુભવાઈ રહી છે.

ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ખાતે બ્રહ્મોસ એરોસ્પેસ ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ₹૩૦૦ કરોડની આ ફેસિલિટી ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનો મુખ્ય ભાગ છે અને આત્મનિર્ભર ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ માટે ભારતનો મક્કમ ઈરાદો દર્શાવે છે.

# સીઝફાયરનો ભંગ થશે તો હવે પાકિસ્તાનને ઘરમાં ઘૂસીને મારીશું : વડાપ્રધાન મોદી

## ત્રણેય પાંખના વડા સાથે બેઠક બાદ વડાપ્રધાને સેના પ્રમુખોને કડક કાર્યવાહીની ખુલ્લી છૂટ આપી

સમય મિરર | નવી દિલ્હી

ભારત પાકિસ્તાન શનિવારે યુદ્ધવિરામ માટે સહમત થયા હતા. પરંતુ ચાર કલાકમાં જ પાકિસ્તાને પોત પ્રકાશતાં યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. રવિવારે દિલ્હીમાં વડા પ્રધાન નિવાસ સ્થાને ઉચ્ચ સ્તરીય મીટિંગ મળી હતી. જેમાં રક્ષા પ્રધાન રાજનાથ સિંહ, એનએસએ અજીત ડોભાલ, સીડીએસ અને ત્રણેય સેનાના પ્રમુખ હાજર રહ્યા હતા. આશરે બે કલાક ચાલેલી આ મીટિંગમાં તમામે પીએમ મોદીને વર્તમાન સ્થિતિથી વાકેફ કર્યા હતા.

જોકે પાકિસ્તાને નિયમોનો ભંગ કરી ડ્રોન હુમલો અને ગોળીબારી કરી યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. હવે ભારતીય વાયુસેનાએ મોટું નિવેદન આપ્યું છે. ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પોસ્ટ કરીને જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી. અમે આ વિશેની વિગતો આપીશું. આ સાથે તેમણે કોઈપણ ખોટા અહેવાલો કે અફવાઓને ન માનવાની પણ અપીલ કરી હતી.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે જ બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરાવી છે. પરંતુ ભારતે આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો. ભારતે સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાને ફોન કરીને ભારત પાસે યુદ્ધવિરામની વિનંતી કરી હતી. હવે સમાચાર એજન્સી એએનઆઈએ ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટને ટાંકીને દાવો કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સ વચ્ચે વાતચીત થઈ હતી, જેમાં પીએમ મોદીએ વેન્સને સ્પષ્ટ શબ્દોમાં ભારતનું સ્ટેન્ડ સમજાવી દીધું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાને સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું હતું કે જો પાકિસ્તાને ફરીથી કોઈ પણ પ્રકારની હરકત કરી તો ભારત ઘરમાં ઘૂસીને મારશે એટલે કે જડબાતોડ જવાબ આપશે. ભારતે પોતાની વાત સ્પષ્ટ રીતે અમેરિકા સમક્ષ મૂકી દીધી છે. એસ જયશંકરે પણ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ સાથે વાતચીત કરી હતી. આ વાતચીત થયા બાદ તેઓએ વડાપ્રધાન મોદીને આ મીટીંગ અંગે માહિતી આપી હતી. ત્યાર બાદ પી.એમ મોદીએ સેનાની ત્રણેય પાંખને ખુલ્લી છૂટ આપીને કહ્યું હતું કે, પાકિસ્તાન તરફથી જો હવે સીઝ ફાયરનું ઉલંઘન કરવામાં આવે તો સેના પોતાની રીતે જ કડકમાં કડક કાર્યવાહી કરી શકે છે.

# પુલવામા હુમલાનું પાપ કબૂલ હૈ.. કબૂલ હૈ.. કબૂલ હૈ..! પાકિસ્તાને સંડોવણી સ્વીકારી

સમય મિરર | નવી દિલ્હી

પાકિસ્તાને વર્ષ ૨૦૧૯માં થયેલા પુલવામા હુમલામાં પોતાની સંડોવણીનો ઈનકાર કર્યો હતો, પરંતુ હવે તેના ઉચ્ચ વાયુસેના અધિકારીએ પોતે આ વાત સ્વીકારી છે. પાકિસ્તાન વાયુસેનાના એર વાઈસ માર્શલ અને ડાયરેક્ટર પબ્લિક રિલેશન્સ (ડીજીપીઆર) ઔરંગઝેબ અહેમદે એક પ્રેસ કોન્ફરન્સમાં પુલવામા હુમલાને 'ટેક્ટિકલ બ્રિલિયંસ' એટલે કે સૈન્ય ચાલાકીની મિશાલ ગણાવી.આ નિવેદન માત્ર પુલવામામાં જ નહીં પરંતુ તાજેતરના પહલગામ હુમલામાં પણ પાકિસ્તાનની ભૂમિકા પર શંકાઓને વધુ ઘેરી બનાવી રહ્યું છે. ઔરંગઝેબ અહેમદના આ નિવેદનથી પાકિસ્તાનની વર્ષો જૂની વાર્તાને ફગાવી દેવામાં આવી છે, જેમાં તેમણે વારંવાર કહ્યું છે કે તેમનો પુલવામા કે કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિ સાથે કોઈ સંબંધ નથી. પુલવામા આતંકવાદી હુમલા અંગે એક પ્રેસ કોન્ફરન્સમાં એર વાઇસ માર્શલ ઔરંગઝેબ અહેમદે જણાવ્યું હતું કે અમે અમારી ટેક્ટિકલ બ્રિલિયંસ દ્વારા તેમને (ભારતને) આ કહેવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન ઔરંગઝેબ અહેમદ સાથે પાકિસ્તાન સેનાના ડીજી આઈએસપીઆર લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી અને નૌકાદળના પ્રવક્તા પણ હાજર હતા. પ્રેસ કોન્ફરન્સમાં આપેલું આ નિવેદન માત્ર પાકિસ્તાનની છબી પર મોટો કલંક નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ પાકિસ્તાનની આતંકવાદને ટેકો આપવાની નીતિને પણ ઉજાગર કરે છે.

## પાક. વાયુસેનાના ઉચ્ચ અધિકારીએ પ્રેસ કોન્ફરન્સમાં હુમલાની જવાબદારી કબૂલી

ગત ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જેમાં સેના, વાયુસેના અને નૌકાદળના ત્રણ સેવા આપતા અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ પછી ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ આતંકવાદી લોન્ચપેડ પર એર સ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાન સરકારે હંમેશની જેમ આ અંગે નકારાત્મક વલણ અપનાવ્યું અને પુરાવા માંગ્યા. પરંતુ હવે પાકિસ્તાન વાયુસેનાના એક વરિષ્ઠ અધિકારીના આ કબૂલાતથી માત્ર પુલવામામાં જ નહીં પરંતુ પહલગામ હુમલામાં પણ તેની ભૂમિકા પર સવાલો ઉભા થયા છે.

Air Vice Marshal ઔરંગઝેબ અહેમદ સાથે હાજર રહેલા DG ISPR લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી કોઈ સામાન્ય વ્યક્તિ નથી. તે પરમાણુ વૈજ્ઞાનિક સુલતાન બશીરૂદ્દીન મહમૂદનો પુત્ર છે, જે ઓસામા બિન લાદેનને મળ્યો હતો અને અલ-કાયદાને પરમાણુ ટેકનોલોજી પૂરી પાડવાના પ્રયાસોમાં સામેલ હોવાનું જાણવા મળે છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અલ-કાયદા પ્રતિબંધ સમિતિ દ્વારા તેમને ચિહ્નિત કરવામાં આવ્યા છે.

૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પુલવામામાં થયેલા આત્મઘાતી હુમલામાં ૪૦ CRPF જવાનો શહીદ થયા હતા. આ હુમલાની જવાબદારી જૈશ-એ-મોહમ્મદ (JeM) એ લીધી હતી. ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન પર આરોપ લગાવ્યો હતો અને ઘણી વખત નક્કર પુરાવા પણ આપ્યા હતા. પાકિસ્તાન હંમેશા તેનો ઈનકાર કરતું રહ્યું છે, પરંતુ હવે તેના પોતાના લશ્કરી અધિકારીએ સ્વીકાર્યું છે કે પુલવામા હુમલા પાછળ તેની સેના મુખ્ય સૂત્રધાર હતી. આ હુમલા પછી ૨૬ ફેબ્રુઆરીના રોજ ભારતે 'ઓપરેશન બાલાકોટ' હેઠળ પાકિસ્તાનના બાલાકોટમાં સ્થિત જૈશના સૌથી મોટા આતંકવાદી તાલીમ શિબિર પર હવાઈ હુમલો કર્યો. તેમાં ૧૨ મિરાજ ફાઈટર જેટનો સમાવેશ થતો હતો. બાલાકોટ એરસ્ટ્રાઈક પછી પાકિસ્તાને ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર બદલો લેવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ભારતીય વાયુસેનાના પાયલોટ વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને પાકિસ્તાન દ્વારા પકડી લેવામાં આવ્યા હતા. જોકે, આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ પાકિસ્તાને થોડા દિવસોમાં અભિનંદનને મુક્ત કરી દીધો.

ઔરંગઝેબ અહેમદે કહ્યું કે જો પાકિસ્તાનનું હવાઈ ક્ષેત્ર, જમીન, પાણી અથવા તેના લોકો જોખમમાં હોય તો કોઈ કરાર થઈ શકે નહીં. આને અવગણી શકાય નહીં. પાકિસ્તાની લોકો ગર્વ અનુભવે છે અને તેમના સશસ્ત્ર દળો પર વિશ્વાસ રાખે છે, જેને અમે હંમેશા કોઈપણ કિંમતે જાળવી રાખીએ છીએ. અમે પુલવામામાં અમારી વ્યૂહાત્મક પ્રતિભા દ્વારા આ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# ભારત-પાકિસ્તાનનું યુદ્ધ મોટા વિનાશનું કારણ બન્યું હોત : સીઝફાયર બાદ ટ્રમ્પનું નિવેદન

**નવી દિલ્હી :**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સીઝફાયરને લઈને બંને દેશોની 'સાહસિક અને નિર્ણાયક' ભૂમિકાના વખાણ કર્યા છે. સોશિયલ મડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટમાં ટ્રમ્પે આ પગલાંને ઐતિહાસિક ગણાવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે, 'આ યુદ્ધ મોટા વિનાશનું કારણ બની શકતું હતું અને લાખો નિર્દોષ લોકોના મોત થઈ શકતાં હતાં. મને ભારત અને પાકિસ્તાનના મજબૂત નેતૃત્વ પર ગર્વ છે. તેમણે સમયસર સમજી લીધું કે, સંઘર્ષ રોકવો જરૂરી હતો, જેનાથી લાખો નિર્દોષ લોકોનો જીવ બચાવી શકાય. આ નિર્ણય ન ફક્ત બહાદુરીભર્યો હતો પરંતુ, બંને દેશોના વારસાને વધુ ગૌરવશાળી બનાવનારો છે.' ટ્રમ્પે પોતાની પોસ્ટમાં કહ્યું કે, 'જો ભારત અને પાકિસ્તાન ઈચ્છે તો અમે સાથે મળીને કાશ્મીર મુદ્દે લાંબાગાળાનું સમાધાન શોધવાનો પ્રયાસ કરીશું. કદાચ ૧૦૦૦ વર્ષ બાદ હવે સમય આવી ગયો છે કે, આપણે આ ઐતિહાસિક વિવાદનું સમાધાન શોધીએ.' જોકે, ટ્રમ્પ એ ભૂલી ગયા છે કે, કાશ્મીરને લઈને ભારતની સ્પષ્ટ નીતિ છે કે, આ ભારતનો આંતરિક મામલો છે. આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પે એવી પણ જાહેરાત કરી કે, અમેરિકા હવે ભારત અને પાકિસ્તાન બંને સાથે વ્યાપારિક સંબંધોને મહત્ત્વપૂર્ણ રૂપે આગળ વધારશે. જો કે, આ વિશે કોઈ ઔપચારિક ચર્ચા નથી થઈ પરંતુ, એ સ્પષ્ટ કરૂ છું કે, અમેરિકા બંને દેશો સાથે વ્યાપાર વધારવા જઈ રહ્યું છે.

# જેસલમેરથી પાકિસ્તાન મોબાઈલ કોલ કરનારા ૧૨ શંકાસ્પદોની ધરપકડ

**નવી દિલ્હી :** ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ વચ્ચે, રવિવારે સવારે જેસલમેરના સદર વિસ્તારના પોહરા ગામમાં જૂના હેન્ડ ગ્રેનેડ અને કેટલાક કાટ લાગેલા કારતૂસ મળી આવ્યા હતા. બાડમેરમાં વહેલી સવારે વિસ્ફોટ સાથે આકાશમાંથી એક શંકાસ્પદ વસ્તુ પડી, જેને સેનાએ કબજે કરી લીધી છે. શનિવારે સવારે જેસલમેરના એક ખેતરમાં મળી આવેલી મિસાઈલને રવિવારે ભારતીય સેનાએ નિષ્ક્રિય કરી દીધી હતી. આ દરમિયાન એક મોટો વિસ્ફોટ થયો. જેસલમેરના એસપી સુધીર ચૌધરીએ જણાવ્યું કે ભારત-પાકિસ્તાન સરહદ પરથી ૪ શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સરહદ પારથી પાકિસ્તાનમાં ફોન કરનારાઓ અમારા રડાર પર છે. આવા જ કેસમાં સંડોવાયેલા ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને, રેલવેએ રાજસ્થાનને લગતી ૧૬ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવાની અને ૧૧ ટ્રેનોને આંશિક રીતે રદ કરવાની જાહેરાત કરી હતી. હવે આ ટ્રેનો પુનઃસ્થાપિત કરવામાં આવી છે. જેસલમેર, બાડમેર, શ્રીગંગાનગર, બિકાનેર અને જોધપુર જેવા સરહદી જિલ્લાઓમાં, રવિવારે બજારો ખુલ્યા અને સામાન્ય દિવસોની જેમ ધમધમતા રહ્યા. આજથી જોધપુરમાં કોઈ બ્લેકઆઉટ નહીં થાય.

# પાકિસ્તાનીઓએ બ્રહ્મોસ મિસાઈલની તાકાત જોઈ લીધી: યોગી આદિત્યનાથ



**લખનૌ :** રક્ષામંત્રી રાજનાથ સિંહે લખનઉમાં બ્રહ્મોસ મિસાઈલ યુનિટનું વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું. આ દરમિયાન તેમણે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું- ભારતીય સેનાએ પોતાની બહાદુરી બતાવી દીધી છે. આતંકવાદ માટે હવે સરહદ પારની જમીન પણ સુરક્ષિત રહેશે નહીં. અમે ફક્ત સરહદ નજીકના લશ્કરી ઠેકાણાઓ સામે કાર્યવાહી કરી નહીં, પરંતુ ભારતીય સેનાના ધડાકા રાવલપિંડી સુધી સંભળાયા છે, જ્યાં પાકિસ્તાની સેનાનું હેડક્વાર્ટર આવેલું છે. રક્ષા મંત્રીએ કહ્યું- અમે ક્યારેય તેમના નાગરિકોને નિશાન બનાવ્યા નથી, પરંતુ જ્યારે પાકિસ્તાને ભારતના નાગરિક વિસ્તારો, મંદિરો, ગુરુદ્વારા અને ચર્ચો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. ત્યારે ભારતીય સેનાએ હિંમત અને સંયમ સાથે જવાબ આપ્યો. પાકિસ્તાનના ઘણા લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરીને કરારો જવાબ આપ્યો છે. આ પહેલા સીએમ યોગીએ કહ્યું હતું કે- તમે ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ મિસાઈલની તાકાતની ઝલક જોઈ હશે અને જો તમે તે ન જોઈ હોય, તો પાકિસ્તાનના લોકોને બ્રહ્મોસ મિસાઈલની તાકાત વિશે પૂછો. આતંકવાદ કૂતરાની પૂંછડી છે, જે ક્યારેય સીધી નહીં થાય. તે પ્રેમની ભાષા માનશે નહીં. લખનઉમાં ભારતની સૌથી અદ્યતન સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસનું ઉત્પાદન આ યુનિટમાં કરવામાં આવશે. આ રક્ષા મંત્રીનો પણ ડ્રીમ પ્રોજેક્ટ છે. સીએમ યોગીએ કહ્યું- તમે ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ મિસાઈલની શક્તિની એક ઝલક જોઈ હશે અને જો નહીં જોઈ, તો પાકિસ્તાનના લોકોને બ્રહ્મોસ મિસાઈલની તાકાત વિશે પૂછો. તે પ્રેમની ભાષા માનશે નહીં. આ યુનિટ ડિફેન્સ કોરિડોરના ભટગાંવમાં ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેની સ્થાપના બ્રહ્મોસ એરોસ્પેસ દ્વારા કરવામાં આવી છે. આનાથી ૩૦૦૦ લોકોને રોજગાર મળશે. બ્રહ્મોસ ભારતીય વાયુસેના અને નૌકાદળના કાફલામાં સમાવિષ્ટ પસંદગીના સુપરસોનિક ક્રુઝ મિસાઈલોમાંનો એક છે.યોગી સરકારે ડિસેમ્બર ૨૦૨૧માં બ્રહ્મોસ પ્રોજેક્ટ માટે લખનઉમાં ૮૦ હેક્ટર જમીન ફાળવી હતી. આ પ્રોજેક્ટ માત્ર ૩.૫ વર્ષમાં પૂર્ણ થયો છે.

# સલાલ-બગલિહાર ડેમના દરવાજા ખોલાતાં ચિનાબમાં પાણીનો પ્રવાહ ફરી વધતા પાકિસ્તાનમાં પૂરની આશંકા

**નવી દિલ્હી :** પહલગામ આતંકી હુમલા બાદ ઈન્ડસ વોટર ટ્રીટી (આઈડબલ્યુટી) સ્થગિત કરીને ગયા અઠવાડિયે ડેમના દ્વાર બંધ કરી દીધા હતા, જેનાથી પાકિસ્તાનમાં ચિનાબ નદીનું પાણી નોંધપાત્ર રીતે ઘટી ગયું હતુંઃ શનિ રવિવારે દ્વાર ખોલવામાં આવ્યા બાદ પાણીનો પ્રવાહ પુનઃસ્થાપિત થયોઃ આ નિર્ણય સીઝફાયર કરારનો ભાગ છે કે નહીં, તે અંગે સત્તાવાર પુષ્ટિ બાકી જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં આવેલા સલાલ ડેમ અને રંબન જિલ્લામાં આવેલા બગલિહાર ડેમના દ્વાર ખોલવામાં આવતાં ચિનાબ નદીમાં ૧૧ મે, ૨૦૨૫ની સવારથી પાણીનો પ્રવાહ ફરી શરૂ થયો છે. ન્યૂઝ એજન્સીઓના અહેવાલ મુજબ, ભારે વરસાદને કારણે ડેમમાં પાણીનું સ્તર વધવાથી આ નિર્ણય લેવાયો હતો. ભારતે એપ્રિલ ૨૨ના પહલગામ આતંકી હુમલા બાદ ઈન્ડસ વોટર ટ્રીટી (આઈડબલ્યુટી) સ્થગિત કરીને ગયા અઠવાડિયે ડેમના દ્વાર બંધ કરી દીધા હતા, જેનાથી પાકિસ્તાનમાં ચિનાબ નદીનું પાણી નોંધપાત્ર રીતે ઘટી ગયું હતું. શનિવાર અને રવિવારે દ્વાર ખોલવામાં આવ્યા બાદ પાણીનો પ્રવાહ પુનઃસ્થાપિત થયો છે, પરંતુ આ નિર્ણય સીઝફાયર કરારનો ભાગ છે કે નહીં, તે અંગે સત્તાવાર પુષ્ટિ બાકી છે. ઈન્ડસ વોટર ટ્રીટી હેઠળ ચિનાબ, જેલમ અને સિંધુ નદીઓના પાણીનો અધિકાર મુખ્યત્વે પાકિસ્તાનને આપવામાં આવ્યો છે, જ્યારે ભારતને આ નદીઓ પર રન-ઓફ-ધ-રિવર પ્રોજેક્ટ્સ બનાવવાની છૂટ છે. અંગ્રેજી અખબારોના અહેવાલ મુજબ, શનિવારે બગલિહાર ડેમના બે દ્વાર સવારે ૮:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી ખોલવામાં આવ્યા હતા, જ્યારે સલાલ ડેમના ત્રણ દ્વાર રવિવારે ખોલાયા હતા. આનાથી ચિનાબ નદીનું સ્તર વધ્યું, પરંતુ પાકિસ્તાનમાં પૂરની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. કેટલીક ચર્ચાઓમાં કેટલાક યૂઝર્સે આને ભારતનું વ્યૂહાત્મક પગલું ગણાવાયુ, જ્યારે અન્યોએ ડેમની સલામતી માટે ટેકનિકલ નિર્ણય ગણાવ્યો. ભારતીય અધિકારીઓએ જણાવ્યું કે દ્વાર ખોલવાનો નિર્ણય ભારે વરસાદને કારણે ડેમમાં વધેલા પાણીના દબાણને નિયંત્રિત કરવા લેવાયો હતો. આ પગલું ભારત-પાકિસ્તાન વચ્ચેના તાજેતરના તણાવ અને સીઝફાયર કરારના સંદર્ભમાં મહત્વનું છે, પરંતુ તે કરારનો સીધો ભાગ નથી. પાકિસ્તાને આગળ જતાં ચિનાબના પાણીના પ્રવાહ પર નજર રાખવાની જરૂર પડશે, કારણ કે ભારતના આ પ્રોજેક્ટ્સ તેમની કૃષિ અને જળસંચય પ્રણાલીને અસર કરી શકે છે. વધુ વિગતો માટે સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.

# પાકિસ્તાનના પાંચ એરબેઝના કચ્ચરઘાણનો બોલતો તસ્વીરી પુરાવો




પાકિસ્તાન સામે ત્રણ દિવસ થયેલી ભારતીય લશ્કરી કાર્યવાહી બાદ ભારતીય કંપની કાવા સ્પેસ દ્વારા સેટેલાઈઝ ઈમેજની તસ્વીરો સેવા તરફથી શેર કરવામાં આવી છે. આ સાથે સેનાએ સાંજે ૭ વાગ્યે યોજાયેલી લાંબી પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતુ કે, અમને અપાયેલો ટાર્ગેટ અમે હાંસિલ કરી લીધો છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના ૫ મુખ્ય એરબેઝનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો. જે સેટેલાઈટ ઈમેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે. આ તમામ એરબેઝનો ઉપયોગ પાકિસ્તાન તેની સૈન્ય કાર્યવાહી અને સેનાના યુદ્ધ અભ્યાસ માટે ઉપયોગ કરતું હતું આ એરબેઝ પાકિસ્તાને વિદેશની આર્થિક સહાય અને ટેક્નોલોજીની મદદથી નિર્માણ કર્યા હતા આ તમામ એરબેઝને થયેલું નુકશાન પાકિસ્તાન ખુબ લાંબા સમય સુધી સુધારી નહીં શકે. ૧૦ મેના દિવસે પીએએફ બેઝ ભોલારી ખાતે ભારતની ALCM (સંભવીત બ્રહ્માસ) મિસાઈલનો ચોકસાઈથી પ્રહાર કરવામાં આવ્યો હતો. જાહેર કરાયેલી તસ્વીરમાં ભોલારી એરબેઝને થયેલું નુકશાન દેખાઈ આવે છે ભારતીય સેનાના હુમલામાં હેંગર (વિમાન પાર્કિંગ વિસ્તાર)ને ભારે નુકશાન થયું છે. આ ઉપરાંત અન્ય માળખાકિય નુકશાન પણ થયું છે. બીજી તસ્વીર કાવાસ્પેસ એરબેઝના રન-વેની છે જ્યારે ત્રીજી તસ્વીર સરગોધા એરબેઝના મુખ્ય એપ્રોન પરનું હોંગરને થયેલું નુકશાન દર્શાવી જાય છે. આ ઉપરાંત એટીસી બિલ્ડીંગને પણ નજીવુ નુકશાન થયું છે. ચોથી તસ્વીર જેકોબાબાદ એરબેઝની છે જ્યારેપાંચમી તસ્વીર નુરખાન એરબેઝ પર થયેલું નુકશાન દર્શાવે છે. આ તમામ એરબેઝ પાકિસ્તાન માટે હાલ પ્લેન તો શું પણ વાહનો પાર્ક કરવાના કામમાં પણ આવે તેવા રહ્યા નથી.

# બ્રહ્મોસ મિસાઈલે પાકિસ્તાનના ૧૧ એરબેઝનો કડુસલો બોલાવ્યો

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની શનિવારે જાહેરાત થઈ હતી. ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પહલગામ હુમલાનો બદલો લીધો હતો. જેનાથી રઘવાયા થયેલા પાકિસ્તાને ભારતના વિવિધ શહેરોને નિશાન બનાવવાની કોશિશ કરી હતી. જોકે ભારતીય સેનાએ પાકિસ્તાનની તમામ કોશિશ નિષ્ફળ બનાવી હતી. પાકિસ્તાનના ડ્રોન અને મિસાઈલ હવામાં તોડી પાડવામાં બ્રહ્મોસ મિસાઈલે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ મિસાઈલે પાકિસ્તાનના ૧૧ એરબેઝને તબાહ કર્યા હતા. જેમાં નુરખાન એરબેઝ, પીઓકેમાં સ્કાર્દુ એરબેઝ, રફીકી એરબેઝ, મુરિદ એરબેઝ, સુક્કુર એરબેઝ, સિયાલકોટ એરબેઝ, ચુનલિયન એરબેઝ, શાહબાઝ એરબેઝ, સરગોધા એરબેઝ, પસરુર એરબેઝ અને ભોલારી એરબેઝનો સમાવેશ થાય છે. ભારતની આ મિસાઈલ તેની ક્ષમતાઓ માટે જાણીતી છે. તે ભારત અને રશિયા દ્વારા સંયુક્ત રીતે વિકસિત કરવામાં આવી છે. આ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ છે, જેની રેન્જ વધારે છે. બ્રહ્મોસ મિસાઈલ તેની ઝડપ, ચોકસાઈ અને મલ્ટી-પ્લેટફોર્મ લોન્ચ ક્ષમતાઓને કારણે ભારતની સંરક્ષણ પ્રણાલીનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. બ્રહ્મસોસ મિસાઈલ જમીન, સમુદ્ર (જહાજો અને સબમરીન) પરથી લોન્ચ કરી શકાય છે. ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો, જેમાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આના ૧૫ દિવસ પછી, ભારતે ૭-૮ મે ની રાત્રે પાકિસ્તાન પર હવાઈ હુમલો કર્યો. ભારતે પાકિસ્તાન અને પીઓકેમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, જેમાં લગભગ ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ભારતે આ હવાઈ હુમલાને પહલગામ આતંકવાદી હુમલા પછીની કાર્યવાહી ગણાવી હતી.




ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ આ કાર્યવાહી કરી હતી, પરંતુ પાકિસ્તાને તેને દેશ પર હુમલો ગણાવ્યો અને સરહદ પર ગોળીબાર શરૂ કર્યો હતો. પાકિસ્તાને સતત ચાર દિવસ સુધી ડ્રોન અને મિસાઈલોથી ભારત પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ નિષ્ફળ ગયો હતો. શનિવારે બંને દેશો યુદ્ધવિરામ માટે સહમત થયા હતા, પરંતુ ચાર કલાકમાં જ પાકિસ્તાને તેનો ભંગ કર્યો હતો.

# PM મોદીની યુદ્ધનીતિ પર કોંગી નેતા પી. ચિદમ્બરમ ઓળઘોળ

## ભારતે પાકિસ્તાનને આપેલો જવાબ બુદ્ધિમાન અને સંતુલિત ગણાવ્યો

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની શનિવારે સાંજે જાહેરાત કરવામાં આવી હતી. આ પછી ગુજરાત સહિત પાકિસ્તાનની બોર્ડર ધરાવતાં રાજ્યોમાં હાલ શાંતિનો માહોલ છે. સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને આતંકવાદ સામે ભારત કડક કાર્યવાહી કરશે તેવો સંદેશ આપ્યો હતો.

પાકિસ્તાન સાથે થયેલા યુદ્ધવિરામ વચ્ચે હવે પીએમ મોદીની નીતિઓની ખૂબ પ્રશંસા થઈ રહી છે. કોંગ્રેસના નેતા અને દેશના પૂર્વ નાણા પ્રધાન પી ચિદમ્બરમે પણ પીએમ મોદીની યુદ્ધ નીતિની પ્રશંસા કરી છે. પોતાના કોલમમાં તેમણે પીએમ મોદીની નેતૃત્વ ક્ષમતાને ખૂબ વખાણી છે. તેમણે પીએમ મોદીના નેતૃત્વમાં ભારત દ્વારા પાકિસ્તાનને આપવામાં આવેલા જવાબને બુદ્ધિમાન અને સંતુલિત ગણાવ્યો છે. તેમણે પોતાના કોલમમાં લખ્યું છે કે ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા પ્રવાસીઓ પરના આતંકવાદી હુમલા બાદ દેશમાં આક્રોશ હતો. દરેક વ્યક્તિ આ આતંકવાદી ઘટના બાદ બદલો લેવાની માંગ કરી રહ્યા હતા. આવા માહોલમાં સરકારે સૈન્ય કાર્યવાહીનો રસ્તો પસંદ કરીને એક મોટું યુદ્ધ ટાળી દીધું છે. તેમણે આગળ કહ્યું કે ભારતે જે કાર્યવાહી કરી તે અત્યંત મર્યાદિત અને સુનિયોજિત હતી. જેનો ઉદ્દેશ્ય આતંકવાદી સંગઠનોના માળખાને નષ્ટ કરવાનો હતો. ચિદમ્બરમે પોતાના કોલમમાં આ કાર્યવાહીને વડાપ્રધાન મોદીનું સમજદારીભર્યું પગલું ગણાવ્યું છે.

ચિદમ્બરમે પોતાના આર્ટિકલમાં ભારતીય સેના દ્વારા ૭ મેના રોજ કરવામાં આવેલી એરસ્ટ્રાઈકની પણ પ્રશંસા કરી છે. તેમણે લખ્યું કે ભારતીય સેનાની કાર્યવાહી કાયદેસર અને લક્ષ્ય કેન્દ્રિત હતી. ભારતીય સેનાએ પોતાની એરસ્ટ્રાઈક દરમિયાન સૈન્ય અને રહેણાંક વિસ્તારોને નિશાન બનાવ્યા નહોતા. ભારતીય સેનાના આ પગલાં બાદ લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ જેવા આતંકવાદી જૂથો સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયા છે તેમ માની લેવું થોડું ઉતાવળભર્યું હશે.

ચિદમ્બરમે મોદી સરકારની પારદર્શિતાની પ્રશંસા કરતાં કહ્યં, મીડિયા બ્રીફિંગમાં મહિલા સૈન્ય અધિકારીઓને સામે લાવવું એક સ્માર્ટ પગલું હતું. જોકે તેણે વડા પ્રધાન પર પણ સવાલ ઉઠાવ્યા અને લખ્યું, તેઓ ન તો પીડિત પરિવારને મળ્યા કે ન તો સર્વપક્ષીય મીટિંગમાં સામેલ થયા હતા. આ ઉપરાંત પાકિસ્તાનની સ્થિતિ પર તેમણે લખ્યું, ત્યાં નિર્ણય લેવાનો અધિકાર ચૂંટાયેલી સરકાર, સેના કે આઈએસઈ પૈકી કોની પાસે છે? પાકિસ્તાન યુદ્ધ ઈચ્છે છે અશાંતિ તેનો નિર્ણય ખુદ કરવાનો છે. આગામી દિવસો પડકારભર્યા હશે. સરહદ પર તણાવ, ક્યારેક ક્યારેક ગોળીબાર અને અસ્થિરતાના માહોલ રહી શકે છે.

# અધુરી છોડાયેલી IPLની સિઝન ૧૬મેથી શરૂ થવાની શક્યતા

## બાકી રહેલી ૧૬ મેચ પૈકી ૧૨ લીગ સ્ટેજની અને ૪ પ્લેઓફ સ્ટેજની

**સમય મિરર | નવી દિલ્હી**

IPL ૨૦૨૫ની બાકીની મેચ ૧૬ મેથી શરૂ થઈ શકે છે. તેમજ ફાઈનલ મેચ ૩૦ મેના રોજ રમાઈ શકે છે. BCCIના સૂત્રોએ આ માહિતી આપી છે. પાકિસ્તાન સાથેના તણાવને કારણે ૯ મેના રોજ IPL ૨૦૨૫ સ્થગિત કરવી પડી હતી. ત્યારે BCCIએ કહ્યું હતું કે દેશ હાલમાં યુદ્ધની સ્થિતિમાં છે અને આવી સ્થિતિમાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવું યોગ્ય નથી.

IPL ૨૦૨૫ હેઠળ ૭૪ મેચ રમવાની હતી. ૮ મે સુધીમાં ૫૮ મેચ રમાઈ ચૂકી હતી. એટલે કે હવે ૧૬ મેચ બાકી છે. આમાંથી ૧૨ મેચ લીગ સ્ટેજની છે અને ૪ મેચ પ્લેઑફ સ્ટેજની છે. BCCI મે મહિનામાં જ લીગ પૂરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અગાઉના કાર્યક્રમ મુજબ, ફાઈનલ ૨૫ મેના રોજ યોજાવાની હતી. ડબલ હેડર મેચ ૧૧ અને ૧૮ મેના રોજ યોજાવાની હતી. એટલે કે એક દિવસમાં બે મેચ. હવે મે મહિનામાં લીગ પૂર્ણ કરવા માટે, બોર્ડને ડબલ હેડરની સંખ્યા વધારવી પડી શકે છે. મુંબઈ, કોલકાતા, રાજસ્થાન અને ચેન્નઈમાં બે-બે લીગ મેચ બાકી છે. બાકીની ટીમે હજુ ત્રણ-ત્રણ લીગ મેચ રમવાની બાકી છે. IPLની ૧૦ માંથી ત્રણ ટીમ પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. આ ત્રણ ટીમ હૈદરાબાદ, રાજસ્થાન અને ચેન્નઈ છે. બાકીની ટીમ હજુ પણ પ્લેઑફની રેસમાં છે. બાકીની ૧૬ મેચ અગાઉના શેડ્યૂલ મુજબ ૯ અલગ અલગ શહેરોમાં યોજાવાની હતી. આમાં લખનઉ, હૈદરાબાદ, અમદાવાદ, દિલ્હી, ચેન્નઈ, બેંગલુરુ, મુંબઈ, જયપુર અને કોલકાતાનો સમાવેશ થાય છે. આ મેચ આ બધા શહેરોમાં યોજાશે કે તેમાં ઘટાડો થશે તે હજુ નક્કી નથી.

જ્યારે BCCIએ લીગને સ્થગિત કરવાનો નિર્ણય લીધો, ત્યારે વિદેશી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને તેમના દેશમાં પાછા ફરવાનું કહેવામાં આવ્યું. આમાંના ઘણા ખેલાડીઓ પોતાના ઘરે પાછા ફર્યા છે. તેને ફરીથી બોલાવ-વામાં આવશે. અત્યારે દુનિયામાં ક્યાંય બીજી કોઈ મોટી સિરીઝ ચાલી રહી નથી, તેથી આમાં બહુ સમસ્યા ન હોવી જોઈએ.

દર વર્ષે IPL માટે એપ્રિલ-મે વિન્ડો ઉપલબ્ધ હોય છે. એનો અર્થ એ કે આ સમયગાળા દરમિયાન વિશ્વમાં બીજે ક્યાંય કોઈ મોટી સિરીઝ યોજાઈ રહી નથી. જો IPLની બાકીની મેચ મે મહિનામાં નહીં યોજાય તો બોર્ડને સપ્ટેમ્બર સુધી રાહ જોવી પડી શકે છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ જૂનમાં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. આ પછી, ભારતીય ટીમે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે, જ્યાં પાંચ ટેસ્ટ મેચની સિરીઝ યોજાવાની છે. બાકીની ટીમ પણ ઓગસ્ટ સુધીમાં વિવિધ સિરીઝ વ્યસ્ત રહેશે.

૮ મેના રોજ, પાકિસ્તાન સાથે વધતા તણાવને કારણે પંજાબ અને દિલ્હી વચ્ચેની મેચ અધવચ્ચે જ રોકવી પડી હતી. પ્રથમ બેટિંગ કરતા પંજાબે ૧૦.૧ ઓવરમાં ૧ વિકેટ ગુમાવીને ૧૨૨ રન બનાવ્યા હતા. આ મેચ ફરીથી યોજાશે કે નહીં તે અંગે BCCIએ કોઈ સ્પષ્ટતા આપી નથી. ૯ મેના રોજ, BCCI પંજાબ અને દિલ્હી ટીમના ૩૦૦ સ્ટાફ સભ્યો અને ખેલાડીઓને ખાસ વંદે ભારત ટ્રેનથી દિલ્હી લાવવામાં આવ્યા હતા. તે સમયે સુરક્ષા કારણોસર ધર્મશાલા એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું.

# મોકુફ રખાયેલી CAની પરીક્ષાનું શેડ્યુલ જાહેર : ૧૬થી ૨૪ મે દરમિયાન બાકી રહેલી પરીક્ષાઓ પણ યોજાશે

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને PoKમાં સ્થિત ૯ આતંકવાદી ઠેકાણાને ધ્વસ્ત કરી દીધા હતાં. ત્યારબાદ પાકિસ્તાની સેના દ્વારા ભારતના સરહદી વિસ્તા-રોમાં ગોળીબાર કરવામાં આવ્યો, જેનો ભારતે વળતો જવાબ આપ્યો અને ત્યારથી ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ શરૂ છે. આ તણાવને લઈને ઘણાં મહત્ત્વના નિર્ણય લેવાયા હતાં. જેમાંથી એક CAની પરીક્ષા મોકૂફ રાખવાનો પણ હતો. જોકે, હવે CA પરીક્ષાને લઈને મોટી અપડેટ સામે આવી છે. જેમાં ફાઈનલ અને ઈન્ટમીડિયેટ પરીક્ષા માટે નવી તારીખો જાહેર કરવામાં આવી છે.

ICAI (ઈન્સ્ટીટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઈન્ડિયા)એ જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરી છે કે, દેશમાં સુરક્ષા સ્થિતિમાં અનુકૂળ ઘટનાક્રમોને ધ્યાને લઈ, હવે નિર્ણય લેવાયો છે કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફાઈનલ, ઈન્ટરમીડિએટ અને INT-AT (PQC) પરીક્ષા જે પહેલાં ૯ મે ૨૦૨૫ થી ૧૪ મે ૨૦૨૫માં યોજાવાની હતી, તે હવે ૧૬ મે ૨૦૨૫ થી ૨૪ મે ૨૦૨૫ સુધી યોજાશે. નોંધનીય છે કે, આ પહેલાં દેશમાં તણાવપૂર્ણ અને સુરક્ષા સંબંધિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મે ૨૦૨૫માં યોજાનારી ઈઅ ફાઈનલ, ઈન્ટરમીડિયેટ અને પોસ્ટ ક્વોલિફિકેશન કોર્સ (PQC) ઈન ઈન્ટરનેશનલ ટેક્સેશન(INTT AT)ની બાકી રહેલી કેટલીક પરીક્ષ-ાઓ નવમીથી ૧૪મી મે દરમિયાન યોજાવાની હતી, તેને મોકૂફ રાખવામાં આવી હતી. જોકે, હવે આ પરીક્ષાને લઈને નવો ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યો છે.

# સંસદનું વિશેષ સત્ર બોલાવો, યુદ્ધ અને સીઝ ફાયર વિશે દેશને જણાવો : રાહુલ ગાંધી

## ખડગેએ પણ PMને પત્ર લખી માંગ કરી

**સમય મિરર | નવી દિલ્હી**



કોંગ્રેસ પાર્ટીએ પહલગામ આતંકવાદી હુમલાને લઈને 'ઓપરેશન સિંદૂર' અને સંઘર્ષવિરા-મની જાહેરાત ટ્રમ્પ દ્વારા કરાયાની સ્થિતિ પર સર્વપક્ષીય બેઠક બોલાવ-વાની માંગ કરી છે. આ ક્રમમાં લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને બાદમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. બંને નેતાઓએ વડાપ્રધાન મોદીને જલ્દીમાં જલ્દી સર્વપક્ષીય બેઠક બોલાવવા અને આ સંબંધે જાણકારી આપવાની માંગ કરી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, 'હું વિપક્ષની સર્વસંમતિથી વિનંતી કરૂ છું કે, તાત્કાલિક સંસદનું વિશેષ સત્ર બોલ-ાવવામાં આવે. પહલગામ આંતકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને સંઘ-ર્ષવિરામ પર ચર્ચા કરવા લોકો અને તેમના પ્રતિનિધિઓ માટે ખૂબ જરૂરી છે, જેની જાહેરાત સૌથી પહેલાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. આ આવનારા પડકારોનો સામનો કરવા માટે આપણા સામૂહિક સંકલ્પને દર્શાવવાનો પણ અવસર હશે. મને વિશ્વાસ છે કે, તમે આ માંગ પર ગંભીરતાથી અને ઝડપથી વિચાર કરશો.' વળી, બીજી બાજું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પણ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે લખ્યું કે, લેટેસ્ટ ઘટનાક્રમોને જોતા લોકસભામાં વિપક્ષના નેતાએ તમને ફરી પત્ર લખીને તમામ વિપક્ષી પાર્ટીઓની સંમતિથી ઉઠાવવામાં આવેલી માંગ સાથે પરિચિત કરાવ્યા છે કે, પહલગામ આતંકવાદ, ઓપરેશન સિંદીર અને પહેલાં વોશિંગ્ટન ડીસી અને બાદમાં ભારતક અને પાકિસ્તાનની સરકારો દ્વારા સંઘર્ષવિ-રામની જાહેરાત પર ચર્ચા કરવા માટે સંસદનું એક વિશેષ સત્ર બોલાવવામાં આવે, રાજ્યસભામાં વિપક્ષના નેતાના રૂપે હું આ વિનંતીના સમર્થનમાં લખું છું. મને વિશ્વાસ છે કે, તમે સંમત હશો.'

# ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર બોબ કાઉનપરનું ૮૪ વર્ષની વયે નિધન

## મેલબોર્નમાં લાંબા સમયથી કેન્સરની સારવાર ચાલી રહી હતી

**સમય મિરર | નવી દિલ્હી**

ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ ક્રિકેટર બોબ કાઉપરનું મેલ-બર્નમાં નિધન થયુ છે. ૮૪ વર્ષીય કાઉપર લાંબા સમયથી કેન્સરની બીમારી સાથે ઝઝૂમી રહ્યો હતો. જેનું ૧૧ મેના રોજ રવિવારે નિધન થયુ છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કાઉપરના નિધનની ખાતરી કરી છે. કાઉપરના પરિવારમાં પત્ની ડેલ અને બે દિકરી (ઓલિવિયા અને સેરા) છે.



ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચેરમેન માઈક બેયર્ડે જણાવ્યું હતું કે, બોબ કાઉપરના નિધનના સમાચાર સાંભળી ખૂબ દુઃખ થયુ છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં તેઓ ખૂબ સન્માનિત વ્યક્તિ હતા. બોબ એક શાનદાર બેટર હતાં. મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ત્રિપલ સેન્ચુરી સાથે ૧૯૬૦ના દાયકામાં ઓસ્ટ્રેલિયા અને વિક્ટોરિયા (રાજ્ય) ટીમમાં આકર્ષક પર્ફોર્મન્સ માટે હંમેશા યાદ રહેશે. બેટર બોબ કાઉપર ઉમદા સ્ટ્રોકપ્લે અને સંયમ સાથે બેટિંગ કરવા માટે જાણીતા હતા. કાઉપરે ફેબ્રુઆરી, ૧૯૬૬માં મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૧૨ કલાકમાં ૫૮૯ બોલ પર ૩૦૭ રન ફટકાર્યા હતા. જે ઓસ્ટ્રેલિયાની ધરતી પર કોઈપણ બેટરની ટેસ્ટ ક્રિકેટમાં પહેલી ટ્રિપલ સેન્ચુરી હતી. બોબ કાઉપરની ટ્રિપલ ટેસ્ટ સેન્ચુરી પહેલાં તેણે કેરેબિયન ધરતી પર ડબલ સેન્ચુરી ફટકારી હતી. બાદમાં ટ્રિપલ સેન્ચુરી પછી પણ બે વધુ સેન્ચુરી ફટકારી હતી. ૧૯૬૮માં કાઉપરે સંન્યાસની જાહેરાત કરી હતી. ત્યારે તે માત્ર ૨૮ વર્ષનો હતો. કાઉપરે ૧૯૬૪થી ૧૯૬૮ દરમિયાન ઓસ્ટ્રેલિયા માટે ૨૭ ટેસ્ટ મેચ રમી હતી. જેમાં ૪૬.૮૪ની એવરેજે ૨૦૬૧ રન બનાવ્યા હતા. ઘર આંગણે પણ કાઉપરે અનેક રેકોર્ડ સર્જ્યા હતા. ૭૫.૭૮ની એવરેજ પર ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૬૧ રન બનાવ્યા હતા. દિગ્ગજ ખેલાડી ડોન બ્રેડ-મેન બાદ કાઉપર બીજો ખેલાડી હતો કે, જેણે ઘર આંગણે જ ટેસ્ટ સીરિઝમાં જોરદાર પર્ફોર્મન્સ આપ્યું હોય. કાઉપરે ઘણીવાર પોતાની ઓફ સ્પિન બોલિંગનો જાદુ પણ બતાવ્યો હતો. ટેસ્ટમાં તેણે ૩૬ વિકેટ ઝડપી હતી. ૧૪૭ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૧૦૫૯૫ અને ૪ લિસ્ટ-એ મેચમાં ૭૭ રન બનાવ્યા હતા. ફર્સ્ટ ક્લાસમાં કાઉપરના નામે ૧૮૩ અને લિસ્ટ-એમાં ૩ વિકેટ ઝડપી હતી. આઈસીસી મેચમાં રેફરી પણ રહી ચૂક્યો હતો. ૨૦૨૩માં ક્રિકેટ પ્રત્યે ઉમદા પર્ફોર્મન્સ બદલ 'મેડલ ઓફ ધ ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા'થી બિરદાવવામાં આવ્યો હતો.

આ વર્ષે ૪૬ ડિગ્રી સાથે ધગેલા ઉનાળાના પાછોતરા દિવસોમાં માવઠાં વચ્ચે હવામાન ખાતાએ કરેલી આગાહી

# ખેડૂતો... આનંદો, મેઘારાજા વહેલા પધારશે

## ૧૦ જૂન આસપાસ હળવાથી ભારે વરસાદ પડવાનું સંભવ, જો કે હાલ તો માવઠાંથી ખેતરમાં ઉભેલા પાકને મોટું નુક્સાન

**સમય મિરર । રાજકોટ**

આ વર્ષે ગુજરાતમાં ૧૦ જૂનની આસપાસ ચોમાસું આવશે. ગુજરાતમાં ૧૦ જૂનની આસપાસ ચોમાસું પ્રવેશી શકે છે. રાજ્યમાં આ વર્ષે ધોધમાર વરસાદ પડવાની આગાહી છે. ચોમાસુ આવે તે પહેલા જ ગુજરાતમાં સવા ઈંચ વરસાદ પડ્યો છે.

આમ, તો સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસું ૧૫ જુન બાદથી જ આવતું હોય છે. પરંતુ આ વખતે વાતાવરણમાં એવા પલટા આવ્યા છે. જેને કારણે ચોમાસું વહેલા આવશે. સાથે જ આ વર્ષનું ચોમાસું ધોધમાર રહે તેવી પણ આગાહી છે. જો કે હાલ તો માવઠાથી ખેતરોમાં ઉભેલા ઉનાળુ પાકને મોટુ નુક્શાન થયું છે.

કેરળમાં આ વર્ષે વહેલું ચોમાસું આવી રહ્યું છે, ગત વર્ષે ૩૦ મેના રોજ ચોમાસું કેરળમાં આવી ગયું હતું, તેના બાદ ૧૦ જુવને ગુજરાતના સૌરાષ્ટ્ર-દક્ષિણ કાંઠે આવીને અટકી ગયું હતું. તેના બાદ ૨૪ જુનના રોજ ચોમાસામાં ગતિ આવી હતી. તેના બાદ ૩૭ જુને આખા ગુજરાતમાં ચોમાસું છવાયું હતું. પરંતુ આ વખતે ચોમાસું વહેલુ આવે તે શક્યતા છે.

જો કે હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, “કેરળમાં ચોમાસાનું વહેલું કે મોડું આગમન થવાનો અર્થ એ નથી કે તે દેશના અન્ય ભાગોમાં પણ આ જ રીતે પહોંચશે. ‘‘તે ખૂબ જ પરિવર્તનશીલ છે અને વૈશ્વિક, પ્રાદેશિક અને સ્થાનિક પરિસ્થિતિઓ પર આધાર રાખે છે.‘‘ IMD એ એપ્રિલમાં ૨૦૨૫ ના ચોમાસા માટે સામાન્યથી વધુ કુલ વરસાદની આગાહી કરી હતી અને ભારતીય ઉપખંડમાં સામાન્યથી ઓછા વરસાદ સાથે સંકળાયેલ અલ નિનો સ્થિતિઓની શક્યતાને નકારી કાઢી હતી.

### ગિરનાર પર પડેલા વરસાદથી સોનરખ નદીમાં ધીંગી આવક

ગિરનાર પર્વત અને ભવનાથ ક્ષેત્રમાં વરસાદ પડતાં સોનરખ નદીમાં નવા નીરની આવક થઈ હતી. તો જૂનાગઢ અને ભેસાણમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે મેંદરડામાં ત્રણ મીમી જ્યારે સાસણ-મેંદરડા વચ્ચે વરસાદ વરસ્યો હતો જ્યારે કેશોદમાં છાંટા પડ્યા હતા. આમ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ચાર પાંચ દિવસથી કમોસમી વરસાદ પડતાં કેરી અને રાવણા, ચીકુ સહિતના બાગાયતી પાક અને ઉનાળુ તલ, મગ, બાજરી સહિતના પાક સાવ નિષ્ફળ થતા ખેડૂતોએ કરેલો ખર્ચ અને મહેનત માથે પડી છે.



### બરડા પંથકમાં ભારે વરસાદથી મગ-તલના પાકને નુકસાન

વૈશાખ મહિનામાં પડેલા આ કમોસમી વરસાદથી બરડા પંથકમાં તલ અને મગ સહિતના ઉનાળુ પાકને નુકસાન થયું છે. આ સ્થિતિને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

## સોરઠમાં સતત ચોથા દિવસે વરસાદ
## માણાવદરમાં અઢીથી ચાર ઈંચ ખાબક્યો
### ભેંસાણમાં એક, પાજોદ, સરાડિયા, લીંબુડા, સરદારગઢમાં ભારે ઝાપટા

જૂનાગઢ જિલ્લામાં સતત ચોથા દિવસે વરસાદ પડયો હતો. માણાવદર શહેરમાં ગઈકાલે સાંજથી ધમધોકાર વરસાદ પડતા અઢી તેમજ ગ્રામ્ય પંથકમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ થતાં ખેતરોમાં પાણી ભરાયા હતા. માળિયાહાટીના પંથકમાં વરસાદથી વૃજમી નદીમાં પૂર આવ્યું હતું. જ્યારે ભેસાણમાં એક, જૂનાગઢમાં અડધો ઈંચ કમોસમી વરસાદ થયો હતો. હાલ પડતા વરસાદના લીધે ઉનાળુ પાક, કેરી, રાવણા હવે નિષ્ફળ જાય એવી હાલત છે. આજે સવારથી અસહ્ય બફારા વચ્ચે વાદળછાયું વાતાવરણ છવાયું હતું. બપોરબાદ મેઘાડંબર વાતાવરણ છવાયું હતું. ગઈકાલે મોડી સાંજે માણાવદર શહેરમાં બપોરે બે વાગ્યાથી બાદ વરસાદ શરૂ થયો હતો અને અઢી ઈંચ વરસાદ પડયો હતો. જ્યારે સારંગ પીપળી અને આસપાસના ગામોમાં ચારથી પાંચ ઈંચ જ્યારે પાજોદ, સરાડીયા, લીંબુડા, સરદારગઢ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડતાં ખેતરોમાં પાણી ભરાયા હતા. જ્યાં ઉનાળુ પાક વાવેતર થયેલું છે ત્યાં નુકસાન થયું હતું. કેશોદ શહેરમાં આજે છાંટા વરસ્યા હતા. ગઈકાલે સાંજે વંથલી અને કેશોદ વચ્ચે ધોધમાર વરસાદ પડતાં ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદ અને પવનના લીધે ભારે વાહનોને પણ ઉભા રાખી દેવા પડયા હતા. જ્યારે વંથલીમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. માળિયાહાટીનામાં ઝાપટા સ્વરૂપે સાત મીમી જ્યારે ભાડવાળી અને ઈટાળી સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ થયો હતો. ઉપરવાસમાં વરસાદના લીધે વૃજમી નદીમાં પૂર આવ્યું હતું.

### આ વખતે ૪ મહિના સુધી સારો વરસાદ રહેશે

સામાન્ય રીતે દક્ષિણપશ્ચિમ ચોમાસું ૧ જૂને કેરળ પહોંચે છે અને જુલાઈના પહેલા અઠવાડિયા સુધીમાં સમગ્ર ભારતને આવરી લે છે. આ પછી, સપ્ટેમ્બરથી, ચોમાસું ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગોને વિદાય આપવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે વિદાય લે છે. આ વર્ષે ચાર મહિનાના ચોમાસા દરમિયાન ભારતમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની ધારણા છે. આ સમયગાળા દરમિયાન, ૧૦૫ ટકા વરસાદ પડી શકે છે, જે ૮૭ સેમીના સરેરાશ વરસાદ કરતાં વધુ છે.

### તા. ૧૫ સુધી સૌરાષ્ટ્રમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની આગાહી

ગુજરાતમાં ઉનાળાની ગરમી વચ્ચે હવામાનમાં પલટા સાથે વરસાદ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં અનેક જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. જેના કારણે ખેડૂતોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. આ વચ્ચે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ એટલે કે તા. ૧૫ સુધી મોટી આગાહી કરી છે. હવામાન વિભાગને જણાવ્યું કે સૌરાષ્ટ્રમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડી શકે છે. પવન ફૂંકાઈ શકે છે. અમરેલી, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, જામનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, દીવ, બોટાદ, ભાવનગરમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડી શકે છે. બીજીતરફ અમદાવાદ, બનાસકાંઠા, કચ્છ, અરવલ્લી, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં હળવો વરસાદ પડી શકે છે.

ખાનગી ક્લબના પાર્કિંગમાં ખુલ્લેઆમ ચાલતી હતી પાર્ટી

# યુવતી સહિત નવ નબીરાઓ દારૂની મહેફિલ માણતા પકડાયા

### બે BMW કાર, હોન્ડા સીટી, ૮.૫૦ લાખ રોકડ કબ્જે

**સમય મિરર । રાજકોટ**

શહેરના બોપલમાં દારૂની મહેફિલ માણતા ૯ નબીરાઓ ઝડપાયા હતા. જેમાં એક યુવતિ પણ હતી. પોલીસને બાતમી મળી હતી કે એક ખાનગી કલબના પાકિંગમાં અમુક લોકો દારૂની મહેફિલ માણી રહ્યાં છે.



પકડાયેલા તમામ ઈસમો મ્યુઝિકલ ડાન્સ પાર્ટીમાં આવ્યા હતા અને સાથે સાથે દારૂ પણ લઈને આવ્યા હતા. પોલીસને કારમાંથી દારૂની બોટલ અને બિયરના ટીન મળી આવ્યા હતા. મહેફિલ માણતા હતા તે જ વખતે પોલીસ ત્રાટકતાં હોશ ઉડી ગયા હતા.

બોપલ પોલીસને બાતમી મળી હતી કે, કેટલાક લોકો ક્લબ ઓ ૭ ના પાર્કિંગમાં દારૂ પી રહ્યા છે. જેના આધારે બોપલ પોલીસે રેડ કરી હતી અને એક યુવતિ સહિત નવ લોકોને ઝડપી લીધા હતા. નબીરાઓએ ક્લબ ઓ ૭માં મ્યુઝિકલ ડાન્સ પાર્ટી સાથે દારૂ પાર્ટીનું આયોજન કર્યું હતું. પોલીસની રેડ દરમિયાન આરોપીઓ પાસેથી પાંચ મોબાઈલ ફોન, ૨ બીએમડબલ્યુ કાર, હોન્ડા સિટી કાર, દારૂની બોટલ સહિત કુલ ૮.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# સંતાનોને નોકરી આપવાની લાલચે મહિલા પર દુષ્કર્મ, બદનામ કરવાની ધમકી

### ઈન્સ્ટાગ્રામના સ્કિનશોટ વાયરલ કરવાની ધમકી આપી

**સમય મિરર । રાજકોટ**

વંથલી તાલુકાના એક ગામમાં રહેતી પરિણીતાને તેના સંતાનોને નોકરી અપાવવા લાલચ આપી એક શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં ઈન્સ્ટાગ્રામના સ્ક્રિનશોટ બતાવી દેવા ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ થતા વંથલી પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



વંથલી તાલુકાના એક ગામમાં રહેતા મહિલાના સંતાનોને નગાજણ વિરમ થાપલીયા નામના શખ્સે નોકરી લગાડી દેવાની લાલચ આપી અગાઉ બે વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ મહિલા આ શખ્સ સાથે સબંધ રાખવા માંગતી ન હોવા છતાં નગાજણે ઈન્સ્ટાગ્રામના સ્ક્રિનશોટ બધાને બતાવી દેવા અને તેની બદનામ કરવા ધમકી આપી ફરી બે વખત દુષ્કર્મ કર્યું હતું. આ શખ્સના હિનકૃત્યથી કંટાળી જઈ મહિલાએ ગત રાત્રે ફરિયાદ કરતા વંથલી પોલીસે નગાજણ વિરમ થાપલીયા સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મહિલાના આક્ષેપથી પોલીસે ફરિયાદ નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

# સરહદી તણાવે પ્રવાસન ઉદ્યોગની પાળ પીટી

### સંખ્યાબંધ બુકિંગ રદ થવા લાગ્યા, સૌથી વધુ જમ્મુ-કાશ્મીર, લેહ-લદાખ, શિમલા-મનાલી સહિત હિમાચલ પ્રદેશને અસર

યુદ્ધ વિરામની વાત વચ્ચે પણ હરવા-ફરવાના શોખિન પ્રવાસીઓમાં હજુ પણ ફફડાટ

હોટલ, રેસ્ટોરન્ટ, ખાનગી ટેક્સી સહિત અનેક આનુસંગિક ધંધાદારીઓના પેટ ઉપર પણ પાકિસ્તાની આતંકવાદીઓએ પાટું માર્યુ

ફરી યુદ્ધ ગમે ત્યારે ફાટી નીકળે તેવી દહેશત, ટૂર ઓપરેટરોના રોટલા આતંકવાદીઓએ અભડાવ્યા

**સમય મિરર । રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાલના તણાવની અસર હવે દેશના પર્યટન સ્થળો પર પણ દેખાઈ રહી છે. આજકાલ, તેની સીધી અસર હિમાચલ પ્રદેશના મુખ્ય પર્યટન ક્ષેત્ર કુલ્લુ-મનાલીમાં હોટલ વ્યવસાય પર જોવા મળી રહી છે. હોટેલ માલિકોના મતે, હોટેલ બુકિંગમાં અચાનક ઘટાડો થયો છે અને ઘણા પ્રવાસીઓ તેમના આગામી પ્રવાસ બુકિંગ પણ રદ કરી રહ્યા છે. ખાસ કરીને હાલ ફરવા માટે જેની મોસમ છે તે જમ્મુ-કાશ્મીર લેહ લદાખ સહિતના સ્થળે જતાં હજુ પણ જેમણે અગાઉથી બુકિંગ કરાવ્યા છે તે ફફડી રહ્યા છે. સંખ્યાબંધ બુકિંગ કેન્સલ થયા હોવાનું રાજકોટના વિવિધ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સંચાલકો પાસેથી જાણવા મળ્યું છે.

પરિણામે ટુર ઓપરેટરોની ઉનાળુ વેકેશન સિઝન જાણે માથે પડી છે. દુબઇ, સિંગાપુર, યુરોપ, મલેશિયા જેવા હોટ ડેસ્ટિનેશનના ટુર પેકેજોમાંય પ્રમાણમાં ઓછુ બુકિંગ છે. યુધ્ધની તણાવભરી સ્થિતીમાં બુકિંગ નોંધાયુ હોવા છતાંય પ્રવાસીઓ ઈન્કવાયરી કરીને ટુર પેકેજોની તારીખ લંબાવી રહ્યા છે. તો ઘણાંએ ટુર પેકેજ કેન્સલ કરાવી દીધી છે.



ટુર ઓપરેટરોનું કહેવું છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિને પગલે ડોમેસ્ટિક પ્રવાસોનું બુકિંગ મોટાભાગે કેન્સલ થયું છે. રાજસ્થાન, પંજાબ, કાશ્મીર સરહદે સ્થિતિ વધુ વણસી છે. જેથી પ્રવાસીઓ આ ટુર પેકેજો તો રદ કરાવી દીધાં છે. હવે સ્થિતિ સામાન્ય થાય પછી જ લોકો ટુર પેકેજનુ બુકિંગ કરાવે તેમ છે. નૈનિતાલ, હલ્દવાની, મસૂરી, હરિદ્વાર, ઋષિકેશ વગેરે જેવા પર્યટન સ્થળોએ પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. હોટલ બુકિંગ પણ રદ કરવામાં આવી રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ શરૂ થતાં જ હોટલ, હોમસ્ટે વગેરેનું બુકિંગ ઘટીને માત્ર ૦૮-૧૦ ટકા થઈ ગયું છે.

વેપારીઓને તેમના બુકિંગ રદ કરવા માટે સતત ફોન આવવા લાગ્યા છે. એવો અંદાજ છે કે જો પરિસ્થિતિમાં સદંતરસુધારો નહીં થાય, તો ૧૫ મેથી શરૂ થતી પર્યટન સીઝન સંપૂર્ણપણે પ્રભાવિત થશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવની અસર મસૂરીના પ્રવાસન વ્યવસાય પર પણ પડી રહી છે.

### આગામી માસે શરૂ થતી અમરનાથ યાત્રાને પણ અસર

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ટુરિઝમ સેક્ટર પર માઠી અસર થઈ છે. એટલું જ નહીં કરોડો રૂપિયાનો આર્થિક ફટકો પડ્યો હતો. પ્રવાસીઅોમાં ડરનો માહોલ પ્રવર્તી રહ્યો છે, જેના કારણે જુલાઈમાં શરૂ થનાર અમરનાથ યાત્રામાં બુકિંગનું પ્રમાણ ઘણું ઓછુ રહ્યું છે. ઉનાળા વેકેશનમાં ફુલબુકિંગ હોય તે હોટલ-રિસોર્ટ અત્યારે ખાલીખમ પડ્યાં છે. પીક સિઝનમાં યુધ્ધની સ્થિતિ સર્જાઇ છે ત્યારે હોટલ માલિકોને આર્થિક ફટકો પડ્યો છે. ખાસ ડિસ્કાઉન્ટ ઓફર છતાં હોટલ-રિસોર્ટ ખાલી છે.

કોથળાં મોંઢે કમાતા ‘શિક્ષણ માફિયા’ઓનું પેટ ભરાતું નથી !

# બોર્ડમાં આવતા છાત્રોને એડવાન્સ કોર્સના નામે બોલાવી ફીના ઉઘરાણાં

### તા. ૯ જૂને નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતો હોવા છતાં વેકેશનની ઐસીતૈસી કરી વેપલો ધમધોકાર ચાલુ



રાજકોટના DEOએ રાબેતા મુજબ શાળા સંચાલકોને માત્ર કહેવા પૂરતી સૂચના આપી ‘ખનખનિયાં સબંધ’ ચાલુ રાખ્યા!

**સમય મિરર । રાજકોટ**

ગુજરાતમાં શાળાઓમાં ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન ચાલી રહ્યુ છે. ત્યારે રાજકોટ શહેરમાં કેટલીક ખાનગી શાળાઓ ધોરણ ૯ અને ૧૧માં ઉતિર્ણ થયેલા અને આવતા વર્ષે બોર્ડની પરીક્ષા આપવાના છે. કેટલીક શાળાના વિદ્યાર્થીઓને ટ્યુશન આપવાના બહાને શાળાઓમાં બોલાવીને વર્ગ ખંડો ચાલુ રાખીને વધારાની ફી ઉઘરાવી રહ્યાની ફરિયાદો ઉઠતા જિલ્લા શિક્ષણાધિકારીએ ખાનગી શાળાઓને તાકીદ કરી છે કે, ઉનાળાના વેકેશનમાં સ્કૂલોમાં શિક્ષણકાર્ય ચાલુ રાખવામાં આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. (જો કે કાર્યવાહી કરવામાં આવે તેવું લાગતુ નથી!)

રાજ્યભરમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉનાળું વેકેશન ચાલી રહ્યું છે. આગામી તારીખ ૯ જૂનના રોજ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. પરંતુ કેટલીક ખાનગી શાળાઓ વેકેશનમાં પણ વાલીઓ પાસેથી ફી વસૂલી શકે તે માટે વેકેશનમાં પણ ધોરણ ૧૦ અને ૧૨નું શિક્ષણ કાર્ય શરૂ કરી દે છે. જેના પગલે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા રાજકોટ જિલ્લાની શાળાઓને મેસેજ કરીને સૂચના આપી છે કે, વેકેશનમાં બાળકોને સ્કૂલે બોલાવશો તો શાળા વિરુદ્ધ કડક કાર્યવાહી થશે.

જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાઓને આપેલી સૂચનામાં જણાવાયું છે કે, હાલ વેકેશન પડી ગયું હોવા છતાં ઘણી શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ફી યુનિફોર્મમાં બોલાવે છે. એવી ફરિયાદો મળતા સંબંધિત શાળા ધ્યાન આપે અને વેકેશનમાં વિદ્યાર્થીઓ માટે રજા જ રાખવાની છે. વેકેશનમાં તપાસ દરમિયાન જો શાળા ચાલુ જોવા મળશે તો શાળા વિરુદ્ધ નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર કરાયું છે. જ્યારે જે વિદ્યાર્થીઓ ધો.૯ પાસ થયા તેમનું ધો.૧૦નું શિક્ષણ અને જે વિદ્યાર્થી ધો.૧૧ પાસ થયા તેમનું ધો.૧૨નું શિક્ષણ વેકેશનમાં પણ ચાલે છે. શહેરની કેટલીક ખાનગી સ્કૂલો માત્ર ફીના ઉઘરાણા કરવા માટે પરીક્ષા પૂર્ણ થતા જ તરત જ અભ્યાસક્રમ ચાલુ કરી દે છે ત્યારે આ વિદ્યાર્થીઓ હજુ ચિંતામાંથી બહાર નીકળ્યા હોય ત્યાં જ તેને તરત જ સ્કૂલ ચાલુ કરી અને ફરી ચિંતામાં રહેવાનું કામ માત્ર ફીના ઉઘરાણા કરવા માટે થતું હોવાની ફરિયાદો ઊઠી હતી.

### વાલીઓ પાસે સંમતિપત્રમાં સહી કરાવવાની છટકબારી

સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટ શહેરમાં ગયા વર્ષે પણ વિદ્યાર્થીઓને સ્કૂલ પર બોલાવવા સ્કૂલ મેનેજમેન્ટ સંમતિપત્રોમા વાલીઓની સહી કરાવવા દબાણ લાવી રહ્યાના શરમજનક કિસ્સાઓ સામે આવ્યા હતા. આ વર્ષે પણ આવા કીમીયા કરવામાં આવતા હોવાનું જાણવા મળે છે. શૈક્ષણિક સંસ્થાઓની ધંધાકીય હરીફાઈ અને દેખાદેખીમા બાળકોને શિક્ષણના નામે માનસિક દબાણ વેઠવું ન પડે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીએ સચોટ રીતે વેકેશનમાં શાળાઓ ચાલુ ન રહે તેવું સઘન ચેકિંગ કરવું જોઈએ અને જો ક્યાય નિયમભંગ થતો હોય તો કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ વાલીઓમાં ઉઠી છે.

# રાજકોટ યાર્ડમાં સતત ચોથા દિવસે હડતાળ

### જે.કે. ટ્રેડર્સના રૂા. ૧૭ કરોડના ફૂલેકાબાજ પિતા-પુત્ર પકડાયા તો ખરા પણ ભોગ બનનાર કમિશન એજન્ટો પૈસા પરત ન મળે ત્યાં સુધી હડતાળ અડગ રાખવા મક્કમ

**સમય મિરર । રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે (૧૧ મે) સતત ચોથા દિવસે પણ હડતાળ યથાવત રહેતા કામકાજ ઠપ્પ થયા હતા. બેડી માર્કેટિંગ યાર્ડમાં આવેલ જે. કે. ટ્રેડર્સ નામની પેઢી દ્વારા કમિશન એજન્ટો સાથે રૂ. ૧૭ કરોડથી વધુની છેતરપિંડી કરવામાં આવતા કમિશન એજન્ટોએ છેલ્લા ૪ દિવસથી હડતાળ પર ઉતર્યા છે. આજે બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે કમિશન એજન્ટ મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને વેપારીને પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હોવા છતાં રોકાયેલા રૂપિયા પરત મળે અથવા પરત આવવા અંગેની ચોક્કસ બાંહેધરી નહીં મળે ત્યાં સુધી હડતાળ યથાવત રાખવાનો નિર્ણય એસોસિએશન પ્રમુખે જાહેર કર્યો છે.




ચિટર જોકે, વેપારીઓ દ્વારા યાર્ડમાંથી ૧ એપ્રિલથી ૨૫ એપ્રિલ સુધી ૪૮૦૦ રૂપિયામાં જીરૂની ખરીદી થઈ હતી. હાલ જીરૂના ભાવ એક મણના ૪૦૦૦ રૂપિયા થઈ ગયા છે. છતાં આ જીરૂ વેચી મોટા ભાગનું ચુકવણું કરી શકાય તેમ છે. પોલીસે આરોપીઓને ઝડપી લીધા છે, પરંતુ આ કમિશન એજન્ટોનાં નાણાં પરત આપવા બાબતે કોઈ ચોખવટ કરવામાં આવી નથી. રૂપિયા પરત આપવાની ખાતરી આપવામાં આવે તો સોમવાર કે મંગળવારથી યાર્ડની કામગીરી શરૂ થવાની શક્યતા છે.

### સીઝનમાં હડતાળ પડતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા

પ્રાપ્ત વિગત મુજબ, માર્કેટિંગ યાર્ડમાં જે. કે. ટ્રેડર્સ નામે પેઢી ધરાવતા વેપારી બીપીન ઢોલરીયા તેમજ નિતેશ ઢોલરીયાએ જીરુની ખરીદી કરી કમિશન એજન્ટ સાથે કરોડોની છેતરપિંડી કરી હતી. આ મામલે છેક પોલીસ કમિશનર સુધી રજૂઆત કરવામાં આવતા ક્રાઈમ બ્રાન્ચે બંનેની ધરપકડ કરી છે. જોકે હજુ કમિશન એજન્ટોનાં નાણાં પરત આવવા અંગે કોઈ ખાતરી મળી નથી. જેને લઈને યાર્ડ બંધ રહેતા ખેડૂતો, મજુરો અને વાહન ચાલકો પરેશાન છે. શિયાળુ પાકની સીઝન સમયે આ હડતાળ પડતા ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. તાત્કાલિક આ યાર્ડની કામગીરી પૂર્વવત થાય તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે. જોકે, રકમ પરત ન મળે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવા માટે કમિશન એજન્ટો મક્કમ છે.

### આરોપીઓનું ૧ લાખ ૮ હજાર મણ જીરૂ ઊંઝા યાર્ડમાં પડ્યું છે

કમિશન એજન્ટ એસોસિએશનનાં પ્રમુખ અતુલભાઈ કમાણીએ જણાવ્યું હતું કે, યાર્ડમાં જે. કે. ટ્રેડિંગ નામે પેઢી ધરાવતા વેપારીઓ દ્વારા કુલ ૧૪૫ જેટલા કમિશન એજન્ટો દ્વારા જીરૂની ખરીદી કરી રૂ.૧૭ કરોડથી વધુની છેતરપિંડી કરી હતી. જેને લઈને પોલીસ કમિશનર સુધી રજૂઆત કરવામાં આવતા રાજકોટ પોલીસે ગુનો નોંધી ચીટર બંધુઓની ધરપકડ કરી લીધી છે. આ છેતરપિંડી કરનાર જે. કે. ટ્રેડિંગનું ૧ લાખ ૮ હજાર મણ જીરૂ ઊંઝા યાર્ડમાં પડ્યું છે.

# સરેરાશ ભારતીયોમાં યુદ્ધ ઉન્માદ સાથે દેશભક્તિ ઉછાળા મારી રહી હતી ત્યારે જ ચર્ચા જગાવતું સીઝફાયર લાગુ થયું

## યુદ્ધ વિરામની જાહેરાત ન તો ભારતે કરી ન તો પાકિસ્તાને કરી, ટ્રમ્પે કરેલી ઘોષણા થી 'ઓપરેશન સિંદૂર'ની વગોવણી શરૂ કરતું વિપક્ષ



**પ્રસંગ રંગ** - પી.એન.જાડેજા

ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી સૈન્ય કાર્યવાહી અચાનક સિઝ ફાયરમાં પરિણમી ત્યારેભારતના તમામ લોકોને આંચકો લાગ્યો હતો. અને રાહત પણ થઈ હતી જો કે, લોકોમાં પાકિસ્તાનને બેવડુ વાળી દેવાનો જૂસ્સો હતો તેના પર કેન્દ્ર સરકારે ઠંડુ પાણી રેડી દીધું હોવાની લાગણી ફેલાઈ ગઈ હતી. સરેરાશ ભારતીય માની રહ્યો હતો કે, ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાન સાથે કદાચ આ છેલ્લુ યુદ્ધ લડાઈ રહ્યું છે. કાં તો પાકિસ્તાનનો ખાત્મો થઈ જશે, કાંતો પાકિસ્તાનના બે-ત્રણ ટુકડા થઈ જશે. કમસે કમ POK તો ભારત પાછુ લઈને જ ઝંપશે જો કે ડોનાલ્ડ ટ્રમ્પના ટ્વિટે બધાને ચોંકાવી દીધા અને યુદ્ધ વિરામની ઘોષણા થઈ ચારેકોર એક જ ચર્ચા થવા લાગી કે જ્યારે પાકિસ્તાન ખોખરુ થઈ રહ્યું હતું ત્યારે જ ભારત સરકારે આ નિર્ણય કોઈના દબાણથી લીધો છે કે શું? સિઝ ફાયરની જાહેરાત ડોનાલ્ડ ટ્રમ્પે શા માટે કરવી પડી? અત્યાર સુધી તો ટ્રમ્પ કહેતા કે આ બંને દેશોનો પ્રશ્ન છે. બન્ને પડોશી દેશ સમજદાર છે હું બન્ને દેશોને શાંતિ જાળવા રાખવા અપીલ કરું છું... વગેરે... વગેરે... કેસેટ ટ્રમ્પ તરફથી વગાડવામાં આવતી હતી. આ જાહેરાત જો પાકિસ્તાને કરી હોત તો તેનો મતલબ જૂદો નિકળ્યો હોત, ભારતે સીઝ ફાયરની જાહેરાત કરી હોત તો તેનો મતલબ જૂદો નિકળ્યો હોત પણ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત-પાકિસ્તાન વચ્ચે થઈ રહેલા યુદ્ધ વિરામની જાહેરાત કરતા તેના ઘણા વધા મતલબ નિકળી રહ્યા છે.

પહલગામ હુમલા બાદ પાકિસ્તાનમાં ભારતીય સૈન્યની કાર્યવાહી 'ઑપરેશન સિંદૂર' અને બાદમાં પાકિસ્તાની ગોળીબારથી બંને દેશો વચ્ચે સંઘર્ષ વધતો જઈ રહ્યો હતો. ત્યારે જ ૧૦ મેની સાંજે લગભગ પાંચ વાગ્યે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું, ''અમેરિકાની મધ્યસ્થીમાં થયેલી લાંબી વાતચીત બાદ, મને એ જાહેરાત કરતાં ખુશી થઈ રહી છે કે ભારત અને પાકિસ્તાને પૂર્ણ અને તાત્કાલિક સીઝફાયરની વાત પર સંમતિ વ્યક્ત કરી છે.'' ટ્રમ્પે આ વાત લખ્યા બાદ ભારત અને પાકિસ્તાની સરકારોએ પણ આ વિશે જાહેરાત કરી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૦ મેની સાંજે સંઘર્ષવિરામ પર સંમતિ સધાયાની જાહેરાત કરાઈ. બંને દેશો વચ્ચે ઘણા દિવસોથી સંઘર્ષ ચાલી રહ્યો હતો. ભારત અને પાકિસ્તાનનાં સૈન્યોએ એકબીજાના હુમલા નાકામ કર્યાની વાત કરી હતી. આ પહેલાં ૭ મેની સવારે ભારતીય સૈન્યે કહ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર' અંતર્ગત તેણે છ-સાત મેની રાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીરમાં ઘણાં સ્થળોએ હુમલા કર્યા હતા. એ બાદથી તણાવ વધવા લાગ્યો હતો. આવી સ્થિતિમાં ચાર દિવસની અંદર જ્યારે સીઝફાયર થયું ત્યારે તેની ચર્ચા સોશિયલ મીડિયા પર થઈ રહી છે.

કોંગ્રેસ, કોંગ્રેસ સમર્થકો અને કેટલાક સોશિયલ મીડિયા યૂઝર્સ આ પ્રસંગે ભૂતપૂર્વ વડાં પ્રધાન ઇંદિરા ગાંધીનો ઉલ્લેખ કરી રહ્યા છે. કોંગ્રેસના આધિકારિક ઍક્સ હેન્ડલથી ઇંદિરા ગાંધી અને ભૂતપૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સનની તસવીર શેર કરાઈ છે.

આ તસવીર સાથે કોંગ્રેસે લખ્યું છે, ''ઇંદિરા ગાંધીએ નિક્સનને કહ્યું હતું - અમારી કરોડરજ્જુ સીધી છે. અમારી પાસે ઇચ્છાશક્તિ અને સંસાધન છે જેથી અમે દરેક અત્યાચારનો સામનો કરી શકીએ છીએ. એ સમય જતો રહ્યો કે જ્યારે કોઈ દેશ ત્રણ-ચાર હજાર માઇલ દૂર બેસીને ભારતીયોને તેમના પ્રમાણે ચાલવાના આદેશ આપે.'' કોંગ્રેસે ટ્વીટમાં લખ્યું, ''આ હિમ્મત હતી, આ જ હતું ભારત માટે મજબૂતીથી ઊભા રહેવું અને દેશની ગરિમા સાથે સમાધાન ન કરવું.''

કોંગ્રેસ સહિત કેટલાક સોશિયલ મીડિયા યૂઝર્સ યુપીએસસી કોચિંગ સાથે જોડાયેલા શિક્ષક વિકાસ દિવ્યકીર્તિનો એક જૂનો વીડિયો શેર કરી રહ્યાં છે. આ વીડિયોમાં વિકાસ દિવ્યકીર્તિ કહે છે કે, ''એક મહિલા વડાં પ્રધાન બન્યાં અને તેમણે પાકિસ્તાનને બે ભાગમાં વહેંચી દીધું. અન્ય લોકો કહેતા રહે છે કે સર્જિકલ સ્ટ્રાઇક કરી દઈશ. તેમણે કહ્યું નહીં, બે કરી દીધા.'' જોકે, કેટલાક લોકોનું એવું પણ માનવું છે કે ૧૯૭૧ અને ૨૦૨૫ની સરખામણી કરવું એ યોગ્ય નથી. ૧૯૭૧માં જ્યારે પાકિસ્તાન યુદ્ધ બાદ બાંગ્લાદેશ બન્યું હતું, ત્યારે સોવિયેત સંઘ હતો, પરંતુ ૧૯૯૧માં તેનું વિઘટન થઈ ગયું અને પછી રશિયા બન્યું. રશિયા પાસે એ શક્તિ નથી બચી કે જે સોવિયેત સંઘ પાસે હતી અને તેને ભારત માટે પણ એક ફટકા સ્વરૂપે જોવામાં આવ્યું. એક તરફ સોવિયેત સંઘે ભારતનો સાથ આપ્યો હતો, તો બીજી તરફ એ સમયે પાકિસ્તાન પરમાણુ શક્તિસંપન્ન દેશ નહોતો.

સોશિયલ મીડિયા પર હંસરાજ મીણાએ લખ્યું, ''અમેરિકાની ધમકીઓ હતી. વાસ્તવિકતા મુશ્કેલ હતી, પરંતુ ઇંદિરા ગાંધી ન ગભરાયાં. ૧૯૭૧માં તેમણે ન માત્ર ભારતની ગરિમા બચાવી, પરંતુ પાકિસ્તાનના બે ટુકડા કરીને એક નવો દેશ બનાવડાવી ઇતિહાસ રચી દીધો. તેઓ માત્ર વડાં પ્રધાન નહોતાં. તેઓ એક ઇરાદો હતાં.'' છત્તીસગઢના પૂર્વ સીએમ ભૂપેશ બઘેલે લખ્યું, ''જબ તક તોડા નહીં, તબ તક છોડા નહીં.'' પત્રકાર રોહિણીસિંહે લખ્યું, ''ચૂંટણી લડવા અને યુદ્ધ લડવામાં ઘણો ફરક હોય છે. કોઈ આમ જ ઇંદિરા ગાંધી નથી બની જતું.''

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક પત્ર સોશિયલ મીડિયા પર શેર કર્યો, ''૧૨ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ઇંદિરા ગાંધીએ આ પત્ર અમેરિકાના રાષ્ટ્રપતિ નિક્સનને લખ્યો હતો. ચાર દિવસ બાદ પાકિસ્તાને શરણાગતિ સ્વીકારી લીધી.''


આ અંગે ભાજપના આઇટી સેલના પ્રમુખ અમિત માલવીયે લખ્યું, ''૧૯૭૧નું યુદ્ધ પાકિસ્તાની સૈન્યના આત્મસમર્પણ સાથે ખતમ થયું હતું. જોકે, એ બાદ થયેલું શિમલા સમાધાન રશિયા અને અમેરિકા બંનેના દબાણમાં તૈયાર થયું હતું. ભારતે ૯૯ હજાર યુદ્ધબંદીઓને કોઈ પણ જાતના વ્યૂહરચનાત્મક લાભ વિના જ છોડી મૂક્યા. ના તો પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને ખાલી કરાવવાની કોઈ શરત મુકાઈ. ના સીમાને ઔપચારિકપણે નક્કી કરવામાં આવી. ના યુદ્ધ કે ભારત પર લાદવામાં આવેલા શરણાર્થી સંકટ માટે કોઈ વળતર મગાયું. ત્યારે ઇંદિરા ગાંધી વડાં પ્રધાન હતાં. સુવિધા પ્રમાણે વાતો જણાવવાનું બંધ કરો.'',અમેરિકન રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સન અને ઇંદિરા ગાંધી વચ્ચે રહેલું અંતર કોઈનાથી છુપાયેલું ન હતું. ૧૯૬૭માં નિક્સન જ્યારે ઇંદિરા ગાંધીને દિલ્હીમાં મળ્યા તો ૨૦ મિનિટમાં જ તેઓ એટલાં કંટાળી ગયાં કે તેમણે નિક્સન સાથે આવેલા ભારતીય વિદેશમંત્રાલયના એક અધિકારીને હિંદીમાં પૂછ્યું, ''મારે આમને કેટલી વાર સુધી ઝેલવા પડશે?'' આવી માહિતી ઇંદિરા ગાંધી પર લખાયેલાં પુસ્તકોમાં મળે છે.

નવેમ્બર, ૧૯૭૧માં ઇંદિરા ગાંધી પૂર્વ પાકિસ્તાનમાં થઈ રહેલા અત્યાચાર પ્રત્યે વિશ્વનું ધ્યાન ખેંચવા માટે અમેરિકા ગયા. નિક્સને ઇંદિરા ગાંધીને બેઠક પહેલાં ૪૫ મિનિટ સુધી રાહ જોવડાવી. વ્હાઇટ હાઉસમાં સ્વાગત ભાષણમાં નિક્સને બિહારના પૂરપીડિતો પ્રત્યે તો પોતાની સહાનુભૂતિ દાખવી, પરંતુ પૂર્વ પાકિસ્તાનનું નામ પણ ન લીધું. ભારતીય વિદેશ સેવાના એક મોટા અધિકારી મહારાજ કૃષ્ણ રસ્ગોત્રાએ સમયે કહ્યું હતું, ''હું એ સમયે ત્યાં જ હતો. નિક્સનનો હેતુ હતો કે ઇંદિરા ગાંધીને તેમની જગ્યા બતાવવામાં આવે. તેઓ ઇંદિરા ગાંધીનું અપમાન કરવા માગતા હતા. શરૂઆતથી જ વાતચીત સારી રીતે નહોતી ચાલી રહી.''

રસ્ગોત્રાએ કહ્યું, ''ભારતમાં એ સમયે આવેલા એક કરોડ બંગાળી શરણાર્થી અમારા પર બોજો બની ગયા હતા, અને ભૂખ્યા મરી રહ્યા હતા. નિક્સને તેમના વિશે હરફેય ન ઉચ્ચાર્યો. કદાચ તેમને શંકા હતી કે અમે જંગની જાહેરાત કરવા માટે આવ્યા છીએ. તેમણે જાણીજોઈને ઇંદિરા ગાંધી સાથે ગેરવર્તન કર્યું.''

ઇંદિરા ગાંધી વિશે રસ્ગોત્રાએ કહ્યું હતું, ''તેમણે આ વાતને અવગણી. તેઓ ખૂબ ગરિમાપૂર્ણ મહિલા હતાં. તેમણે નિક્સનને જે કહેવાનું હતું, એ કહી દીધું. તેનો અર્થ એ હતો કે પૂર્વ પાકિસ્તાનમાં જે ખૂનામરકી ચાલી રહી છે, તેને તમે બંધ કરાવો અને જે શરણાર્થી અમારા દેશમાં આવી ગયા છે, એ પાછા પાકિસ્તાન જશે. અમારા દેશમાં તેમના માટે જગ્યા નથી.'' ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન અમેરિકાએ પોતાની નેવીની એક ટૂકડી બંગાળની ખાડી તરફ મોકલી હતી. ઇંદિરા ગાંધીએ બાદમાં ઇટાલિયન પત્રકાર ઓરિયાના ફલાચીને આપેલા એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું, ''જો અમેરિકનોએ એકેય ગોળી ચલાવી હોત કે અમેરિકનોએ બંગાળની ખાડીમાં બેઠા રહેવા સિવાય બીજું કંઈ પણ કર્યું હોત તો ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થવાની સંભાવના હતી. પરંતુ તમને સાચું કહું તો મારા મગજમાં એક વાર પણ આ વાતની બીક ન આવી.'' ઍડમિરલ એસ.એમ. નંદાએ પોતાની આત્મકથા 'ધ મેન હુ બોમ્બ્ડ કરાચી'માં લખ્યું હતું, ''ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં જ સોવિયેત સંઘનું એક વિધ્વંસક અને માઇન્સસ્વીપર મલક્કાની ખાડીમાંથી આ વિસ્તારમાં આવી ચૂક્યો હતો. સોવિયેત બેડો એ સમય સુધી અમેરિકન બેડાનો પીછો કરતો રહ્યો, જ્યાં સુધી એ જાન્યુઆરી, ૧૯૭૨ના પ્રથમ સપ્તાહમાં ત્યાંથી જતો ન રહ્યો.''

## તંત્રીલેખ



# પાકિસ્તાન અત્યારે બેન્ડ વળી ગયું પણ અસલી પિક્ચર હજુ બાકી છે

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયું છે. અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે રાજી થયા છે એની થોડી જ મિનિટોમાં આપણી સરકારે સત્તાવાર જાહેરાત કરી દીધી. જો કે યુદ્ધ વિરામ જાહેર થયા પછી પણ પાકિસ્તાન તરફથી ડ્રોન હુમલા થતાં રહ્યા. ભારતીય ન્યૂઝ ચેનલો પણ કન્ફ્યુઝ્ડ હતી કે સરકારે જાહેર કરેલા યુદ્ધ વિરામ બાદ શાંતિ ની સ્થિતિ દર્શાવવી કે ફિલ્ડ પરથી રિપોર્ટર દ્વારા મોકલવામાં આવતા રિપોર્ટ દર્શાવવા? જો કે રવિવાર સવાર સુધીમાં ક્લીયર થઈ ગયું કે યુદ્ધ વિરામ થયું જ છે. પણ લખી રાખજો આ યુદ્ધ વિરામ હંગામી છે. પાકિસ્તાન પાસે હાલ તરત તો યુદ્ધવિરામ માટે માની જવા સિવાય કોઈ અન્ય રસ્તો જ નહોતો. પાકિસ્તાનને અત્યાર સુધીમાં જ એટલું નુકસાન થઈ ગયું છે, જેની કળ વળતા વાર લાગે. આપણી સરકારે ઓપરેશન સિંદૂર હાથ ધરીને જે કરવાનું હતું એ કરી લીધું છે. પાકિસ્તાન અને પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીરમાં આતંકવાદીઓના અડ્ડાઓને ભારતે ઉડાવી દીધા એ બહુ મોટી વાત છે. પાકિસ્તાનને મેસેજ મળી ગયો છે કે, આતંકવાદનું પરિણામ ભોગવવું પડશે. યુદ્ધવિરામ લાગુ થયું એ પહેલાંના કલાકમાં જ આપણી સરકારે એવી વાત કરી કે, આતંકવાદની કોઈ પણ ઘટના યુદ્ધ ગણાશે. પાકિસ્તાનને પાઠ મળી ગયો છે. તેને એક વાત સારી રીતે સમજાઈ ગઈ છે કે, ભારત હવે ચૂપ નહીં બેસે. વડાપ્રધાન મોદી કહે છે કે, ઘરમાં ઘૂસીને મારીશું તો એવું કરી પણ બતાવે છે. પાકિસ્તાને તંગડી ઊંચી રાખવા છમકલાં કર્યા હતાં. તુર્કિયે પાસેથી માંગેલાં ડ્રોન પાકિસ્તાન ભારત પર છોડી રહ્યું હતું. આપણી સેનાએ એર ડિફેન્સ સિસ્ટમથી પાકિસ્તાનના મોટા ભાગનાં ડ્રોન અને મિસાઇલ હુમલાને નિષ્ફળ બનાવ્યા. આપણા દેશે પાકિસ્તાનના રફીકી. મુરીદ, ચકલાલા, રહીમયાર ખાન, સુક્કુર અને ચુનિયા સૈન્ય મથકો પર જબરદસ્ત હુમલા કરીને પાકિસ્તાનને મોટું નુકસાન પહોંચાડયું છે. આ ઉપરાંત પાકિસ્તાનના પસરુરની રડાર સાઇટ અને સિયાલકોટના એવિએશન બેઝને પણ આપણી સેનાએ ટાર્ગેટ કર્યા છે. પાકિસ્તાને પેસેન્જર પ્લેનની આડમાં ભારતને નિશાન બનાવવાના પ્રયાસ કર્યા હતા. ભારતે કહ્યું કે, આ પાકિસ્તાનની કાયરાના હરકત છે. પાકિસ્તાન સામી છાતીએ લડ્યું નથી, પણ સંતાઈને હુમલા કર્યા છે. આપણા દેશે છાતી ઠોકીને કહ્યું કે, અમે પાકિસ્તાનનાં છ સૈન્ય મથકોને નિશાન બનાવ્યાં છે. આપણા દેશની સૈન્ય ક્ષમતા પાકિસ્તાન કરતાં અનેકગણી વધારે છે. પાકિસ્તાન આમેય લાંબું ટકવાનું નહોતું.

પાકિસ્તાને યુદ્ધવિરામ માટે મજબૂર થવું પડયું એ ભારતની જીત જ છે. ભારતના અત્યાર સુધીના હુમલામાં જ પાકિસ્તાનની હાલત કફોડી થઈ ગઇ હતી. યુદ્ધવિરામ પહેલાં ભારતે એવી ઘોષણા કરી કે, આતંકવાદની કોઈ પણ ઘટના યુદ્ધ ગણાશે એ બહુ મહત્ત્વની વાત છે. પાકિસ્તાન હવે સુધરે એ એના જ હિતમાં છે. પાકિસ્તાનના પતન માટે ભારતના ઓપરેશન સિંદૂર ઉપરાંત આપણા દેશે લીધેલા કૂટનીતિક પગલાં જ પૂરતાં છે. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ તેની કમજોર કડી છે. તેના પર એવા ઘા માર્યા છે કે, પાકિસ્તાન ભોં ભેગું થઈ જાય. પાકિસ્તાન બીજાની દયા પર જ નભી રહ્યું છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે શુક્રવારે જ પાકિસ્તાનને ૧૨ હજાર કરોડની લોન આપી છે. આપણા દેશે કહ્યું કે, આતંકવાદને ફંડિંગ કરવું જોખમી છે. દુનિયા કહે છે કે, પાકિસ્તાન પાસે દેશ ચલાવવા નાણાં નથી અને યુદ્ધ કરવા નીકળ્યું હતું. આઈએમએફે પાકિસ્તાનને છેલ્લાં ૩૫ વર્ષમાં ૨૮ વખત આર્થિક સહાય કરી છે. છેલ્લાં પાંચ વર્ષમાં જ પાકિસ્તાને ચાર વખત આઈએમએફ પાસે ભીખ માંગીને મદદ લીધી છે. પાકિસ્તાન પર કુલ દેવું ૨૧.૬ લાખ કરોડ કરતાં વધુનું થઇ ગયું છે. પાકિસ્તાન આ દેવું કોઈ પણ સંજોગોમાં ચૂકવી શકે એમ નથી. આપણા દેશનો ઘા પાકિસ્તાન માટે ખમવો સહેલો નહીં હોય. પાકિસ્તાન વહેલું કે મોડું મોટી આર્થિક કટોકટીમાં સપડાવાનું છે એ વાત નક્કી છે. આ વખતના સંઘર્ષના સમયમાં તુર્કિયેને બાદ કરતાં કોઈ દેશ પાકિસ્તાનની નજીક ચડયો નથી. પાકિસ્તાન ચીનનું પાળીતું છે, પણ ચીને પાકિસ્તાનને સૈન્ય મદદ કરવાની કોઈ સ્પષ્ટ વાત કરી નથી. પાકિસ્તાને એમાંથી પણ ધડો લેવાની જરૂર છે કે, કોઈ આપણો ભાવ પૂછતું નથી. ભારત હજુ પણ મેળ પડે ત્યારે પાકિસ્તાનને આર્થિક ટકા મારતું જ રહેવાનું છે.

સામાન્ય સંજોગોમાં યુદ્ધના સમયમાં મોટી લશ્કરી હલચલ જોવા મળે છે. સેનાના જવાનો, ટેન્ક, બીજાં લશ્કરી હથિયારો અને સામાન બોર્ડર પર મોકલાતા જોવા મળે છે. આપણે ત્યાં આવું ઓછું જોવા મળ્યું હતું, એનું કારણ એ છે કે, આપણી સેનાએ પહેલેથી જ બોર્ડર પર જરૂરી ગોઠવણ કરી રાખી હતી. અમેરિકા સહિત અનેક દેશો પાકિસ્તાનને સલાહ આપી રહ્યા હતા કે, તમારું ભલું ઈચ્છતા હોવ તો ભારત સામે વહેલી તકે ઘૂંટણીએ પડી જાવ. ભારતના હુમલા સામે તમે પવાલું પાણી'ય નહીં માંગી શકો. છતાં મિયાં તંગડી ઊંચી રાખવા ગયા. બીજી નોંધનીય ઘટના એ હતી કે, પાકિસ્તાની સેના અને શરીફ સરકાર વચ્ચે તાલમેલ દેખાતો ન હતો. તેનું એક ઉદાહરણ પણ હમણાં જોવા મળ્યું છે. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયોએ પાકિસ્તાનની સેનાના વડા અસીમ મુનીર સાથે ફોન પર વાત કરીને ખોટા જોખમ ન લેવાની સલાહ આપી હતી. સામાન્ય સંજોગોમાં કોઈ દેશના વડા કે પ્રધાનો સેનાના વડા સાથે વાત નથી કરતા, એ સીધા વડાપ્રધાન, વિદેશ પ્રધાન કે સંરક્ષણ પ્રધાન સાથે જ વાત કરે છે. અમેરિકાના વિદેશ પ્રધાને પાકિસ્તાનની સેનાના વડા સાથે વાત કરી એ એવું સાબિત કરે છે કે, પાકિસ્તાનની સરકારનો સેના પર કોઈ કંટ્રોલ નથી. લડવું કે ન લડવું એનો નિર્ણય સરકાર કરતી હોય છે, સેના નહીં.

પાકિસ્તાને હુમલા દરમ્યાન અને હુમલાઓ બાદ મોટા પાયે ફેક ન્યૂઝ પણ ફેલાવ્યા. આપણી સરકારે પુરાવા આપીને એ સાબિત કર્યું કે પાકિસ્તાનના દાવાઓમાં કોઈ દમ નથી. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ સંસદમાં પણ જો ખોટું બોલી શકતા હોય તો એ ભ્રામક વાતો ફેલાવવા કંઈ પણ કરી શકે છે. નિષ્ણાતો કહી જ રહ્યા હતા કે, જો યુદ્ધ થયું તો પાકિસ્તાન ભારતની ઝીંક ઝીલી શકવાનું નથી. થોડા જ સમયમાં પાકિસ્તાનને ઘૂંટણિયાં ટેકવી દેવાં પડશે. યુદ્ધની અસરો ખતરનાક હોય છે. એ ખમવાની પાકિસ્તાનની કોઈ ત્રેવડ નથી. પાકિસ્તાન જે ઉધામા મચાવી રહ્યું હતું એ માત્ર ગાંડપણ હતું. આખરે પાકિસ્તાનને પોતાની મૂર્ખામીનું ભાન થયું છે એ સારી વાત છે. ભારતે પાકિસ્તાનના સૈન્ય મથકોને ટાર્ગેટ કરીને મોટું નુકશાન કરી જ દીધું છે. પાકિસ્તાનને એ વાતનો ડર હતો કે હજુ ભારત કલ્પના પણ ન હોય એવું કરી શકે છે એટલે તેણે વધુ લડવાનું માંડી વાળ્યું છે. હવે પાકિસ્તાન આતંકવાદીઓને પાળવા પોષવાનું બંધ કરે એ જ તેના હિતમાં છે. યુદ્ધ ન થયું એ આપણા માટે પણ સારી વાત જ છે. એનું કારણ એ છે કે, આપણો દેશ વિકાસના માર્ગે અગ્રેસર છે. અત્યારે જ એવી વાતો આવી રહી છે કે, આપણો દેશ જાપાનને પણ પાછળ રાખી દુનિયાની ચોથા નંબરની ઈકોનોમી બની ગયો છે. ભારતની સરખામણીમાં પાકિસ્તાન દૂર દૂર સુધી ક્યાંય નથી. પાકિસ્તાનની દશા એવી છે કે, એ એના પાપે જ એ મરવાનું છે. પાકિસ્તાનનો ઘડો લડવો કરવા ભારતે કંઈ કરવું જ નહીં પડે. હવે પાકિસ્તાનની જે સ્થિતિ આંતરિક ગૃહયુદ્ધને લઈને કે પછી આર્થિક સંકડામણને લઈને થવાની છે એ સ્થિતિમાં દરેક પાકિસ્તાની નાગરિક મસૂદ અઝહરની જેમ બોલતો થઈ જશે કે આના કરતા તો મરી ગયા હોત તો સારું થાત!

# કેદારધામના કપાટ બંધ હોવા છતાં પણ અખંડ દીપક પ્રગટેલ રહે છે



કેદારનાથ દેવભૂમિ ઉત્તરાખંડની ચાર ધામ યાત્રાઓમાંની એક છે. કેદારનાથ ધામ એ સ્થાન છે જ્યાં શરૂઆત અને અંત એકબીજા સાથે મળે છે. અહીં શિવની હાજરીનો અનુભવ થાય છે. આ યાત્રા દ્વારા મુક્તિનો માર્ગ પણ નક્કી થાય છે. શિવપુરાણમાં વર્ણવવામાં આવ્યું છે કે જે વ્યક્તિ જીવનમાં કેદારનાથ ધામની મુલાકાત લે છે તેને મૃત્યુ પછી મોક્ષ મળે છે. ઉપરાંત, કેદારનાથના દર્શન કર્યા પછી, અહીં આવેલા તળાવનું પાણી પીવાથી, વ્યક્તિ જીવન અને મૃત્યુના ચક્રમાંથી મુક્ત થઈ જાય છે. કેદારનાથનો સંપૂર્ણ મહિમા શિવ મહાપુરાણમાં વર્ણવવામાં આવ્યો છે.

કેદારનાથ ધામના દીવાનું રહસ્ય

કેદારનાથ ધામ, જેને શિવ લોક તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનું રહસ્ય આશ્ચર્યજનક છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં સ્થિત કેદારનાથ, ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. તેને પંચકેદાર પણ કહેવામાં આવે છે કારણ કે તે પાંડવોના પૌત્ર રાજા પરીક્ષિતના પુત્ર મહારાજા જમ્મેજાએ બનાવ્યું હતું. બાદમાં આદિ શંકરાચાર્ય દ્વારા મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

કેદારનાથ મંદિર ૬ મહિના બંધ રહે છે અને ૬ મહિના ખુલ્લું રહે છે. આજે શુક્રવાર, ૨ મે ના રોજ સવારે ૭ વાગ્યે, મંત્રોચ્ચાર અને પૂજા પછી, કેદારનાથ મંદિરના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા છે અને આગામી ૬ મહિના સુધી મંદિરના દરવાજા ખુલ્લા રહેશે. પરંતુ નવાઈની વાત એ છે કે અહીં હજારો વર્ષોથી પ્રગટાવેલ દીપક અખંડ છે.

કેદારનાથ મંદિરના દરવાજા ૬ મહિના સુધી બંધ રહે છે, છતાં પણ આ દીવો સતત પ્રજ્જવલિત રહે છે. એટલું જ નહીં, નજીકમાં રહેતા લોકો કહે છે કે મંદિર બંધ થયા પછી, મંદિરની અંદરથી ઘંટનો અવાજ આવે છે. આજ સુધી કોઈ તેનું રહસ્ય જાણી શક્યું નથી. પરંતુ પુરાણો અનુસાર, જ્યારે મંદિર ૬ મહિના સુધી બંધ રહે છે, ત્યારે દેવતાઓ અહીં પૂજા કરે છે. એટલે કે, કેદારનાથ મંદિરમાં, મનુષ્યો છ મહિના પૂજા કરે છે અને દેવતાઓ છ મહિના પૂજા કરે છે.

# જલેબીનો એક નાનકડો ટૂકડો પણ ખાધા પછી શરીરમાં શું થાય છે?



જલેબીનું નામ સાંભળતા જ આપણા મોઢામાં પાણી આવી જાય છે. તે દરેક ઋતુમાં ખૂબ જ હોંશે હોંશે ખાવામાં આવે છે. ઘણા લોકો એવા હોય છે જેમને રોજ નાસ્તામાં જલેબી ખાવાનું પસંદ કરે છે. જોકે, ચાસણીમાં ડુબાડેલી ક્રિસ્પી, ગરમ જલેબી જેનાથી તમારા મોંમાં પાણી આવી જાય છે તે તમારા સ્વાસ્થ્ય માટે સારી નથી. આવો, અમે તમને જણાવીએ કે જલેબીનો ટુકડો ખાધા પછી શરીરમાં શું થાય છે.

જો તમે ડાયેટ પર છો તો જલેબી તમારા માટે ફાયદાકારક નથી. કારણ કે જો તમે વજન ઘટાડવાનું વિચારી રહ્યા છો અને જલેબીનું સેવન કરી રહ્યા છો, તો વજન ઘટાડવાને બદલે તમારું વજન વધવા લાગે છે. જો તમે જલેબીનો એક નાનકડો ટુકડો પણ ખાઓ છો, તો તે તમારા શરીરમાં ૧૫૦ થી ૨૦૦ કેલરી ઉમેરે છે. જો તમે ભૂલથી ૩ કે ૪ જલેબી ખાઈ લો છો, તો તમારા શરીરમાં કેલરી એટલી જ વધી જાય છે જેટલી આખી પ્લેટ ખાવાથી થાય છે. આના કારણે તમારું વજન ખૂબ જ ઝડપથી વધે છે.

ઝડપથી વધે છે વજન : જલેબી બનાવવા માટે લોટનો ઉપયોગ થાય છે અને તેની ચાસણી બનાવવા માટે ખાંડનો ઉપયોગ થાય છે. આ કારણે જો તમે તેને વધુ માત્રામાં ખાઓ છો તો તમારું વજન ઘટવાને બદલે ઝડપથી વધે છે અને જો તમે તેનું દરરોજ સેવન કરો છો તો સ્થૂળતાની શક્યતા પણ નોંધપાત્ર રીતે વધી જાય છે. આ સિવાય જો તમે ડાયાબિટીસના દર્દી છો તો તે તમારા માટે ઝેરથી ઓછું નથી. તેનું સેવન કર્યા પછી તમારા બ્લડ સુગરનું સ્તર વધી શકે છે અને તમને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

તેના સિવાય તે તમારી અંદર હાર્ટની તમામ પ્રકારની સમસ્યાઓને જન્મ આપે છે અને પાચન તંત્ર પર પણ તેની ખૂબ અસર પડે છે, જેના કારણે તમને ગેસ, એસિડિટી અને પેટના ઘણા રોગો થઈ શકે છે. તેથી, જો તમે જલેબી ખાવા માંગતા હોવ તો તેને મર્યાદિત માત્રામાં ખાઓ જેથી તમારી ઈચ્છા પૂર્ણ થાય અને તમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.

# સપ્ટેમ્બરમાં ડુંગળીનાં ભાવ બમણાં થવાની પૂરે-પૂરી શક્યતા



અમદાવાદ ટામેટાંના ભાવ કિલોદીઠ રૂ. ૨૦૦એ પહોંચ્યા બાદ હવે ડુંગળી પણ લોકોને રડાવી શકે છે. સપ્ટેમ્બર સુધીમાં ડુંગળીના ભાવ લગભગ બમણા થઈને ૫૫-૬૦ રૂપિયા પ્રતિ કિલો થવાની શક્યતા વેપારીઓ દર્શાવી છે. દેશમાં ડુંગળીનો પૂરતો સ્ટોક હોવા છતાં, આ વર્ષે ઉનાળાની વધુ પડતી ગરમીના લાંબા ગાળાને કારણે ખરાબ ગુણવત્તાની ડુંગળીના ઊંચા પ્રમાણને કારણે સારી ગુણવત્તાવાળી ડુંગળી મોંઘી થઈ હોવાનું જણાવ્યું હતું.

બુધવારે નાસિકમાં ડુંગળીના જથ્થાબંધ ભાવ ૫ રૂપિયા પ્રતિ કિલો અને ૨૪ રૂપિયા પ્રતિ કિલોની વચ્ચે હતા, જ્યારે છૂટક ભાવ ૨૫-૩૫ રૂપિયા પ્રતિ કિલો હતા.

વેપારીઓએ ડુંગળીના સૌથી નીચા અને સૌથી વધુ ભાવ વચ્ચેના વિશાળ અંતરને હલકી ગુણવત્તાની ડુંગળીની પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધતાને આભારી હોવાનું જણાવ્યું છે જ્યારે બીજી બાજુ સારી ગુણવત્તાની ડુંગળીની આવક ઘટી રહી છે.

ખેડૂતોએ ટામેટાના ખેડૂતોની જેમ ઊંચું વળતર મેળવવાની અપેક્ષા સાથે ડુંગળીનો સ્ટોક કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. વેપારીઓએ જણાવ્યું હતું કે ખરાબ ગુણવત્તાવાળી ડુંગળીના મોટા પ્રમાણ ઉપરાંત, અન્ય શાકભાજીમાં ઊંચો ફુગાવો પણ ડુંગળીના ભાવમાં વધારો કરવા માટે જવાબદાર છે.

આજે પણ દેશમાં ઘણી બધી ડુંગળી સ્ટોરેજમાં છે. દિલ્હીમાં જે કાંદા મળી રહ્યા છે તેમાંથી લગભગ ૩૦-૪૦% હલકી ગુણવત્તાની છે, જેના કારણે છેલ્લા દોઢ મહિનામાં ભાવ લગભગ ૪૦% વધી ગયા છે.

હલકી ગુણવત્તાની ડુંગળી મોટે ભાગે રસ્તાની બાજુના ખાણીપીણીમાં વપરાય છે.

એગમાર્કનેટ દ્વારા સંકલિત ડેટા અનુસાર, મહારાષ્ટ્રમાં જુલાઈમાં જથ્થાબંધ ડુંગળીના ભાવમાં મહિને દર મહિને આશરે ૩૪% અને વાર્ષિક ધોરણે ૬% વધારો થયો છે.

મહારાષ્ટ્રના ડુંગળીના નિકાસકારે જણાવ્યું હતું. ''ઘરેલુ સ્તરે વપરાતી સારી ગુણવત્તાની ડુંગળીની કિંમત સપ્ટેમ્બર સુધીમાં જથ્થાબંધ વેપારમાં ૩૦-૩૫ રૂપિયા પ્રતિ કિલો સુધી વધે તેવી શક્યતા છે, જે છૂટક કિંમતમાં પ્રતિ કિલો ૫૦ રૂપિયા અથવા તેનાથી વધુ થાય છે.'' ચોમાસાની ઋતુ દરમિયાન દેશમાં ક્યાંય પણ ડુંગળીનો તાજો પાક ન હોવાથી ગ્રાહકો માર્ચથી મે દરમિયાન રવિ લણણી દરમિયાન સંગ્રહિત ડુંગળી પર આધાર રાખે છે. કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં ખરીફ પાકની તાજી લણણી સાથે સપ્ટેમ્બર પછીથી સંગ્રહમાંથી પુરવઠો પૂરક થાય છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા ડુંગળી ઉગાડતા મુખ્ય રાજ્યોમાં ખરીફની મુખ્ય લણણી દિવાળીની આસપાસ શરૂ થાય છે. જો કે આ વર્ષે દક્ષિણના પાકની ચિંતા છે.

સામાન્ય રીતે સપ્ટેમ્બર અને ઑક્ટોબર મહિનામાં કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાંથી ડુંગળીનું સંપૂર્ણ આગમન થાય છે. જો કે, આ વર્ષે, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં ડુંગળીનું વાવેતર ૬૦-૭૦% ઓછું થયું છે કારણ કે છેલ્લાં બે વર્ષના નીચા ભાવને કારણે ખેડૂતોએ વિસ્તાર ઘટાડ્યો છે,'' શાહે જણાવ્યું હતું.

દેશના ડુંગળીના ઉત્પાદનમાં ૩૦%થી વધુ હિસ્સો ધરાવતા મહારાષ્ટ્રમાં ડુંગળીના પાકને રોપવામાં વિલંબ એ પણ ચિંતાનો વિષય છે, જે ડુંગળીના ભાવમાં તેજીના વલણને સમર્થન આપી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ખરીફ પાકની વાવણીમાં વિલંબ થયો છે. જો વરસાદ તેના લણણીના સમયગાળા દરમિયાન દક્ષિણ ભારતમાં નવા પાકને બગાડે છે, તો તેના પરિણામે ડુંગળીના ભાવમાં વધુ વધારો થઈ શકે છે.''

# યુદ્ધની આશંકા વચ્ચે વૈશ્વિક સ્તરે ગોલ્ડ ITFમાં રોકાણ પ્રવાહ ૩ વર્ષમાં સૌથી વધુ




વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના તાજેતરના ડેટા અનુસાર, એપ્રિલ દરમિયાન વૈશ્વિક સ્તરે ગોલ્ડ ઈટીએફમાં રોકાણ ૧૧.૨ બિલિયન ડોલર વધ્યું છે. વોલ્યુમ/હોલ્ડિંગની દ્રષ્ટિએ, આ સમયગાળા દરમિયાન રોકાણમાં ૧૧૫.૩ ટનનો વધારો થયો હતો. સતત પાંચમા મહિને સોનાના ભાવમાં વધારો અને રોકાણપ્રવાહને કારણે, એપ્રિલ ૨૦૨૫ ના અંત સુધીમાં ગોલ્ડ ઈટીએફની એસેટ અંડર મેનેજમેન્ટ વધીને રેકોર્ડ ૩૭૯ બિલિયન ડોલર પહોંચી હતી. માર્ચની સરખામણીમાં, મેનેજમેન્ટ હેઠળની સંપત્તિ અને કુલ હોલ્ડિંગ બંનેમાં અનુક્રમે ૧૦ ટકા અને ૩.૩૭ ટકાનો વધારો થયો છે.

સતત બીજા મહિને રોકાણકારોએ ઘરેલુ ગોલ્ડ ઈટીએફમાંથી પૈસા ઉપાડી લેવાનું ચાલુ રાખ્યું હતું. સતત ૧૦ મહિનાના ચોખ્ખા રોકાણ પ્રવાહ પછી, માર્ચમાં પ્રથમ વખત આઉટફ્લો જોવા મળ્યો હતો. અગાઉ, ગયા વર્ષે એપ્રિલમાં ગોલ્ડ ઈટીએફમાં ચોખ્ખો આઉટફ્લો નોંધાયો હતો.

એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયાના તાજેતરના ડેટા અનુસાર, દેશના કુલ ૨૦ ગોલ્ડ ઈટીએફ (ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ) માંથી ગયા મહિને ૫.૮૨ કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો નોંધાયો હતો. ગયા વર્ષે આ જ મહિના દરમિયાન, દેશના કુલ ૧૭ ગોલ્ડ ઈટીએફમાંથી રૂ. ૩૯૫.૬૯ કરોડનો ચોખ્ખો આઉટફ્લો થયો હતો. માર્ચ ૨૦૨૫ દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૭૭.૨૧ કરોડનો ચોખ્ખો આઉટફ્લો નોંધાયો હતો.

ચોખ્ખા આઉટફ્લો છતાં, સોનાના ભાવમાં તીવ્ર તેજીને કારણે એપ્રિલના અંત સુધીમાં ગોલ્ડ ઈટીએફની નેટ એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) વધીને રેકોર્ડ રૂ. ૬૧,૪૨૨.૧૯ કરોડ થઈ છે. ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન તે ૩૨,૭૮૯.૦૦ કરોડ રૂપિયા હતી જ્યારે માર્ચ ૨૦૨૫ માં તે ૫૮,૮૮૭.૯૯ કરોડ રૂપિયા હતી.

ગત એપ્રિલ માસ દરમિયાન, ગોલ્ડ ઈટીએફ માટે સૌથી મજબૂત ટેકો એશિયામાંથી, ખાસ કરીને ચીનમાંથી જોવા મળ્યો છે. આ સમયગાળા દરમિયાન એશિયન ફંડ્સમાં ૭.૩ બિલિયન ડોલર (+૬૯.૬ ટન)નો ચોખ્ખો રોકાણપ્રવાહ જોવા મળ્યો હતો. આ એકલા વૈશ્વિક સ્તરે કુલ ચોખ્ખા પ્રવાહના ૬૫ ટકા છે. એશિયન ફંડ્સમાં માસિક ધોરણે આટલો ઊંચો ચોખ્ખો પ્રવાહ ક્યારેય જોવા મળ્યો નથી. માર્ચ દરમિયાન તેમાં ૬.૫ અબજ ડોલર (૬૭.૪ ટન)નો વધારો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન ચીનના રોકાણકારોએ ગોલ્ડ ઈટીએફમાં ૬.૮ બિલિયન ડોલર(+૬૪.૮ ટન)નું રોકાણ કર્યું હતું.

આ સમયગાળા દરમિયાન રોકાણકારોએ ઉત્તર અમેરિકન ફંડ્સમાં ચોખ્ખા ૪.૫ બિલિયન ડોલર (+૪૪.૨ ટ્રિલિયન)નું રોકાણ કર્યું હતું. આ ક્ષેત્રમાં પ્રવાહની દ્રષ્ટિએ અમેરિકા મોખરે રહ્યું છે. આ સમયગાળા દરમિયાન રોકાણકારોએ ગોલ્ડ ઈટીએફમાં ૪.૩૬ બિલિયન ડોલર (+૪૨.૪ ટન)નું રોકાણ કર્યું હતું.

અગાઉ, સમગ્ર કેલેન્ડર વર્ષ ૨૦૨૪ દરમિયાન, ગોલ્ડ ઈટીએફમાં કુલ રૂ. ૧૧,૨૬૬.૧૧ કરોડનું ચોખ્ખું રોકાણ કરવામાં આવ્યું હતું જ્યારે કેલેન્ડર વર્ષ ૨૦૨૩ દરમિયાન, રૂ. ૨,૯૨૩.૮૧ કરોડનું ચોખ્ખું રોકાણ નોંધાયું હતું. કેલેન્ડર વર્ષ ૨૦૨૨ દરમિયાન, ૧૧ ગોલ્ડ ઈટીએફમાં કુલ રૂ. ૪૫૮.૭૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

એપ્રિલ દરમિયાન વૈશ્વિક સ્તરે ગોલ્ડ ઈટીએફમાં ચોખ્ખો રોકાણ પ્રવાહ ત્રણ વર્ષમાં સૌથી વધુ હતો, એટલે કે માર્ચ ૨૦૨૨ પછી. યુએસ ડોલરમાં નબળાઈ, વૈશ્વિક વેપાર યુદ્ધની આશંકા અને મજબૂત રોકાણ માંગ વચ્ચે ગયા મહિને યુએસ ડોલર અને ભારતીય રૂપિયા બંનેમાં સોનાના ભાવમાં ૬ ટકાનો વધારો થયો હતો.

# જાહેર ક્ષેત્રોની બેન્કોનો એકંદર નફો વાર્ષિક ધોરણે ૨૬ ટકા વધ્યો

નાણાં વર્ષ ૨૦૨૫માં જાહેર ક્ષેત્રની બાર બેન્કોએ કરેલા રૂપિયા ૧,૭૮,૩૬૪ કરોડના નફામાં ૪૦ ટકા હિસ્સો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)નો રહેલો હોવાનું બીએસઈ પર જાહેર કરાયેલા આંકડા પરથી કહી શકાય એમ છે.

એસબીઆઈએ રૂપિયા ૭૦૯૦૧ કરોડનો નેટ પ્રોફિટ કર્યો છે જે નાણાં વર્ષ ૨૦૨૪માં કરેલા રૂપિયા ૬૧૦૭૭ કરોડની સરખામણીએ ૧૬ ટકા વધુ છે.

છેલ્લા કેટલાક વર્ષથી સરકાર દ્વારા લેવાયેલા આક્રમક પગલાંને પરિણામે બેન્કો નફો કરતી થઈ હોવાનું બેન્કિંગ ક્ષેત્રના વર્તુળોએ જણાવ્યું હતું. આ પગલાંમાં ખાસ કરીને નોન પરફોર્મિંગ એસેટસને ઓળખી કાઢવાનું ધોરણ મહત્વનું રહ્યું છે.

નાણાં વર્ષ ૨૦૧૬-૧૭થી નાણાં વર્ષ ૨૦૨૦-૨૧ના પાંચ વર્ષમાં બેન્કોમાં સરકારે રૂપિયા ૩,૧૦,૯૯૭ કરોડ ઠાલવવાની ફરજ પડી હતી. બેન્કોને મજબૂત બનાવવાના ભાગરૂપ આ મૂડી ઠલવાઈ હતી.




સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫માં દેશની જાહેર ક્ષેત્રની બેન્કોનો એકંદર નફો વાર્ષિક ધોરણે ૨૬ ટકા વધી રૂપિયા ૧.૭૮ લાખ કરોડ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૪માં જાહેર ક્ષેત્રની ૧૨ બેન્કોએ કુલ રૂપિયા ૧.૪૧ લાખ કરોડનો નફો કર્યો હતો.

ટકાવારીની દ્રષ્ટિએ જોવા જઈએ તો પંજાબ નેશનલ બેન્કના નફામાં વાર્ષિક ધોરણે ૧૦૨ ટકા વૃદ્ધિ જોવા મળી છે. નાણાં વર્ષ ૨૦૨૫માં બેન્કે રૂપિયા ૧૬૬૩૦ કરોડનો નફો કર્યો છે. ગયા નાણાં વર્ષમાં દરેક જાહેર ક્ષેત્રની બેન્કોના નફામાં વધારો થયો છે. નાણાં વર્ષ ૨૦૧૮માં જાહેર ક્ષેત્રની બેન્કોએ રૂપિયા ૮૫૩૯૦ કરોડની ખોટ કરી હતી.

# સેબી તરફથી ૬૩ કંપનીને મંજુરી ૭૪ કતારમાં : શેર બજારનું મુડીકરણ વધશે

૬૩ કંપનીઓને મૂડી બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા અથવા સેબી તરફથી મંજૂરી મળી છે. ૭૪ કંપનીઓ હજુ સેબીની મંજૂરીની રાહ જોઈ રહી છે. જો આ તમામ કંપનીઓનું શેરબજારમાં લિસ્ટિંગ થશે તો તેઓ રૂ. ૨.૨૩ લાખ કરોડ એકત્ર કરશે. આનાથી સૌથી મોટો ફાયદો એ થશે કે આપણા શેરબજારનું મૂડીકરણ વધશે.

રોકાણકારોને વિવિધ ક્ષેત્રોની કંપનીઓમાં રોકાણ કરવાની તક મળશે. પ્રાઇમ ડેટાબેઝ અનુસાર, ગયા વર્ષે ભારત વિશ્વનું બીજું સૌથી મોટું IPO માર્કેટ હતું. આ વર્ષે અત્યાર સુધીમાં ૫૮ ટકા IPO સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ છે

જે કંપનીઓને આઈપીઓ લોન્ચ કરવા માટે સેબીની મંજૂરી મળી છે જો તેઓ આગામી થોડા મહિનામાં બજારમાં નહીં આવે તો મંજૂરી સમાપ્ત થઈ જશે. આવી સ્થિતિમાં તેઓએ નવેસરથી અરજી કરવી પડશે.



યુએસ ટેરિફ અને દેશો વચ્ચે વધતા તણાવને કારણે ભારતીય IPO માર્કેટ લગભગ છ મહિનાથી સુસ્ત છે. હવે કંપનીઓ બજારમાં પ્રવેશવા માટે યોગ્ય પરિસ્થિતિઓની રાહ જોઈ રહી છે. કુલ રૂ. ૨.૨૩ લાખ કરોડના IPO ની કતારમાં છે. તેમાંથી રૂ. ૧.૦૪ લાખ કરોડના ઈસ્યુને સેબીની મંજૂરી મળી છે. કંપનીઓએ રૂ. ૧.૧૯ લાખ કરોડનો ડ્રાફ્ટ સબમિટ કર્યો છે.

વૈશ્વિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને આ સમયે માત્ર પસંદગીના સંસ્થાકીય રોકાણકારો રોકાણ કરવા તૈયાર છે. આ વલણ એ સંકેત છે કે વૈશ્વિક વેપાર યુદ્ધ અને દેશો વચ્ચેના તણાવના કારણે આર્થિક દષ્ટિકોણ વાદળછાયું છે. ૨ એપ્રિલથી નિફ્ટી-૫૦માં ૪.૮ ટકાનો વધારો થયો છે. જો કે, તે હજુ પણ સપ્ટેમ્બરના અંતમાં પહોંચેલા રેકોર્ડ હાઈથી ૭ ટકા નીચે છે.

ભારતીય આઈપીઓ માર્કેટ વિશ્વમાં શ્રેષ્ઠ છે. ભારતીય IPO માર્કેટ તાજેતરના સમયમાં વિશ્વમાં શ્રેષ્ઠ પૈકીનું એક રહ્યું છે. ખાસ કરીને કોરોના પછી નવા રોકાણકારોએ ઘણા પૈસા રોક્યા છે. ૨૦૨૫ના છેલ્લા ચાર મહિનામાં ઈશ્યુ કરવાની ગતિ ધીમી પડી હશે, પરંતુ આ પહેલા દર વર્ષે કંપનીઓએ લિસ્ટિંગમાં તેજી જોવા મળી છે.

# ભારતના ઈલેક્ટ્રિક વ્હિકલ ઉત્પાદકો સામે ચીની નિંતિથી નવો પડકાર




ચુંબક સહિતની દૂર્લભ ખનિજોનો વર્તમાન સ્ટોક પુરો થયા પછી ઉત્પાદન પર અસર થશે

ઓટોમોબાઈલ ઉત્પાદકોના સંગઠન સિયામ દ્વારા અને ઓટોમોબાઈલ કંપનીઓએ ભારે ઉદ્યોગ મંત્રાલયને રજુઆત કરી છે કે તેઓ ચીનમાંથી દુર્લભ ખનિજોની આયાતને સરળ બનાવવા માટે ચીન સરકાર સાથે વાટાઘાટો કરે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ભારતનો કોઈ આયાતકાર ચીની નિકાસકાર પાસેથી દુર્લભ ખનિજોની આયાત કરે છે, તો આગામી છ મહિના સુધી આયાતકારને તે જ નિકાસકાર પાસેથી સમાન દુર્લભ ખનિજો મળતા રહે તે સુનિશ્ચિત કરવા માટે મંજૂરી લેવી જોઈએ.

આનાથી ભારતીય આયાતકારોને દરેક કન્સાઈન્મેન્ટ માટે ક્લિયરન્સ લેવાની જરૂરિયાત દૂર થશે, જે એક કંટાળાજનક પ્રક્રિયા છે અને ઘણો સમય લે છે.

ઉદ્યોગને ડર છે કે નવા નિયમો ચીનથી મેગ્નેટની આયાતને અવરોધશે, જે ઇલેક્ટ્રિક મોટર્સ માટે મહત્વપૂર્ણ છે. ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદકોએ ચેતવણી આપી છે કે જો પ્રક્રિયાના અવરોધોને કારણે મેગ્નેટના પુરવઠામાં વિલંબ થશે, તો જૂનના અંત સુધી ઉત્પાદન પર અસર પડી શકે છે જ્યારે હાલનો સ્ટોક ખતમ થઈ જશે.

ઈલેક્ટ્રિક વાહનો માટે જરૂરી મેગ્નેટ (ચુંબક) સહિત દુર્લભ ખનિજો પર ચીનના નવા નિકાસ નિયંત્રણ આદેશને પગલે ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન માટે ખતરો ઊભો થયો છે. નિકાસ નિયંત્રણના કારણે મેગ્નેટના પુરવઠામાં વિલંબ થશે તો, જૂનના અંત સુધી ઉત્પાદન પર અસર પડી શકે છે જ્યારે હાલનો સ્ટોક ખતમ થઈ જશે.

ભારત અને ચીનની સરકારો આ વસ્તુઓની આયાત મંજૂરી માટે એક માનક પ્રક્રિયા વિકસાવવાની ચર્ચા કરી રહી છે. હાલના નિયમો અનુસાર, ભારતીય આયાતકારોએ અંતિમ વપરાશકર્તા પ્રમાણપત્ર સબમિટ કરવું જરૂરી છે.

તેણે ખાતરી કરવી પડશે કે આ સામગ્રી ચીન સરકારની સંમતિ વિના કોઈપણ તૃતીય પક્ષને ટ્રાન્સફર કરવામાં આવશે નહીં. તેનો ઉપયોગ ફક્ત જાહેર કરેલા હેતુઓ માટે જ કરવામાં આવશે અને તેનો સંગ્રહ, પ્રક્રિયા અથવા અન્યથા સામૂહિક વિનાશના શસ્ત્રો માટે ઉપયોગ કરવામાં આવશે નહીં.

બેઠકમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે ભારે ઉદ્યોગ મંત્રાલય અંતિમ વપરાશકર્તા પ્રમાણપત્રો અને અન્ય સહાયક દસ્તાવેજોની ચકાસણી માટે સિયામ અથવા ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા જેવી ઉદ્યોગ સંસ્થાને નોમિનેટ કરી શકે છે.

ચકાસણી પછી, ભારે ઉદ્યોગ મંત્રાલયે વિદેશ મંત્રાલયને આયાતકારો દ્વારા સબમિટ કરાયેલ ફોર્મ પ્રમાણિત કરવા કહેવું જોઈએ. બંને મંત્રાલયો પ્રક્રિયાની દેખરેખ માટે નોડલ અધિકારીની નિમણૂક પણ કરી શકે છે. આ મુદ્દાના વ્યવહારુ ઉકેલ સુધી પહોંચવા માટે ભારત અને ચીનની સરકારો તેમજ વાહન ઉત્પાદકો વચ્ચે ચર્ચાઓ ચાલી રહી છે. ચીનનો નિકાસ નિયંત્રણ આદેશ ૪ એપ્રિલથી અમલમાં આવ્યો અને તે બધા દેશોને લાગુ પડે છે.

જોકે, આ આદેશને અમેરિકા દ્વારા ટેરિફમાં વધારાનો પ્રતિભાવ તરીકે જોવામાં આવી રહ્યો છે. તેનો ઉદ્દેશ્ય ઇલેક્ટ્રોનિક્સ, સંરક્ષણ અને ગ્રાહક માલસામાનમાં વપરાતા મુખ્ય કાચા માલની એક્સેસને પ્રતિબંધિત કરવાનો છે. ચીન વિશ્વના દુર્લભ ખનિજોનો લગભગ ૯૦ ટકા જથ્થો પૂરો પાડે છે. આવી સ્થિતિમાં, તે વૈશ્વિક સ્તરે નિકાસને અસર કરી શકે છે.

# સરદાર સરોવર ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સરકાર દ્વારા સુરક્ષામાં વધારો

## નર્મદા નિગમ અને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની બેઠકમાં લેવાયેલો નિર્ણય

**સમય મિરર | રાજપીપળા**



વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક અને પ્રવાસ સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. અને પ્રવાસીઓને પણ હાલ મુલાકાત મોકુફ રાખવા માટે અપીલ કરવામાં આવી છે. ત્યારે સરદાર ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પણ સુરક્ષામાં વધારો કરાયો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ભરી સ્થિતિમાં સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુરક્ષામાં કરાયો વધારો કરવામાં આવ્યો છે. સરદાર સરોવર નર્મદા નિગમના MD તેમજ SRPFના સેનાપતિ અને જિલ્લાના પોલીસ અધિકારીઓ વચ્ચે તાત્કાલિક મીટીંગનું આયોજન કરાયું હતું.

પાકિસ્તાનને ભારતે છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભારતીય સેના પાકિસ્તાનની શાન ઠેકાણે લાવી દીધી છે . ત્યારે હાલમાં પાકિસ્તાન અને ભારત વચ્ચે તણાવભરી સ્થિતિ છે તેવામાં ગુજરાત રાજ્યની જીવાદી સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં સુરક્ષામાં પણ સાવચેતીના ભાગરૂપે વધારો કરી દેવામાં આવ્યો છે.

### પ્રવાસીઓનું ચેકિંગ કરવામાં આવ્યું

સરદાર સરોવર નર્મદા ડેમ અને દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના આવવા જવાના રસ્તા ઉપર તેમજ અન્ય જે સુરક્ષા પણ છે ત્યાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. અહીંયા આવતા જતા પ્રવાસોનું ચેકિંગ કરવામાં આવ્યું છે અને અને વાહનો જે છે તેઓનું પણ કડક હાથે પોલીસ અને SRPFના જવાનું અને CISFના જવાનો ચેકિંગ કરી રહ્યા છે આ અંગે નર્મદા જિલ્લાના એસપી પ્રશાંત શુંબે જણાવ્યું હતું કે સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં પણ વધારો કરી દેવામાં આવ્યો છે.

# શિરડી સાંઈબાબા મંદિરમાં માળા, ફૂલો, ગુલદસ્તો, પ્રસાદ, શાલ લાવવા પર મનાઈ

## વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રશાસન એલર્ટ, નિર્ણય જાહેર કરાયો

**સમય મિરર | અમદાવાદ**



મહારાષ્ટ્રમાં સ્થિત દેશના સૌથી પ્રખ્યાત ધાર્મિક સ્થળ શ્રી સાંઈ બાબા મંદિરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવે ભક્તોને મંદિરમાં ફૂલો, માળા, પ્રસાદ, ગુલદસ્તો અને શાલ ચઢાવવા પર પ્રતિબંધ છે. આ આદેશ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે આ પ્રતિબંધ આગામી આદેશો સુધી અમલમાં રહેશે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં સાંઈ બાબા મંદિરને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

વાસ્તવમાં, શિરડીના સાંઈ બાબા સંસ્થાનને ૨ મે, ૨૦૨૫ ના રોજ એક ઈમેલ મળ્યો હતો, જેમાં સાંઈ બાબાના મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાલના તણાવને ધ્યાનમાં રાખીને, દેશભરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, સુરક્ષાના કારણોસર, ૧૧ મે, ૨૦૨૫ પછી આગામી આદેશો સુધી શ્રી સાંઈ બાબા મંદિરમાં માળા, ફૂલો, ગુલદસ્તો, પ્રસાદ, શાલ વગેરે લાવવા પર કડક પ્રતિબંધ રહેશે. ઉપરાંત, સાંઈ બાબા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા તમામ સાંઈ ભક્તોને સુરક્ષાની દ્રષ્ટિએ સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા સાંઈ બાબા મંદિરને ઈ-મેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ અંગે માહિતી મળતા જ પોલીસ ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. પોલીસે આખા મંદિર પરિસરની સંપૂર્ણ તપાસ કરી. જોકે, મંદિર અને તેની આસપાસ કોઈ શંકાસ્પદ વસ્તુ કે બોમ્બ મળ્યો નથી.

આરોપીઓએ મંદિર ટ્રસ્ટના મેઈલ પર સાંઈ બાબા મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મોકલી હતી. શ્રી શિરડી સાંઈ બાબા સંસ્થાનના સીઈઓ ગોરક્ષ ગાદિલકરે જણાવ્યું હતું કે, ''સંસ્થાન (ટ્રસ્ટ) પાસે પોતાનો સુરક્ષા સ્ટાફ છે. ઈમેલ મળ્યા પછી, અમારા સ્ટાફે અનેક પોલીસ ટીમો સાથે મળીને તપાસ હાથ ધરી હતી, પરંતુ કંઈ શંકાસ્પદ મળ્યું ન હતું. તમને જણાવી દઈએ કે દેશભરમાંથી લાખો ભક્તો આ મંદિરની મુલાકાત લે છે.

### 'ભારત જોડો અભિયાન' અંતર્ગત સર્વધર્મ સમભાવ સભા યોજાઈ

# દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવાની નૈતિક ફરજ આપણા બધાની : સર્વધર્મ સભા

## તમામ ધર્મના ગુરૂઓ અને વડાઓ દ્વારા આતંકવાદ સામે ચાલતી લડાઈને સમર્થન જાહેર કરી બિરદાવી



### દેશની સેનાનું બળ અને શક્તિ વધારવા આજે સામુહિક પ્રાર્થના

**સમય મિરર | રાજકોટ**

ભારત જોડો અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવ્રતની હાજરીમાં વિવિધ ધર્મના ગુરૂઓ અને વડાઓ તેમજ અગ્રણીઓ સાથે સર્વધર્મ સંભાવસભા યોજવામાં આવી હતી. આ સભામાં વર્તમાન પરિસ્થિતિઓને લઈને તમામ ધર્મના વડાઓ અને અગ્રણીઓએ કેન્દ્ર સરકાર તેમજ સૈન્ય દ્વારા કરવામાં આવતી કાર્યવાહીને બિરદાવી હતી અને દેશની અખંડતા અને એકતા માટે તમામ ધર્મના લોકોએ એક થવું જોઈએ તે આપણી નૈતિક ફરજ છે તેવો સુર વ્યક્ત કર્યો છે.

ભારતે હંમેશા 'વસુધૈવ કુટુમ્બકમ'ના મંત્રને પ્રાધાન્ય આપ્યું છે. ભારતમાં વિવિધતામાં એકતા રહેલી છે. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, જૈન, બૌદ્ધ,પારસી જેવા ધર્મો અહીં શાંતિપૂર્વક સહઅસ્તિત્વ ધરાવે છે,જે ભારતની આધ્યાત્મિક અનેધાર્મિક વિરાસતના દર્શન કરાવે છે.

આ પ્રસંગે રાજ્યપાલના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા,ગાંધીનગર કલેક્ટર શ્રી મેહુલ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી હિતેન્દ્રસિંહ વાઘેલા, તેમજ હિન્દુ, શીખ, ઈસાઈ, મુસ્લિમ, પારસી, જૈન સહિત વિવિધ સંપ્રદાયોના સંતો, મહંતો, ધર્મગુરુઓ, વડાઓ,સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સર્વધર્મ સમભાવનું સાચા અર્થમાં વિશાળ દર્શન કરાવ્યું હતું.

**(૧) પૂજ્ય દિલીપદાસજી મહારાજ:(અમદાવાદ)**

મજબૂત નિર્ણય શક્તિના પરિણામે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આતંકવાદને જે મુહતોડ જવાબ આપ્યો છે તેની સાથે આજે આખો દેશ ઊભો છે. દેશ વિરોધી આ લડાઈમાં સર્વધર્મના નાગરિકો એકસાથે છે.સંત સમાજ આપણી સરકાર અને સેના સાથે છે,અમે તમામ સહયોગ આપવા કટિબદ્ધ છીએ.

**(૨) શીખ સમુદાયના પ્રતિનિધિ રાજપાલસિંઘ:**

સૌ પ્રથમ આપણે ભારતીય છીએ. આપણે બધા હંમેશા સરકાર અને સેનાની સાથે છીએ. યુદ્ધ એ કલ્યાણ નથી પણ આતંક વિરુદ્ધ જવાબ આપવો તે આપણો ધર્મ છે.અનેકતામાં એકતા એજ ભારતની વિશેષતા રહી છે ત્યારે આ પરિસ્થિતિમાં એકતા બનાવી રાખવી આપણા સૌની પ્રથમ ફરજ છે.

**(૩)મુસ્લિમ સમુદાયના આરીફ મુલતાની:**

તાજેતરમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરું છું.આપણી બહેનોનું સિંદૂર મિટાવનાર આતંકવાદીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય સેના'ઓપરેશન સિંદૂર'થકી તેમનું સિંદૂર મિટાવાનું કામ કરી રહી છે તેમની સાથે આખો દેશ ઊભો છે.આપણે સાથે મળીને દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવાની નૈતિક ફરજ નિભાવવાની છે.

**(૪)ઈસાઈ ધર્મના પ્રતિનિધિ રેવરન્ટ જુલિયસ (અમદાવાદ);**

આપણી સેના અત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આતંકવાદી વિરુદ્ધ જે સચોટ કાર્યવાહી કરી રહી છે તેનું અમારું સંપૂર્ણ સમર્થન છે.આપણે દેશહિતમાં જે કરવું પડે તે કરવા તૈયાર છીએ. સૌએ એકસાથે ભારત દેશની રક્ષા કરીને અખંડિતતા જાળવી રાખવા પ્રયત્ન કરવો પડશે. દેશની સેનાનું મનોબળ વધે અને ઈશ્વર તેમને શક્તિ આપે માટે અમે આવતીકાલે અમદાવાદ ખાતે સામૂહિક પ્રાર્થના કરવાના છીએ.

**(૫) સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સ્વામી રામકૃષ્ણદાસજી:**

આતંકવાદ સમગ્ર માનવતાનો વિરોધી છે ત્યારે યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સબળ નેતૃત્વ આપણી સેના દુશ્મનોને જે જવાબ આપી રહી છે તેની સાથે આજે સમગ્ર દેશ ઊભો છે. આતંકીઓનો વધ નિશ્ચિત છે ત્યારે યુદ્ધમાં જેમ હનુમાનજીએ અર્જુનના રથ પર બિરાજમાન થઇને લડવા માટે શક્તિ આપી હતી તેમ ભારતીય સેનાના પણ હનુમાનજી શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું.

**(૬) મહામંડલેશ્વર સ્વામી રામમનોહરદાસજી:**

આપણે સૌએ સાથે મળીને અનેકતામાં એકતાના સંદેશને સાર્થક કરવાનો છે. અમે સૌ દેશ અને દેશની સેના સાથે છીએ.

**(૭) મોદીસ કાજી:**

ભારતના પેહલગાવમાં થયેલા આતંકી હુમલાનો ભારતીય સેનાએ બહાદુરીથી જવાબ આપ્યો છે. હાલનો સમય દેશ માટે સૌએ સાથે મળીને દેશ સેવામાં બનતું યોગદાન આપવાનો છે.

**(૮)પારસી આગેવાન ઝેર્સેક રાવ:**

પ્રવર્તમાન સ્થિતિમાં માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના પારસી સમુદાયના તમામ નાગરિકો દેશની સાથે છે. દેશસેવાના આ અવસરમાં તેઓ દેશ અને સેનાના પડખે છે.

**(૯)જૈન આગેવાન શ્રીપાલજી:**

અમારો જૈન સમાજ અહિંસામાં માને છે પરંતુ રાષ્ટ્રધર્મ સર્વોપરી છે ત્યારે દેશસેવામાં અમારાથી બનતી તમામ મદદ કરવાની ખાતરી આપું છું વાત જ્યારે દેશની આવે ત્યારે ધર્મને ભૂલીને અમે સેનાને મદદ કરીશું.

**(૧૦)શીખ આગેવાન ઈશ્વરસિંઘ બગ્ગા ( ગોવિંદધામ થલતેજ):**

ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિ છે ત્યારે આવી સ્થિતિમાં આપણે સૌએ ધર્મ ભુલીને ભારતીય બનવાનું છે.

**(૧૧) આર. કે. પટેલ:**

દેશની કટોકટીની સ્થિતિમાં અમારા સમાજનો દરેક નાગરિક સરકા-રની સાથે છે. સરકાર દ્વારા આપવામાં આવતી તમામ માહિતી અને સૂચનાઓનું સુયોગ્ય અમલીકરણ કરાવવામાં આવશે.

**(૧૨) શીખ આગેવાન કશ્મીરા સિંઘ:**

ભારતે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે ત્યારે સૌએ સાથે મળીને ભારતીય બનીને વિશ્વને આપણું સામર્થ્ય બતાવવાનો સમય આવી ગયો છે.

**(૧૩) જતિન્દરપાલ સિંઘ ( ગુરુદ્વારા, ગાંધીનગર):**

તમામ ધર્મ અને તમામ લોકોથી ઉપર છે રાષ્ટ્ર. કોઈપણ ધર્મ હિંસા નથી શીખવતું પરંતુ હાલની સ્થિતિમાં દેશની રક્ષામાં માટે જે કોઈ પણ પગલાં ભરવામાં આવી રહ્યાં છે તે યોગ્ય છે.

**(૧૪) આગેવાન મૌલવી હબીબ:**

સમગ્ર વિશ્વ ભારતને આજે એક મજબૂત રાષ્ટ્ર તરીકે જોઈ રહ્યું છે. આ સ્થિતિમાં ભારત દુનિયાને બતાવી દેશે કે ભારત કેટલો શક્તિશાળી દેશ છે. દેશના દુશ્મન જે ભાષામાં સમજે તેમને તે ભાષામાં જ સમજાવવાનો સમય આવી ગયો છે.

**(૧૫) દાઉદી વોરા પ્રમુખ મુલ્લાં કુતબુદ્દીન અખ્તરભાઈ: (અમદાવાદ)**

દેશ પર આવેલા આ સંકટના સમયમાં અમારા સમાજનો દરેક નાગરિક સરકારની પડખે છે. હવે દેશમાં કોઈ જ ધર્મ નથી હવે તમામ નાગરિકો ભારતીય છે.

# વડોદરામાં માજી-વર્તમાન નગરસેવકોને સસ્પેન્ડ કરાવવામાં ધારાસભ્યની ભૂમિકા

## શૈલેષ મહેતાના ઈશારે પક્ષ દ્વારા કાર્યવાહી કરાઈ હોવાનો આક્ષેપ

**સમય મિરર | વડોદરા**



તાજેતરમાં વડોદરાના વહીવટી વોર્ડ નં ૧૫ ના કોર્પોરેટર આશિષ જોશી અને પૂર્વ કોર્પોરેટર અરવિંદ પ્રજાપતિને પાર્ટીએ પ્રાથમિક સભ્યપદમાંથી પાણીચુ પકડાવી દેવામાં આવ્યું છે.

આ અંગે આશિષ જોશી દ્વારા ધારાસભ્ય સામે સવાલો ઉઠાવીને તેમને શંકાના દાયરામાં લાવવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જે ધારાસભ્ય સામે તેઓ સવાલ ઉઠાવી રહ્યા છે, તેમની જોડે એક સમયે તેઓ અત્યંત નિકટતા ધરાવતા હતા. અને આજે સંજોગો એવા વિપરીત થયા કે, તેમના વિરૂદ્ધ આરોપો મુકાઇ રહ્યા છે.

કોર્પોરેટર આશિષ જોશીએ આરોપ મુકતા જણાવ્યું કે, ડભોઇના BJP ના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા) ના ઇશારે મને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તેમણે ઉચ્ચ સ્તરે ખોટી રજુઆતો કરીને પ્રોપેગેન્ડા સાથે નોટીસ અપાવી સસ્પેન્ડ કરાવ્યો છે. તેઓ બોટકાંડમાં શાળા સંચાલકોને બચાવી રહ્યા છે. મને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયો છે, પરંતુ મારા આત્મામાંથી ભાજપની વિચારધારા નહીં જાય. બોટકાંડના પીડિતોને ન્યાય અપાવવાનો મારો એજન્ડા છે. આશિષ જોશીને સસ્પેન્ડ કર્યા બાદ તેમણે ભાજપ કાર્યાલયમાં એક પત્ર આપ્યો હતો. જેમાં જણાવ્યું કે, ભાજપના શહેર મહામંત્રી સત્યેન કુલાબકરે મને ફોન કરીને આ અંગે જણાવ્યું હતું. પાર્ટીના સંવિધાન મુજબ પાર્ટીની ડીસીપ્લીનરી કમિટીએ મને સાંભળ્યો નથી, કે મારા પર કોઇ ચાર્જ ઘડ્યો નથી. મારા કયા કૃત્યથી પાર્ટીની છબી ખરડાઇ છે, તેના પુરાવા આપવા મેં રજુઆત કરી છે.

### કેટરીંગમાં જતા સમયે બનેલો બનાવ : સારવારમાં ખસેડાયા

# ટંકારાના વિરપર નજીક છોટાહાથી પલટી મારી જતાં ૧૫ લોકોને ઈજા

**સમય મિરર | મોરબી**



મોરબી રાજકોટ હાઈવે રોડ પર વિરપર ગામ નજીક આજે સવારે ૭ વાગ્યાના અરસામાં એક છોટા હાથી વાહનમાં કેટરિંગનું કામ કરવા માટે જતાં માણસો જય રહ્યા હતા ત્યારે કોઈ કારણોસર તે વાહન પલ્ટી મારી ગયું હતું જેથી છોટા હાથીમાં બેઠેલા ૧૫ લોકોને ઈજા થઈ હતી જેથી તેને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને આ બનાવની હોસ્પિટલ મારફતે એ ડિવિઝન પોલીસને પ્રથમ જાણ કરવામાં આવી હતી જેથી પોલીસે પ્રાથમિક તપાસ કરીને બનાવ ટંકારા તાલુકા પોલીસની હદમાં બનેલ હોવાથી ત્યાં આ બનાવની જાણ કરી હતી. હાલમાં ઈજા પામેલા લોકો પાસેથી મળી રહેલા માહિતી મુજબ રાજકોટના કુવાડવા નજીક આવેલા ખીજડિયા ગામે ધાર્મિક પ્રસંગમા ભોજન પીરસવા માટે કેટરિંગનું કામ કરતી યુવતીઓ અને મહિલાઓ મોરબીથી જઇ રહી હતી ત્યારે છોટા હાથી વાહન પલ્ટી મારી ગયું હતુ અને અકસ્માતનો બનાવ બનેલ છે.

આ અકસ્માતમાં એક બે યુવતીઓને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું અને અન્ય લોકોને સામાન્ય ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે.

# ભરૂચમાં ભાજપ પ્રમુખની નિયુક્તિથી નાખુશ સાંસદે પોસ્ટ કરતા નવો વિવાદ છંછેડાયો

## આદિવાસીઓને નજરઅંદાજ કરાયા હોવાનો મનસુખ વસાવાનો પક્ષ સામે જ આક્ષેપ

**સમય મિરર | ભરૂચ**

ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખે તાલુકાઓના હોદ્દેદારોની નિમણૂંક જાહેર કરતાં આંતરિક વિવાદ થઈ ગયો છે. સાંસદ મનસુખ વસાવાએ સોશિયલ મિડીયા પોસ્ટ મુકી વ્યથા વ્યક્ત કરી હતી કે, જિલ્લા પ્રમુખે ધારાસભ્યો કે સાંસદને વિશ્વાસમાં લીધાં વિના જ વરણી પ્રક્રિયા કરાઈ છે. તેમાં આદિવાસી વિસ્તારમાં ક્ષત્રીયોની વરણી કરી આદિવાસીઓની અવગણના કરાઈ છે.

જિલ્લા પ્રમુખે તાલુકાના હોદ્દેદારોની વરણી જાહેર કરી છે. જેને લઈને ભાજપનો આંતરિક વિવાદ છતો થયો છે. સાંસદ મનસુખ વસાવાએ સોશિયલ મિડીયામાં પોસ્ટ મુકી છે. જેમાં તેમણે લખ્યું છે કે, ફોદ્દેદારોની વરણીમાં સ્થાનિક ધારાસભ્યો કે સાંસદને વિશ્વાસમાં લેવાયા નથી. જિલ્લા પ્રમુખ તેમની આસપાસની ટોળકીના દબાણથી હોદ્દેદારોની નિમણૂંક કરી છે. આવનારા દિવસોમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણીમાં ભારે નુકસાન પહોંચાડશે. વાલિયામાં પ્રમુખ તરીકે ક્ષત્રિય સમાજમાંથી નિમણૂંક કરાઈ છે તેનો વાંધો નથી પણ તેમની સાથે બન્ને મહામંત્રી આદિવાસીની નિમણૂંક કરવાને બદલે તે પણ ક્ષત્રિયને આપી છે. ઝઘડિયામાં આદિવાસી અને પટેલ સમાજની અવગણના કરાઈ છે. ઝઘડિયામાં પ્રમુખ સામાન્ય છે તો ત્યાં મહામંત્રી તરીકે આદિવાસીને પ્રાધાન્ય મળવું જોઈએ, પટેલ સમાજને પણ અન્યાય થયો છે.

સાંસદ મનસુખ વસાવાએ પોસ્ટમાં જણાવ્યું છે કે, આ વરણીથી કાર્યકર્તાઓ સખત નારાજ છે. આદિવાસીઓના ઘણા પ્રશ્નોને ધ્યાનમાં લેવાને બદલે સતત અવગણના કરાતાં આદિવાસી સમાજ નારાજ છે. નવા આવેલાઓને હોદ્દા મળે છે અને જૂનાની અવગણના થઈ રહી છે.

જિલ્લા ભાજપ પ્રમુખે જિલ્લાના આગેવાનોને વિશ્વાસમાં લીધાં વિના બીટીપી અને આપમાંથી આવેલાં લોકો પર ભરોસો કરે છે. જે લોકસભામાં ભાજપને ગાળો ભાંડતા હતાં, નરેન્દ્ર મોદીની સતત ટીકા કરતાં હતાં તેમને જિલ્લા ભાજપના નેતાઓને વિશ્વાસમાં લીધા વિના ભાજપમાં પ્રવેશ આપ્યો છે. જેથી વર્ષોથી સંઘર્ષ કરતાં કાર્યકર્તાઓ નારાજ થયા છે. તેમ સાંસદે પોસ્ટમાં લખ્યું છે.

# બોગસ લાયસન્સના આધારે હથિયાર લેવાનું વધુ એક કારસ્તાન, સિક્યુરિટી ગાર્ડની ધરપકડ

## ઉત્તરપ્રદેશથી ચાલતું કૌભાંડ ઝડપાયું : ૨૦૦૬થી ચાલતું રેકેટ, લાયસન્સના આધારે ૧૯ વર્ષથી કરતો નોકરી

**સમય મિરર | અમદાવાદ**



નરોડા પોલીસે અબ્બલસિંઘ યાદવ નામના શખ્સને ઝડપ્યો છે, મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી આ યુવક છેલ્લા ૪ મહિનાથી અમદાવાદમાં નોકરી કરે છે, આ આરોપીને હથિયાર અને બોગસ લાયસન્સ સાથે નરોડા પોલીસે પકડી પાડ્યો છે. નરોડા પોલીસે ગત ૧૮ એપ્રિલના રોજ બાતમીના આધારે આ શખ્સની ધરપકડ કરી હતી, તેની પાસેથી બાર બોર હથિયાર અને ૧૦ જીવતા કારતુસ મળી આવ્યા હતા, તેની પાસેના હથિયારના લાયસન્સ અંગે પુછવામાં આવતા તેણે ઉત્તરપ્રદેશના જિલ્લા કલેક્ટરનું લાયસન્સ આપ્યું હતું. જોકે પોલીસને શંકા જતા ટીમ ઉત્તરપ્રદેશ મોકલવામાં આવી અને માલૂમ પડ્યું કે આ હથિયારનું લાયસન્સ બનાવટી છે. જેથી આ મામલે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

નરોડા પોલીસે આરોપીની ધરપકડ કરી હથિયારના લાયસન્સ બનાવવા અંગે પુછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તે અમદાવાદમાં એક સિક્યુરીટી એજન્સીમાં જાન્યુઆરી મહિનાથી નોકરીએ લાગ્યો હતો. તે જ એજન્સીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરનાર રામનરેશ યાદવ નામના શખ્સે ઉત્તરપ્રદેશના એટા જિલ્લા મેજિસ્ટ્રેટના સહી સિક્કા સાથેનું આ લાયસન્સ ૬૦ હજાર રૂપિયામાં વર્ષ ૨૦૦૬માં બનાવી આપ્યું હતું. ઝડપાયેલો આરોપી હથિયાર અને બોગસ લાયસન્સના આધારે છેલ્લા ૧૯ વર્ષથી યુપી, દિલ્હી અને ગુજરાતમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરી ચુક્યો હોવાનો ખુલાસો થયો છે.

આરોપીની વધુ તપાસ કરતા સામે આવ્યું તે તેની પાસે આ પ્રકારનું બાર બોરનું હથિયાર અને લાયસન્સ હોય તો સિક્યુરીટી ગાર્ડ તરીકેની નોકરીમાં સારો એવો પગાર મળે છે, જેના કારણે તેણે પૈસા આપી હથિયાર અને લાયસન્સ મેળવ્યા હતા, જોકે આ આરોપીની ધરપકડ થતાં બનાવટી લાયસન્સ બનાવી આપનાર શખ્સ ફરાર થઈ જતા તેને પકડવા માટે નરોડા પોલીસે ટીમો કામે લગાડી છે, તેના ઝડપાયા બાદ તે આરોપીએ આ રીતે અન્ય કેટલા વ્યક્તિને હથિયારના બોગસ લાયસન્સ આપ્યા છે તે અંગે ખુલાસા થઈ શકે છે.

### કચરો અને કાંપ દૂર કરાશે : ૫ જૂન સુધીમાં કામગીરી પૂર્ણ થશે

# સુભાષબ્રિજથી વાસણા બેરેજ સુધીના પાંચ કિલોમીટરમાં સાબરમતી નદીની સફાઈ થશે

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદ શહેરના મધ્યમાંથી વહેતી સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી કરીને સાફ કરવામાં આવશે. સાબરમતી નદી પર વાસણા ખાતે બેરેજ બનાવવામાં આવ્યો છે. બેરેજના દરવાજાના રિપેરિંગ અને ઉપરવાસમાં માટીના રેમ્પની કામગીરી હાથ ધરવામાં આવનાર છે, જેના માટે થઈને રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી કરવામાં આવનાર છે. સુભાષબ્રિજથી લઈને વાસણા બેરેજ સુધીના અંદાજિત પાંચ કિલોમીટરથી વધુ લાંબી નદી ખાલી કરી દેવામાં આવશે. નદી સંપૂર્ણપણે ખાલી થયા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા નદીની સફાઈ હાથ ધરવામાં આવશે. નદીમાં રહેલો કચરો અને કાપ વગેરે દૂર કરવામાં આવશે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું કે, રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા સાબરમતી નદીને ખાલી કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચોમાસા પહેલા વાસણા બેરેજના દરવાજાના રિપેરિંગ અને ઉપરવાસમાં માટીના રેમ્પ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. ૧૨ મેથી ૫ જૂન સુધી સિંચાઈ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવનાર હોવાથી સાબરમતી નદીને હાલમાં ખાલી કરવામાં આવી રહી છે. નદી ખાલી કરવામાં આવી હોવાથી તેમાં સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. જે જગ્યા પર પાણી ઓછું થયું હશે તે મુજબ સફાઈ કરવામાં આવશે. નદીમાં રહેલો કચરો અને કાંપ સહિતની વસ્તુઓ સાફ થશે. વધુમાં તેઓએ કહ્યું હતું કે, સુભાષ બ્રિજથી લઈ અને વાસણા બેરેજ સુધીની ભાગનો વિસ્તાર લગભગ ખાલી થઈ જશે. અત્યારે સાબરમતી નદી મોટાભાગે ખાલી થઈ ગઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ સામાજિક સંસ્થાઓ તેમજ એનજીઓ સાથે મળી અને જન ભાગીદારી સાથે સફાઈ કામગીરી શરૂ કરવામાં આવશે. સુભાષ બ્રિજ નજીક સાબરમતી નદી પર બુલેટ ટ્રેનનું કામગીરી ચાલી રહી છે, જેથી ત્યાંથી આગળના નદીથી બ્રિજથી લઈને વાસણા બેરેજ સુધીનો ભાગ ખાલી થશે. નદીના કેટલાક વિસ્તારોમાં હજી પાણી ભરાયેલું છે, જે આગામી દિવસોમાં સુકાઈ જશે ત્યારબાદ તબક્કાવાર ત્યાં સફાઈ કરવામાં આવશે. સાબરમતી રાજસ્થાનની અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલ જયસમંદમાંથી ઉદભવે છે અને રાજસ્થાન તથા ગુજરાતમાં એનો તટપ્રદેશ આવેલો છે. ૪૦૦ કિલોમીટરની સફર ખેડ્યા પછી નદી ખંભાતના અખાતને મળે છે. શરૂઆતમાં ૧૦ કિલોમીટરને બાદ કરતાં આ નદી ગુજરાતમાંથી જ વહે છે. હમાવ, ગુહાઈ, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ, વાત્રક, મોહર અને શેઢી જેવી ઉપનદીઓમાં સાબરમતીનો પ્રવાહ ભળે છે. સાબરમતી અને એની ઉપનદીઓ પર કેટલાક બંધ જેવા કે, ધરોઇ ડેમ, હાથમતી ડેમ, હર્ણાવ ડેમ, ગુહાઈ ડેમ, મેશ્વો જળાશય, મેશ્વો બંધ, માઝમ ડેમ અને વાત્રક ડેમ આવેલા છે.

# વેરાવળમાં રાષ્ટ્રહિત માટે ૧૦૦૦થી વધુ બ્લડની બોટલ એકત્ર

## એક રાષ્ટ્ર, એક ભાવના–રક્તદાન કેમ્પ યોજાયો : સરકારી કર્મચારીઓ, સંસ્થાઓ સેવાકાર્યમાં જોડાઇ : અધિકારીઓએ ફરજ બજાવી



તસવીર : મીલન ઠકરાર

**સમય મિરર | વેરાવળ**

પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને જિલ્લા કલેકટર એન.વી.ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ તેમજ અન્ય સંસ્થાઓના સહયોગ થકી વેરાવળ મણિબહેન કોટક સ્કૂલમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો છે. આ કેમ્પ થકી આશરે ૧,૫૦૦ જેટલા બ્લડ યુનિટ એકત્ર કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, પ્રવર્તમાન સ્થિતિમાં જો બ્લડની જરૂરિયાત ઉભી થાય તો કોઈ મુશ્કેલી ઊભી ન થાય તે માટે આ આયોજન કરાયું છે. રખેને કોઈ કપરી પરિસ્થિતિનું નિર્માણ થાય તો તેને સંપૂર્ણ રીતે પહોંચી વળવા સક્ષમ બની શકાય. ૩૨ બેડની વ્યવસ્થા તેમજ મેડિકલ ટીમ્સ થકી સુનિયોજીત વ્યવસ્થામાં નાગરિકો બ્લડ ડોનેટ કરી રહ્યાં છે. આ સમય માતૃભૂમિ માટે ઋણ અદા કરવાનો છે. જેથી અચૂક સ્વૈચ્છિક રક્તદાન કરી સેવાના આ મહાયજ્ઞમાં સહભાગી બનીએ.

ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસના પૂર્વ ચેરમેન કિરિટભાઈ ઉનડકટે જણાવ્યું હતું કે, ભારત દેશની રક્ષા કરવા કાજે સેનાના જવાનો દેશની સુરક્ષા માટે સતત કાર્યરત છે. સરહદ પર સંઘર્ષના સમયે ઘાયલ જવાનો માટે લોહીની જરૂર ઉદ્ભવે અને અન્ય જરૂરિયાતમંદ દર્દીઓ માટે પણ લોહી ઉપલબ્ધ રહે તે માટે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો છે.

માતૃભૂમિનું ઋણ ચૂકવવાના અવસરને વધાવી મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં એન.સી.સી. કેડેટ્સ, વિવિધ સમાજના પ્રતિનિધિઓ, વ્યાપારી મંડળો, વિવિધ સામાજિક સંસ્થાઓ અને ધાર્મિક સંગઠનો, અગ્રણીઓ, અધિકારીઓ-કર્મચારીઓ ઉત્સાહપૂર્વક સહભાગી થયાં હતાં તેમજ સેવાભાવી યુવાનો અને અન્ય તબીબી સંસ્થાઓનો પણ સહકાર મળ્યો હતો.

સેવાના આ મહાયજ્ઞમાં સહભાગી થનાર તમામને મહાનુભાવોના હસ્તે સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયાં હતાં.

આ કેમ્પમાં નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબહેન જાની, જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક યોગેશ જોશી, પ્રાંત અધિકારી વિનોદ જોશી, નેવલ ઓફિસર અક્ષય ઠક્કર, ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ ચેરમેન અતુલભાઈ કાનાબાર, ડો.સંજયભાઈ પરમાર સહિતના અગ્રણીઓ, એન.સી.સી.કેડેટ્સ, વિવિધ સમાજના પ્રમુખો, આગેવાનો સહિત વિવિધ એસોસિએશનના સભ્યો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ગુરુવારે નેત્ર નિદાન કેમ્પ

વેરાવળમાં સ્વ.રામેશભાઈ મસાણી જન સમાજ સેવા સંઘ બ્લડ બેંક ખાતા આગામી તા .૧૫ના ગુરુવારે સવારે ૭ થી ૧૧ સુધી મુક્ત નેત્ર યજ્ઞા જુઓ માટેની મફત સારવારના કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પના દાતા ચુકે કૃષ્ણ ફંડોર દિવ્ય જીવન રાષ્ટ્રરાજ્ય શિબિર સહયોગી મિશન વીરનગર દ્વારા તત્કાલિન ચાલક પોલીસ ઓ ને ડોક્ટર દ્વારા તપાસ કરનાર છે. આ કેમ્પમા મહિલાઓ જે જોવામાં જોવામાં આવે છે તે વ્હેલા તે પહેલાના ધોરણે નામ લખે છે લેવા માટે લડાઈ સાથે જોડાઈને જમાવાની વ્યવસ્થા દાતા દ્વારા આવવું જોઈએ . આ કેમ્પની વધુ માહીતી માટે જયંતીભાઈ આંજણી મો. ૯૨૨૮૨ ૩૪૫૬૧ વરો સુમાનભાઈ સિંઘલ મો. ૯૨૨૮૩ ૫૩૧૯૬ સંપર્ક કરવા માટે એક યાદીમાં છે.

### ઉચ્ચ અધિકારીઓએ ઉદાહરણ પ્રસ્તુત કર્યું



પ્રવર્તમાન પરિસ્થિતિમાં જો રક્તની જરૂરિયાત ઉભી થાય તો સામાન્ય નાગરિકો સહિત કોઈને પણ મુશ્કેલી ન ભોગવવી પડે તેવા શુભ હેતુસર ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ તેમજ અન્ય સંસ્થાઓના સહયોગ થકી વેરાવળ મણિબહેન કોટક સ્કૂલમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો છે.માતૃભૂમિનું ઋણ ચૂકવવાના અવસરમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક યોગેશ જોશી, જિલ્લા શિક્ષણ અધિકારી એમ.પી.બોરિચા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અશોક પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.ચૌહાણ, ખેતીવાડી અધિકારી અશોક ચૌધરી તેમજ રેવન્યૂ વિભાગ, ખેતીવાડી, શિક્ષણ વિભાગ સહિત સરકારના અલગ-અલગ વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક પોતાની સહભાગીદારી નોંધાવી હતી.

# ચોરવાડના ધારાસભ્ય દ્વારા આજે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

## રણછોડદાસજી બાપુ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો સેવા આપશે

**સમય મિરર | વેરાવળ**



ચોરવાડ ખાતે સોમનાથના ધારાસભ્ય તથા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા ફ્રી ધોરણે નેત્ર નિદાન સાથે ઓપરેશન કરાવી શકે તેવા કેમ્પનું આયોજન તા.૧૨ ને સોમવારે સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ધારાસભ્યના જૂના નિવાસ સ્થાન ખાતે કરવામાં આવેલ છે જેમાં ચોરવાડ, સોમનાથ મતવિસ્તાર, માળીયા હાટીના, માંગરોળ, તાલાલા, કેશોદ સહિત આજુબાજુના તાલુકાઓના લોકોને લાભ લેવા જણાવેલ અનુરોધ કરેલ છે.

સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા તથા ચોરવાડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જલ્પાબેન વિમલભાઈ ચુડાસમા દ્વારા લોકોની આર્થિક અને શારીરિક પરિસ્થિતિને અનુલક્ષીને લોકો ફ્રી ધોરણે નેત્ર નિદાન સાથે ઓપરેશન પણ કરાવી શકે તેવા હેતુથી ચોરવાડના લીમડા ચોક ખાતે આવેલ જૂના નિવાસ સ્થાન ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખના રોગો માટે રણછોડદાસ બાપુ આશ્રમ હોસ્પિટલ રાજકોટ ની ટિમ દ્વારા નિદાન સાથે દવાઓ, ઓપરેશન ના દર્દીઓને હોસ્પિટલ પહોંચાડી ફ્રી ધોરણે ઓપરેશન સહિતની સુવિધા ઓ પૂરી પાડવામાં આવનાર છે. આ કેમ્પનો લાભ લેવા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા અને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જલ્પાબેન વિમલભાઈ ચુડાસમાએ લોકોને એક યાદીમાં જણાવેલ છે.

# કેશોદમાં બૌદ્ધ સમૂહ લગ્નોત્સવમાં ૧૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા

## દાતાઓનું સમિતિ દ્વારા મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરાયું

**સમય મિરર | કેશોદ**



તસવીર : રાજુ પંડ્યા

કેશોદ બૌદ્ધ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા સાતમાં સમુહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદના આંગણે યોજાયેલાં બૌધ્ધ સમૂહ લગ્નોત્સવમાં ૧૯ નવદંપતિઓ પ્રભુતામાં પગલાં પાડયુ હતા.આ સમુહ લગ્ન બૌદ્ધ ધર્મના વિચારો પંચશીલ વિધિ મુજબ અશોકભાઈ શ્રીમાળી અનિલભાઈ પરમાર અને માતા રમાબાઈ મહિલા મંડળ દ્વારા લગ્નવિધિ કરવામાં આવી હતી. કુદરતી બદલાયેલાં વાતાવરણમાં અગતરાય રોડ પર બૌદ્ધ સમુહ લગ્નોત્સવ સમિતિ આયોજિત સાતમાં સમુહલગ્નમાં સાંજે છ વાગ્યે જાન આગમન થતાં જ સ્વાગત કરવામાં આવ્યું હતું. સમુહ લગ્નોત્સવમાં જોડાયેલ દિકરીઓને સોના ચાંદીના દાગીના, ફર્નીચર, ઘરવપરાશની ચીજવસ્તુઓ અને ઘરવપરાશની ઈલેક્ટ્રોનિક વસ્તુઓ દાતાઓના સહયોગથી આપવામાં આવ્યાં હતાં. કેશોદ બૌદ્ધ સમુહ લગ્નોત્સવ સમિતિ આયોજિત સમુહ લગ્નોત્સવમાં નવદંપતિઓ ને આશીર્વાદ આપવા ધારાસભ્ય દેવાભાઈ માલમ, જુનાગઢ જીલ્લા ભાજપના પ્રમુખ ચંદુભાઈ મકવાણા, તાલુકા પંચાયતના પ્રમુખ ભનુભાઈ ઓડેદરા, કેશોદ માર્કેટિંગ યાર્ડના હમીરભાઈ, પુંજાભાઈ બોદર સહિત આગેવાનો હોદેદારો પદાધિકારીઓ દાતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં તમામ મહેમાનો નું પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદ બૌદ્ધ સમુહ લગ્નોત્સવ સમિતિ આયોજિત સમુહ લગ્નોત્સવમાં સમુહ ભોજન ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કેશોદના આંગણે બૌદ્ધ સમુહ લગ્નોત્સવ સમિતિ આયોજિત સાતમાં સમુહ લગ્નોત્સવ ને સફળ બનાવવા જેન્તીભાઈ ધુળા ની રાહબરી હેઠળ સમિતિના સૌ હોદેદારો કાર્યકરો અને માતા રમાબાઈ મહિલા મંડળની બહેનો દ્વારા જહેમત ઉઠાવી હતી.

## વિશ્વ કલ્યાણ માટે ૧૦ હજાર લોકોની પ્રાર્થના

# ઊનાના ફુલકા ગામે વંશ પરિવાર દ્વારા પાટોત્સવની રંગેચંગે ઉજવણી

**સમય મિરર | ઉના**



ઉના તાલુકાના ફુલકા ગામે સમસ્ત વંશ પરીવાર આયોજિત કુળદેવી મહાકાળી માતાજી ના મંદિરે પાટોત્સવ મહા યજ્ઞ રાખવા મા આવેલ જે રંગેચંગે ઉજવાયો હતો આ સંદર્ભે ગિર સોમનાથ જિલ્લા સમસ્ત વંશ પરિવારે મોટીસંખ્યામાં હાજરી આપી હતી. સાથે સાથે ભારત દેશ ના લશ્કર ના જવાનો ની રક્ષા માટે યજ્ઞ નિમિત્તે સંસ્કાર રક્ષા મંત્ર નાં જાપ થકી ખાસ આહુતિ આપવામાં આવી હતી સાથે સમસ્ત વિશ્વ ના કલ્યાણ માટે પ્રાર્થના કરી સર્વે લોકો ની સુખાકારી માટે યજ્ઞ માં આહુતિ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આ તકે નામી અનામી પ્રતિષ્ઠિત લોકો એ હાજરી આપી સમસ્ત વંશ પરિવાર અને ફુલકા ગામ સમસ્ત દ્વારા ચા પાણી તથા ભોજન પ્રસાદ ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ ગિર ગઢડા પોલીસ દ્વારા કાયદો વ્યવસ્થા જાળવવા માં આવેલ હાલ વાતાવરણ માં પલ્ટો આવતા કમોસમી માવઠું હોય વરસાદ અને પવન નાં કારણે કોઈ દર્શનાર્થે આવેલા ધર્મપ્રેમી લોકો ને મુશ્કેલી ન પડે એ માટે ફુલકા ગામે સમસ્ત વંશ પરિવાર અને ગામજનો એ વ્યવસ્થા ગોઠવવી ને એક સાથે પાટોત્સવ નિમિત્તે આવેલા અંદાજીત ૧૦.૦૦૦/ લોકો ને એક સાથે બેસીને મહા પ્રસાદ ભોજન કરાવ્યું હતું

# ધારી-બગસરાના ધારાસભ્ય કાકડીયા દ્વારા એક માસનો પગાર દેશને સમર્પિત

## વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી રાષ્ટ્રહિતમાં સહભાગી થયા

**સમય મિરર | સાવરકુંડલા**



ધારી બગસરા વિધાનસભાના વિસ્તારના જાગૃત અને અડધી રાતનો હોંકારો એવા ધારાસભ્યશ્રી જે. વી.કાકડીયા દ્વારા સૌ પ્રથમ આગળ આવીને ભારત પાકિસ્તાન વચ્ચે થયેલ તણાવ પરિસ્થિતિ વચ્ચે દેશના એક જવાબદાર નાગરિક તરીકે પોતાની નૈતિક ફરજ સમજીને ધારાસભ્ય તરીકે પોતાને મળતા માસિક વતનમાંથી એક માસનો પગાર દેશના રાષ્ટ્રીય રક્ષા કોષમાં સમર્પિત કરતાં રાષ્ટ્રહિતનું કાર્ય કરવા બદલ ખરેખર ગૌરવની લાગણીઓ સાથે ખુબ-ખુબ અભિનંદનીય કાર્યને બિરદાવવું એ જ સાચા અભિનંદન. ધન્ય છે એના માતાપિતાને કે જેણે આવી રાષ્ટ્રીય ભાવનાના અખૂટ સંસ્કારનું તેના જીવનમાં સિંચન કર્યું ધન્ય છે એ પરિવાર પણ..

ઓપરેશન સિંદુર દ્વારા ભારત-પાકિસ્તાન સરહદે ભારતીય સેનાના અપ્રતિમ શૌર્ય અને સમર્પણને સલામ કરતાં, ધારી-બગસરા-ખાંભા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય તરીકે પોતાના એક મહિનાનો પગાર ભારતીય સેનાને સમર્પિત કરી એક અનન્ય દાખલો રજૂ કર્યો છે. આ ઉદાત્ત કાર્ય દેશભક્તિ, ત્યાગ અને સેવાનું પ્રતીક છે, જે ગુજરાતની ધરતીની ગરિમાને વધુ ઉજ્જ્વળ કરે છે. આ પ્રેરણાદાયી પગલાંથી ન માત્ર સૈનિકોનું મનોબળ ઉંચું થશે, પરંતુ સમાજના દરેક વર્ગમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત પ્રજ્વલિત થશે. ધારાસભ્યના આ નિર્ણયને ધારી-બગસરા-ખાંભા વિસ્તારના નાગરિકોએ વધાવી જે. વી કાકડીયાને અભિનંદન પાઠવતાં જોવા મળ્યા હતાં એમનું આ યોગદાન ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે અંકિત થશે એ પણ નિર્વિવાદિત ઘટના ગણી શકાય.

# દીવમાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

## ૦૨૮૭૭૫-૨૫૫૦૨૩ પર સંપર્ક કરવા લોકોને અપીલ



**સમય મિરર | દીવ**

હાલ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધના તનાવની પરિસ્થિતિ છે. દરેક પરિસ્થિતિનો સામનો કરી શકીએ તે હેતુથી દીવ કલેક્ટર રાહુલ દેવ બુરાના માર્ગદર્શન અને નેતૃત્વમાં ડીએમસી બિલ્ડીંગમાં માસ્ટર કન્ટ્રોલ રૂમનો પ્રારંભ કરવામાં આવ્યો જે જનતા માટે ૨૪ કલાક કાર્યરત રહેશે. અને જનતાને કોઈ પણ આપાતકાલીન પરિસ્થિતિમાં સંપર્ક ૦૨૮૭૭૫-૨૫૫૦૨૩ અને ૦૨૮૭૭૫-૨૯૯૪૨૪નો સંપર્ક કરી શકે છે. આ તનાવની પરિસ્થિતિમાં દીવ કલેક્ટર રાહુલ દેવ બુરા, એડીએમ વિવેકકુમાર અને પ્રશાસનના કર્મચારીઓ, પોલીસ વિભાગ સતત મોનીટરીંગ કરી રહ્યા છે.

# પોરબંદરના રંગબાઈ મંદિર નજીકની સરકારી જમીન પર ખડકાયેલા ૨૪ દબાણો તોડી પડાયા

## ૪૦ કરોડ રૂપિયાની સરકારી જમીન તંત્રએ પોતાના હસ્તક લીધી : દબાણકારોમાં ફફડાટ

**સમય મિરર | ગોસા (ઘેડ)**



તસવીર : વિરમ કે. આગઠ

પોરબંદર સોમનાથ નેશનલ હાઈવે રોડ પર આવેલ ઓડદર ગ્રામ પંચાયત ની અંદર આવતા રંગબાઈ મંદિર સામે પૂર્વ તરફની સરકારી રેવન્યુ સર્વે નંબર ૨૦૨૬ માં ગેરકાયદેસર ૨૪ જેટલાં દબાણો ઉપર બુલડોઝર ફેરવી અંદાજે ૪૦ કરોડ રૂપિયાની જમીન ખુલ્લી કરવાવતા દબાણ કર્તાઓ માં ભારે ફફડાટ મચી ગયો છે

રેવન્યુ સર્વે નંબર ૨૦૨૬માં દબાણ કર્તાઓ સામે મામલતદારપોરબંદર (ગ્રામ્ય) દ્વારા જમીન મહેસુલી કાયદા ની કલમ ૬૧ મુજબ કેસ દાખલ કરી દબાણકર્તાઓને રૂબરૂ સાંભળવામાં આવેલ.અને દબાણો સ્વેચ્છાએ દુર કરવા હુકમ કરવામાં આવેલ હતો.

આ ડિમોલેશન ઝુંબેશ અંતર્ગત પોરબંદર જીલ્લા કલેકટર એચ. ડી. ધાનાણી ની સુચના મુજબ પોરબંદર નેશનલ હાઈવે રોડ પર રંગબાઈ મંદિર સામે પૂર્વ તરફ રંગબાઈ મંદિર સામે ૨૪ દબાણ કર્તાઓએ સરકારી જમીનો ઉપર કબ્જો જમાવ્યો હતો. ત્યારે

સરકારી કાયદાકીય અનુસાર નોટિસો આપ્યા બાદ અને વધુ મુદત માટે મહેસુલી જમીન ની કલમ-૨૦૨ની નોટિસ મારફતે જાણ કરવામાં આવેલ અને ૧૫ દિવસની મહેતલ આપવામાં આવેલ આમ છતાં દબાણ કર્તાઓએ સ્વેચ્છાએ દબાણ દુર કરવામાં આવેલ નહી.

આખરે જીલ્લા કલેકટર ની સુચના મુજબ દબાણો દુર કરવા પોરબંદર મામલતદાર (ગ્રામ્ય) ના જે.કે.મારૂ, સર્કલ ઓફિસર માધવપુર ના અંકુરભાઈ વિ. પરમાર, સર્કલ ઓફિસર પોરબંદર ના પી. એચ. સોલંકી, મહેસુલી તલાટી ઓડદરના ભાવિષાબેન એસ. થાનકી સહિત ની ટીમ દ્વારા તા.૦૭ થી ૦૯/૦૫/૨૦૨૫ એમ ત્રણ દિવસ સરકારી રેવન્યુ સર્વે નંબર ૨૦૨૬ માં કરવામાં આવેલ દબાણો દુર કરવા બે જેશીબી મશીનો દ્વારા ડિમોલિશન ની કામગીરી હાથ ધરાવામાં આવી છે. અને ૨૪ જેટલાં દબાણો દુર કરતા કુલ ૧,૭૫,૮૮૦ ચોરસ મીટર જમીનમાંથી રહેણાંક મકાન સિવાય ની ૧,૫૨,૦૦૦ ચોરસ મીટર જેટલી જમીન કે જેની આશરે કિંમત ૪૦ કરોડ રૂપિયા થાય છે તે જમીન પર કરેલા દબાણો દુર કરવામાં આવ્યા છે. અને હજુ પણ બાકી રહેતા અન્ય દબાણો પણ જાહેર રજા બાદ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ પોરબંદર મામલતદાર ગ્રામ્ય દ્વારા જણાવવામાં આવેલ છે.

# ઊનાનાં ગરાળ ગામે માતાની સ્મશાન યાત્રામાં ચાર પુત્રીએ કાંધ આપી

## સમાજને પ્રેરણાદાયી ઉદાહરણ પુરું પાડ્યું

**સમય મિરર | ઉના**



ઉના તાલુકાનાં ગરાળ ગામે સ્વ ભાવનાબેન ભાણજી ભાઈ બાભણિયા નું બિમારી સબક અવસાન થતાં તેમના પરીવાર માં પુત્ર નહીં હોવાથી ચાર પુત્રી એ સ્મશાન યાત્રામાં જોડાઈ અર્થી ને કાંધ આપી સમાજ માં ઉદાહરણ પૂરું પાડ્યું હતું

સ્વ ભાવનાબેન ભાણજી ભાઈ બાભણિયા ની બન્ને કિડ ખરાબ થતાં તેમનું રાજકોટ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થતા તેમના મૃતદેહને તેમનાં માદરે વતન ગરાળ ગામે લાવવામાં આવ્યો હતો અને ગ્રામજનો દ્વારા સ્મશાન યાત્રા ની તૈયારી કરી ધાર્મિક શાસ્ત્રો વિધી વખતે મૃતક ને સંતાન માં ચાર દિકરીઓ હોય તેમણે માતા ની અર્થી ને કાંધ આપી ને અંતિમસંસ્કાર કરીને ધાર્મિકવિધિ પુરી કરી હતી અને સમાજને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડયું હતું

ગરાળ ગામ નાં ભાણજી ભાઈ બાભણિયા ને ચાર દિકરીઓ મનિયા, અરૂણા, નિકિતા. અંજલી એ પોતાની માતા નાં અંતિમયાત્રા નીકળતા કાંધ આપતી વખતે ઉપસ્થિત તમામ લોકો ની આંખો માં આંશુ વહેતાં થતાં કરૂણ દ્રષ્ય સર્જાયા હતા અને શોકમય વાતાવરણ ફેલાયું હતું.

# ઊના હોસ્પિટલમાં આપાતકાલીન સુવિધા ઉપલબ્ધ

**સમય મિરર | ઉના**

આપાતકાલ ઈમર્જન્સી રાષ્ટ્રને જ્યારે આકસ્મિક યુદ્ધ ના યોદ્ધાઓને અને ભારતીય નાગરિકોની સેવા સુશ્રુશાની તાતી જરૂરિયાત છે ત્યારે દેશમાં ચાલતી આપાતકાલીન પરિસ્થિતિને અનુલક્ષીને ઉના સરકારી હોસ્પિટલમાં બે ઓક્સિજન પ્લાન્ટ પુરતો દવા નો જથ્થો ૧૦ બેડ નું આઈ સી યુ વ્યવસ્થા જનરેટર ડીઝલ હોસ્પિટલ ઉપર નાં ભાગે રો -ક્રોસ બે એમરજનસી એમ્બ્યુલન્સ ડ્રાઈવર સાથે તૈયાર કરી ને સંપૂર્ણ વ્યવસ્થા ઊભી કરી દેવાઈ છે વધું મેડિકલ ઓફીસર ની માંગણી કરાય છે તમામ કર્મચારીઓ ની રજા રદ કરી ને તાત્કાલિક ફરજ પર હાજર થવા તેમજ કર્મચારી અધિકારી એ પોતાનાં હેડ ક્વાર્ટર નહીં છોડવાં આદેશ આપી દેવામાં આવ્યો છે

તમામ સરકારી હોસ્પિટલ નાં કર્મચારીઓ ને આપાતકાલીન વખતે એમરજનસી ટ્રેનિંગ પણ અપાય છે ગીર સોમનાથ નું ઉના સેન્ટર દરીયાઇ નજીક હોવાનાં કારણે સંવેદનશીલ ગણાતું હોવાનાં કારણે તમામ વહિવટી તંત્ર ને એલર્ટ કરી દેવામાં આવ્યું છે દરિયા કિનારે સીમા અંદર પણ મરીન પોલીસ નું પેટ્રોલીંગ નિયમિત શરૂ કરી દેવાયું છે યુવાનો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ કરી લોહી ની વ્યવસ્થા ઊભી કરી રહ્યા છે ભારત પાકિસ્તાન વચ્ચે ચાલતાં ભારે યુદ્ધ નાં તણાવ અને સમગ્ર દેશ ની એમરજનસી સેવા તેમજ નાગરીકો ની સુરક્ષા વ્યવસ્થા ને ગુજરાત સરકાર દ્વારા મજબૂત બનાવી જિલ્લાભરમાં તંત્ર એકસન મોર્ડ માં સંપુર્ણ તૈયાર હોવાનું બહાર આવ્યું છે

# દીવના બે છાત્રો રમશે ખેલો ઈન્ડિયા યુથમાં

**સમય મિરર | દીવ**



દીવ ગેલેક્સી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના બે વિદ્યાર્થી હર્ષ મુકેશ સોલંકી અને સોલંકી અનુષ્કા કુમારની ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ નેશનલ સ્તરે શુટીંગ સ્પર્ધામાં પસંદગી પામતા દીવનું ગૌરવ વધાર્યુ છે.

# ઊના સિવિલમાંથી બાળકને ખાનગી હોસ્પિટલમાં શિફ્ટ કરાયો


## નિષ્ણાંત તબીબો હોવા છતાં પ્રાઈવેટમાં લઈ જવાની ફરજ પડતા વિવાદ : સત્તાધીશોની મનમાનીથી દર્દીઓ લાચાર

**સમય મિરર | ઉના**

ઉના સરકારી હોસ્પિટલ માં પ્રસૂતા માટે આવતી સગર્ભા સ્ત્રીઓ પ્રસ્તૃતિ ની પીડા સાથે આર્થિક રીતે પણ પીડા સહન કરતી હોવાના અનેક કિસ્સા બહાર આવી રહ્યા છે સબ ડિવિઝન હોસ્પિટલ બન્યા બાદ અહિં ગાયનેક ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટ ની રેગ્યુલર નિમણૂંક કરાઈ છે પરંતુ ખાટલે મોટી ખોટ હોય તેમ ઈનચાર્જ સુપ્રિટેન્ડેન્ટ મૌન બની દર્દી ને એન કેન પ્રકારે હેરાન કરવા માટે તબીબો ની ચાલતી એક ચોક્કસ સાંકળ ને તોડવા નિષ્ફળ રહ્યા છે.

ગત તારીખ ૮/૫/૨૦૨૫ ના વહેલી સવારે ૮/૦૦ ના સમયે ઉના ની એક મહિલા પ્રસુતિ માટે આવેલ હોય અને તેને દાખલ કરાયા પછી ખાટલો નહી આપતાં સવાર ના ૭ વાગ્યા થી બપોર ના ૧૨ વાગ્યા સુધી બહાર ગ્રાઉન્ડ મા બેસીને પિડા ભોગવી રહી હતી ત્યાર બાદ ઈનચાર્જ સુપ્રિટેન્ડેન્ટ નો સંપર્ક કરતા તેને આ મહિલા અંગે વાત કરતા મહા મુસીબતે બેડ આપ્યા બાદ સાંજ ના સમયે સિરઝીરીયન ઓપરેશન દ્વારા બાળ લેવાયુ હતુ દર્દી ના નજીક ના સગા ને જણાવાયુ કે બાળક રડ્યું નથી તેને બહાર લઈ જાવ અને હોસ્પિટલ ના ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટ દ્વારા વેરાવળ ની રીફર ચીઠ્ઠી લખી આપી અને નવજાત શિશુ ને હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબે તેના નજીક ના પરીવાર ની હોસ્પિટલમા બાળ ને મોકલી દેવાયુ અને ૨૪ કલાક પેટી મા રાખી રીપોર્ટ અને દવા સારવાર ના ૪૨૫૦ રૂપિયા ગરીબ પરીવાર ની પ્રસૃતા પાસે ચાર્જ લેવાયો આ દર્દી પાસે પૈસા ની વ્યવસ્થા નહીં હોવાથી ઉછી ઉધાર કરી પ્રાઈવેટ હોસ્પિટલ નુ બીલ ચુકવ્યુ હતુ

હોસ્પિટલમાં બાળ રોગ નિષ્ણાંત હોવા છતાંય તેને સલાહ આપવામા આવી હતી કે બાળક ને હવે તપાસ અર્થે પ્રાઈવેટ હોસ્પિટલ લાવવાનુ રહેશે આ સમગ્ર ઘટના મીડીયા સમક્ષ આવતા આ બાબતે ઈનચાર્જ સુપ્રિટેન્ડેન્ટ નો સંપર્ક કરતા તેણે તબીબ ને બોલાવી દર્દી ને નાણા પરત કરાવવા આગ્રહ કરતા બાળ રોગ નિષ્ણાત એ પોતાની હોસ્પિટલ મા જઈ પૈસા પરત મેળવી લેવા જણાવ્યુ હતુ ગુજરાત રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા મમતા કાર્ડ હેઠળ પ્રસૂતા માટે આવતી સગર્ભા સ્ત્રીઓ ની પ્રસૂતિ મફત કરાવવા ની થતી હોય અને પ્રસૂતિ બાદ માતા અને જનની શિશુ સુરક્ષા વ્યવસ્થા નો થતો ખર્ચ સરકાર આપતી હોવા છતાં દર્દી ને તેનો લાભ નહીં આપી અહીં કોન્ટ્રાક્ટ બેઝ તબીબો ઓપરેશન બાદ નવજાત શિશુ ને યેનકેન પ્રકાર ના બહાના હેઠળ પોતાની ખાનગી હોસ્પિટલમા ધકેલી દેતા હોય અને નાણાં દર્દી પાસે ખંખેરી લેતાં હોવાનું ખુદ સુપ્રિટેન્ડેન્ટ જાણતા હોવા છતાં મૌન બની આવી લાલિયાવાડી ચલાવતા હોવાનું જોવા અને જાણવા મળ્યું હતુ મીડીયા ટીમે અન્ય પ્રસૂતા ને પુછતાં તેમણે પણ પોતાના બાળકો ને ખાનગી હોસ્પિટલમા મોકલ્યા હોવાનુ આડકતરી રીતે સ્વિકાર્યું હતું.


સી. એમ. ૧૨૧ જી.
ફેરબદલી ફોર્મ
બીબી અધિકારી ... SDH UNA દવાખાના
બીબી અધિકારીને ... SDH ... હોસ્પિટલ
દર્દીને દાખલ કરવા વિનંતી–
જાતિ– 1 DOL
સહી
જ્યારે દર્દીને દાખલ કરવામાં આવે ત્યારે હોસ્પિટલના તબીબી અધિકારીએ દવાખાના તબીબી અધિકારીને જણાવવું.

### ઉના હોસ્પિટલ એન. આઈ. સી. યુ યુનિટ તૈયાર હોવા છતાં ચાલુ નથી કરાતું?

આરોગ્ય વિભાગ દ્વારા ઉના સરકારી હોસ્પિટલ માં અત્યંત આધુનિક ટેકનોલોજી સાથે નું એન આઈ સી યુ યુનિટ તૈયાર હોવા છતાંય પણ તેનો ઉપયોગ નહી કરી ને પ્રસૂતા બાદ નવજાત શિશુ ને યેનકેન પ્રકાર ના બહાના હેઠળ પ્રાઈવેટ હોસ્પિટલ માં ખસેડી મોટી રકમ નાં બીલો ની વસુલાત કરાતા હોવાનુ બહાર આવેલ છે ત્યારે આ બાબતે આજ દિવસ સુધી મા કેટલા શિશુ ખાનગી હોસ્પિટલમા મોકલ્યા??તેની સારવાર ના કેટલા બીલો ખાનગી હોસ્પિટલે મેળવ્યા?? સારવાર બાદ કેટલા નવજાત શિશુ ના મૃત્યુ થયાં?? તે બાબતે તપાસ હાથ ધરવામાં આવે તો મૌટુ કૌભાંડ બહાર આવવા ની શક્યતા નકારી શકાય નહીં.

રક્તદાન કરીને માનવતાની મહેંક મહેકાવતા નાગરિકો

# રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં કુલ ૧૪૦૦ બોટલ રક્ત એકત્ર થયું

## મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્યો ડો. મહેન્દ્રભાઈ પાડલીયા અને જયેશભાઈ રાદડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાતે

**સમય મિરર | રાજકોટ**

તા. ૧૦ મે - પ્રવર્તમાન પરિસ્થિતિને અનુસંધાને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ ૧૧ તાલુકા મથકોએ તા. ૧૦ મેના રોજ સવારે ૦૯ કલાકથી રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં કુલ ૧૪૦૦ બોટલ રક્ત એકત્ર થયું હતું. આ તકે જસદણ-વીંછિયા પંથકમાં જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, ધોરાજી-ઉપલેટા પંથકમાં ધારાસભ્યશ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જેતપુરમાં ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડિયા અને રાજકોટમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણીએ બ્લડ કેમ્પની મુલાકાત લઈને રક્તદાન કરતા લોકોને બિરદાવ્યા હતાં.

હાલની આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન મુજબ રાજકોટ તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - કુવાડવા ખાતે ૧૦૪ બોટલ, પડધરી તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - પડધરી ખાતે ૧૩૬ બોટલ, લોધિકા તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - લોધિકા ખાતે ૪૮ બોટલ, કોટડાસાંગાણી તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - કોટડાસાંગાણી ખાતે ૭૪ બોટલ,



જસદણ તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - જસદણ ખાતે ૧૩૦ ખાતે, વીંછિયા તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - વીંછિયા ખાતે ૧૨૭ બોટલ, ગોંડલ તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - ગોંડલ ખાતે સૌથી વધુ ૩૪૯ બોટલ, જેતપુર તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - જેતપુર ખાતે ૧૫૧ બોટલ, જામકંડોરણા તાલુકામાં સામુહીક આરોગ્ય કેન્દ્ર - જામકંડોરણા ખાતે ૬૦ બોટલ, ધોરાજી તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - ધોરાજી ખાતે ૯૮ બોટલ અને ઉપલેટા તાલુકામાં સબ ડિવિઝનલ હોસ્પિટલ - ઉપલેટા ખાતે ૧૨૩ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આમ, રાજકોટ જિલ્લામાં કુલ એક દિવસમાં ૧૪૦૦ બોટલ રક્ત આપીને નાગરિકોએ માનવતાની મહેક મહેકાવી હતી.

ઉલ્લેખનીય છે કે પડધરી અને ધોરાજી તાલુકામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજની બ્લડ બેન્કે સહયોગ આપ્યો હતો. તેમજ અન્ય નવ તાલુકામાં રેડ ક્રોસ સોસાયટી, સૌરાષ્ટ્ર બ્લડ વોલન્ટરી, લાઈફ બ્લડ સેન્ટર, જીવનદીપ બ્લડ સેન્ટર, આસ્થા બ્લડ વોલન્ટરી, દેવ લાઈફ બ્લડ સેન્ટર અને નાથાણી વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી રક્તદાન શિબિર યોજાઈ હતી. જેના માટે દરેક તાલુકાના આરોગ્ય અધિકારી, આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ સહિતના આરોગ્ય સ્ટાફે જહેમત ઉઠાવી હતી, તેમ જિલ્લા આરોગ્ય શાખાના મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી આર. આર. ફુલમાળીની યાદીમાં જણાવાયું છે.

# વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની માર્કશીટનું શાળાઓમાંથી બુધવારથી થશે વિતરણ

## સંમતિપત્ર આપી મેળવી લેવા સ્કૂલોને સુચના

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૨ સાયન્સ અને ગુજકેટનું પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું છે. હવે ધોરણ ૧૨ અને ગુજકેટના પરિણામની માર્કશીટ તમામ શાળાઓએ સંમતીપત્ર આપીને મેળવી લેવાની સુચના આપવામાં આવી છે. અને વિદ્યાર્થીઓએ ૧૪મી મેના રોજ પોતાની શાળાઓમાંથી માર્કશીટનું વિતરણ કરાશે

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ ગઈ તા. પાંચમી મેએ બોર્ડની વેબસાઈટ .gseb.org પર ઓનલાઇન જાહેર કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોએ પોતાની શાળાનું પરિણામ, ગુણપત્રકો, પ્રમાણપત્ર અને એસ.આર. મુખત્યારપત્ર રજૂ કરીને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી



દ્વારા નિયત થયેલા સમયે અને સ્થળેથી મેળવી લેવાના રહેશે શાળાઓએ તા.૧૪ મેને બુધવારે વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટના ગુણપત્રકો અને એસ આર તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે તા.૧૨ મેના બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે અને જિલ્લા શિક્ષણાધિકારીએ વિતરણ કરવાનું આયોજન કરી તારીખ ૧૩મીના રોજ જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

# ૧૧ મે, આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ : ગુજરાતની નમો શ્રી યોજનાથી ખીલી ઉઠ્યું માતૃત્વ, ૧ વર્ષમાં ૪ લાખ માતાઓને મળી ₹૨૨૨ કરોડની આર્થિક સહાય

**નમોશ્રી યોજના હેઠળ ૬.30 લાખથી વધુ મહિલાઓએ કરાવી નોંધણી**

- ગુજરાતમાં માતૃ મૃત્યુ દર ૨૦૧૧-૨૦૧૩માં ૧૧૨થી ઘટીને ૨૦૨૦માં ૫૭ થયો, ૫૦%નો ઘટાડો
- રાજ્યએ ૯૯.૯૭% સંસ્થાકીય પ્રસૂતિ દર સાથે રાષ્ટ્રીય સ્તરે સીમાચિહ્ન હાંસલ કર્યું

**સમય મિરર | ગાંધીનગર**

૧૧ મે : મહિલાઓના સશક્તિકરણ અને માતાઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાને આગળ ધપાવતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગત નાણાંકીય વર્ષમાં નમો શ્રી યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના સકારાત્મક પરિણામ જોવા મળ્યા છે અને મહિલાઓના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આંતરરાષ્ટ્રીય માતૃત્વ દિવસ નિમિત્તે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આપેલી માહિતી અનુસાર, છેલ્લા એક વર્ષમાં નમો શ્રી યોજના હેઠળ ૬ લાખથી વધુ મહિલાઓએ નોંધણી કરાવી છે, જેમાંથી લગભગ ૪ લાખ મહિલાઓને ₹૨૨૨ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. નમો શ્રી યોજના ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને માતાઓના સ્વાસ્થ્ય અને પોષણ માટે તેમને આર્થિક સહાય પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે. આ યોજનાએ લગભગ ૪ લાખ માતાઓની સમયસર આરોગ્ય તપાસ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે જ તેમના માટે સંતુલિત પોષણ પણ સુનિશ્ચિત કર્યું છે.

આંતરરાષ્ટ્રીય માતૃ દિવસનું મહત્વ અને આ વર્ષની થીમ શું છે?

માતા પ્રત્યેનો આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમજ તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ ઉજવવામાં આવે છે. આ વખતે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસની ઉજવણી ૧૧ મેએ છે. આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ ૨૦૨૫ની થીમ ''Mothers : The Backbone of the Family'' (માતાઃ પરિવારનો આધારસ્તંભ) છે, જે દર્શાવે છે કે એક માતા જ પરિવારની કરોડરજ્જુ હોય છે અને તેમના વિના સમાજની કલ્પના પણ નથી કરી શકાતી.

ગુજરાતની નમો શ્રી યોજનાથી માતાઓના સ્વાસ્થ્ય અને પોષણમાં થયો સુધારો

ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી નમો શ્રી યોજના હેઠળ પાત્ર મહિલાઓને તેમના પહેલા બે જીવંત બાળકો માટે તબક્કાવાર ₹૧૨,૦૦૦ સુધીની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે.



આ સહાય કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY) અને જનની સુરક્ષા યોજના (JSY) હેઠળ પ્રાપ્ત લાભો સાથે સંયુક્ત રીતે આપવામાં આવે છે.

પ્રથમ ગર્ભાવસ્થા માટે મહિલાને ચાર તબક્કામાં કુલ ₹૧૨,૦૦૦ની સહાય આપવામાં આવે છે - નોંધણી સમયે ₹૫,૦૦૦ (જેમાંથી ₹૨,૦૦૦ રાજ્ય સરકાર અને ₹૩,૦૦૦ કેન્દ્ર સરકાર દ્વારા), ગર્ભાવસ્થાના છ મહિના પૂર્ણ થવા પર ₹૨,૦૦૦ (રાજ્ય સરકાર દ્વારા), સંસ્થાકીય પ્રસૂતિ પછી તરત જ ₹૩,૦૦૦ (રાજ્ય સરકાર દ્વારા) અને ૧૪ અઠવાડિયાના રસીકરણ બાદ ₹૨,૦૦૦ (કેન્દ્ર સરકાર દ્વારા).

બીજી ગર્ભાવસ્થા માટે સહાય પૂરી પાડવાની પ્રક્રિયા થોડી અલગ છે. તેમાં મહિલાને નોંધણી સમયે ₹૨,૦૦૦, ગર્ભાવસ્થાના છ મહિના બાદ ₹૩,૦૦૦, સંસ્થાકીય પ્રસૂતિ બાદ ₹૬,૦૦૦ આપવામાં આવે છે. જો નવજાત બાળક છોકરી હોય, તો સહાયની રકમ કેન્દ્ર સરકાર દ્વારા અને જો નવજાત બાળક છોકરો હોય તો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે, અને ૧૪ અઠવાડિયાના રસીકરણ બાદ રાજ્ય સરકાર દ્વારા ₹૧,૦૦૦ આપવામાં આવે છે. આ સંપૂર્ણ રકમ સીધી લાભાર્થી મહિલાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

PMMVY, JSY અને ખિલખિલાટ જેવી યોજનાઓ માતાઓ માટે બની સુરક્ષા કવચ

નમો શ્રી યોજનાની સાથે, રાજ્ય સરકારની જીબખઅગ, PMSMA, મમતા, ખિલખિલાટ જેવી યોજનાઓ મહિલાઓને ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ, નિયમિત તપાસ, રસીકરણ અને કાઉન્સેલિંગ પૂરું પાડે છે. કેન્દ્ર અને રાજ્યના આ સંયુક્ત પ્રયાસોના કારણે રાજ્યમાં માતૃ મૃત્યુ દર (MMR)માં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૧-૧૩માં ગુજરાતનો માતૃ મૃત્યુ દર ૧૧૨ હતો અને ૨૦૨૦ સુધીમાં એ ઘટીને ૫૭ થઈ ગયો, જે ૫૦%નો નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. આ પરિવર્તન રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા અને યોજનાઓના અસરકારક અમલીકરણનો પુરાવો છે. એટલું જ નહીં, આજે ગુજરાતમાં ૧૪ લાખથી વધુ સગર્ભા સ્ત્રીઓને દર વર્ષે સમયસર આરોગ્ય તપાસ અને પોષણ સેવાઓ મળી રહી છે. આ ઉપરાંત, રાજ્યએ ૯૯.૯૭% સંસ્થાકીય પ્રસૂતિ દર હાંસલ કર્યો છે, જે રાષ્ટ્રીય સ્તરે એક ઉલ્લેખનીય સિદ્ધિ છે.

''રક્તદાન - મહાદાન''

# રાજકોટના રેલનગરમાં યોજાયેલ રકતદાન શિબિરમાં ૫૫ થી વધુ વ્યક્તિઓએ કર્યું મહાદાન

**સમય મિરર | રાજકોટ**

તા.૧૧ મે - વર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને રાજકોટ પ્રાંત અધિકારીશ્રી ચાંદનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી રાજકોટના રેલનગર વિસ્તારની સોસાયટીમાં મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મામલતદાર શહેર પૂર્વના વિસ્તારમાં સમાવિષ્ટ જડેશ્વર બંગ્લોઝ, રેલનગર ખાતેની સોસાયટી અને આસપાસના વિસ્તારના સ્થાનિકો સહિત ૫૫થી વધુ વ્યક્તિઓએ રકતદાન કર્યું હતું.



જેમાં સોસાયટીના આગેવાનો શ્રી વિપુલભાઈ સંખાવરા, શ્રી મધુસુધનભાઈ બારોટ, શ્રી વિશ્વજીતસિંહ ગોહિલ અને અન્ય સભ્યશ્રીઓ, સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના ટ્રસ્ટીશ્રી બોરડભાઈ, રાજકોટ શહેર પૂર્વના મામલતદારશ્રી એસ.જે.ચાવડા, પ્રાંત કચેરીના શિરસ્તેદારશ્રી એમ.ડી.ભાલોડી, મામલતદાર કચેરી રાજકોટ શહેર પૂર્વના નાયબ મામલતદારશ્રીઓ એમ.બી. જાડેજા, શ્રી જનકભાઈ સાંબડ, અન્ય નાયબ મામલતદારો શ્રી વસીમભાઈ રિઝવી અને શ્રી અજયસિંહ જાડેજા, કલાર્ક શ્રી બકુલભાઈ પરમાર અને શ્રી હેમાંગભાઈ ધોરિયાણી સહિતના લોકો સહભાગી થયા હતા.

# ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી પરંતુ ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઈચ્છાશક્તિનું પ્રતીક છેઃ સંરક્ષણ મંત્રી

**સમય મિરર | રાજકોટ**


''આ એ વાતનો પુરાવો છે કે જ્યારે પણ ભારત આતંકવાદ સામે કાર્યવાહી કરે છે, ત્યારે સરહદ પારની જમીન પણ આતંકવાદીઓ અને તેમના આકાઓ માટે સુરક્ષિત નથી''

''ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનોના હાથે પોતાના પ્રિયજનો ગુમાવનારા નિર્દોષ પરિવારોને સશસ્ત્ર દળોએ ન્યાય અપાવ્યો છે'' શ્રી રાજનાથ સિંહે લખનઉમાં બ્રહ્મોસ ઇન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટી સેન્ટરનું વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું

''આ સંકુલ ભારતના આત્મનિર્ભરતાના પ્રયાસોને મજબૂત બનાવશે અને પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે''

''ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પરંતુ ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઈચ્છાશક્તિનું પ્રતીક હતું,'' સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહે ૧૧ મે, ૨૦૨૫ના રોજ ઉત્તર પ્રદેશના લખનઉમાં બ્રહ્મોસ ઇન્ટિગ્રેશન એન્ડ ટેસ્ટ ફેસિલિટી સેન્ટરના ઉદઘાટન પ્રસંગે તેમના વર્ચ્યુઅલ સંબોધન દરમિયાન જણાવ્યું હતું. તેમણે આ ઓપરેશનને આતંકવાદ સામે ભારતની દ્રઢ ઇચ્છાશક્તિ અને સશસ્ત્ર દળોની ક્ષમતા અને નિશ્ચયનું પ્રદર્શન ગણાવ્યું જેણે ભારતીય ભૂમિ પર ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનોના હાથે પોતાના પ્રિયજનો ગુમાવનારા નિર્દોષ પરિવારોને ન્યાય સુનિશ્ચિત કર્યો.

સંરક્ષણ મંત્રીએ ઓપરેશન સિંદૂરને એ વાતનો પુરાવો ગણાવ્યો કે જ્યારે પણ ભારત આતંકવાદ સામે હાર્યવાહી કરે છે, ત્યારે સરહદ પારની જમીન પણ આતંકવાદીઓ



અને તેમના આકાઓ માટે સુરક્ષિત નથી, તેમણે કહ્યું, ''ઉરી લટના પછી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા હુમલા પછી હવાઈ હુમલો અને હવે પહેલગામ હુમલા પછી અનેક હુમલાઓ દ્વારા દુનિયાએ જોયું છે કે જો ભારત તેની ધરતી પર આતંકવાદી હુમલો કરે તો શું કરી શકે છે. આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિને અનુસરીને, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે આ નવું ભારત સરહદની બંને બાજુ આતંકવાદ સામે અસરકારક કાર્યવાહી કરશે.''

ભારતના મિસાઇલ મેન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ કલામને ટાંકીને, તેમણે કહ્યું હતું કે 'જ્યાં સુધી ભારત દુનિયા સામે ઊભું નહીં થાય, ત્યાં સુધી કોઈ આપણું સન્માન નહીં કરે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, ''આ દુનિયામાં ડર માટે કોઈ સ્થાન નથી, ફક્ત તાકાત જ તાકાતનું સન્માન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત આજે સૌથી શક્તિશાળી દેશોમાંનો એક છે અને આ કેન્દ્ર ભારતની શક્તિને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે.

સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના તાજેતરના અહેવાલને ટાંકીને, જેમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૪માં વૈશ્વિક લશ્કરી ખર્ચ વધીને ૨,૭૧૮ બિલિયન થવાનો છે, તેમણે કહ્યું કે આટલું વિશાળ બજાર એક તક છે જેનો ભારતે લાભ લેવો જોઈએ, તેમણે કહ્યું, ''બ્રહ્મોસ સુવિધાનું લોન્ચિંગ ભારતને વિશ્વના સંરાક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ખેલાડી બનાવવાની દિશામાં એક મજબૂત પગલું છે.' આશરે રૂ. ૩૦૦ કરોડના ખર્ચે બનેલું આ સંકુલ લાંબા ગાળે ઉદ્યોગ અને ઉદ્યોગસાહસિકો માટે કૌશલ્ય વિકાસનો માર્ગ મોકળો કરશે. સંકુલને ટેકો આપવા માટે આસપાસના વિસ્તારમાં સહાયક અને ઉપ-એસેમ્બલીઓનું સંપૂર્ણ સંરક્ષણ ઇકોસિસ્ટમ વિકસાવવામાં આવશે. આનાથી ITI વિદ્યાર્થીઓ, સુપરવાઇઝર, એન્જિનિયરોના ઔદ્યોગિકીકરણ અને કૌશલ્ય વિકાસમાં ઘણી મદદ મળશે. આનાથી ખાતરી થશે કે લોકોને રોજગારની તકોની શોધમાં સ્થળાંતર કરવાની ફરજ ન પડે.

બ્રહ્મોસ એરોસ્પેસે સુવિધા ચલાવવા માટે ૩૬ તાલીમાર્થીઓની પસંદગી કરી છે. આમાંથી, નવા પસંદ કરાયેલા પાંચ તાલીમાર્થીઓને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી દ્વારા ઉદઘાટન પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા, આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી કેશવ પ્રસાદ મૌર્ય અને શ્રી બ્રિજેશ પાઠક, મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર સિંહ, સંરક્ષણ સંશોધન અને વિકાસ વિભાગના સચિવ અને ડીઆરડીઓના અધ્યક્ષ ડો. સમીર વી. કામત, બ્રહ્મોસના ડિરેક્ટર જનરલ ડો. જયતીર્થ આર. જોશી ઉપસ્થિત રહ્યા હતા. જનપ્રતિનિધિઓ અને કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# મેદસ્વિતા સાથે રોગ ઘર કરી જાય તે પહેલાં ફિટનેસની પાળ બાંધતા ક્રિષ્નાબેન

## નિયમિત વર્કઆઉટથી શારીરિક અને માનસિક સ્વસ્થતા સાથે વધુ સારી રીતે ઘર, પરિવારને સંભાળી રહી છું - ક્રિષ્નાબેન અમલસેડા

**સમય મિરર | રાજકોટ**

મારે ૨૭ વર્ષની પરણિત દીકરી છે, પરંતુ મને જોઈ કોઈ કહી શકે નહીં કે હું બે સંતાનની માતા છું. મારા સગા, સંબંધી અને સહેલીઓ પણ મારી તંદુરસ્તી અને નાની ઉંમરના દેખાવની ચર્ચા કરે ત્યારે મને ખૂબ ગમે છે. આ શબ્દો છે ૪૪ વર્ષીય ક્રિષ્નાબેન અમલસેડાના. તેમની ફિટનેસનો રાઝ નિયમિત જિમ્નેશિયમમાં રોજનું એક કલાકથી વધુનું વર્કઆઉટ છે. તેઓ જણાવે છે કે, રોજ સવારના મારા નિત્યક્રમનો પ્રારંભ થાય મંદિર રૂપી જિમમાં જવા સાથે. એકપણ દિવસના બ્રેક વગર છેલ્લા સાત વર્ષથી જિમમાં કોઈપણ ભોગે જવાનું જ. આ બાબતની પ્રેરણા અંગે તેઓ કહે છે કે, મારા બીજા સંતાનની ડીલેવરી બાદ વજન ખૂબ જ વધી ગયેલું, પગમાં દુઃખાવાની તકલીફ રહેતી. જેનાથી મને લાગ્યું કે મેદસ્વિતાના કારણે બીજા કોઈ રોગ ઘર કરી જાય તે પહેલા મારે વજન ઉતારવું પડશે. જેથી ફિટ રહેવા માટે જિમ્નેશિયમ શરુ કરવા મેં નિર્ધાર કર્યો. માત્ર એક વર્ષમાં મેં ૧૭ કિલો વજન ઘટાડ્યું. મેદસ્વિતા ઘટતા મારો ઉત્સાહ બેવડાઈ ગયો. ક્રિષ્નાબેન તેમની સફળતાથી ખુશી વ્યક્ત કરતા જણાવે છે કે, મને આનંદ થવા લાગ્યો જ્યારે બધાને લાગ્યું કે મારામાં ચેન્જ દેખાય છે. ફિટનેસથી માત્ર શારીરિક નહીં, માનસિક રીતે પણ શાંતિની અનુભૂતિ સાથે ખુશી થતી હોવાનું જણાવી તેઓ કહે છે કે, હવે ઘરકામ સાથે પરિવારને સંભાળવાની જવાબદારી પણ હું સહેલાઈથી નિભાવી શકું છે. હવે મને શ્રમ કરતા થાક નથી લાગતો, કારણકે જિમમાં વર્કઆઉટ કરતા કરતા મારી ક્ષમતા બેવડાઈ છે. મને કસરતની આદત પડી ગઈ છે. બહારગામ જવાનું હોઈ તો તે પહેલા એક્સટ્રા વર્કઆઉટ ખાસ કરી લઉં છું. ફિટનેસ માટે સતત ડાયટ જાળવવું પડે ? તેનો જવાબ આપતા તેઓ જણાવે છે કે, ડાયટનું પાલન ખૂબ સહેલું છે. મારો મંત્ર છે બહારનું જંકફૂડ, સુગર વધારતા ખોરાક ટાળવા, પ્રોટીનની માત્રા વધુ હોઈ તેવી માત્ર ઘરની બનાવેલી રસોઈ લઉં છે. મારા પરિવારજનો પણ મોટેભાગે હવે આ પ્રકારે સાત્વિક ખોરાક લેતા થઈ ગયા છે. મારો પુત્ર પણ હેલ્થ કોન્સિયસ થઈ ગયો છે તે જાણી મને આનંદ થાય છે. જિમમાં જોડાવાના નિર્ણય અંગે તેઓ કહે છે કે, યોગ, ઝુમ્બા કે અન્ય કસરતથી પણ સ્વાસ્થ્ય જળવાઈ પરંતુ સ્ત્રીઓમાં હોર્મોન્સ બેલેન્સીંગ, મેટાબોલીઝમ અને મસલ્સ ગેઈન માટે જિમ પણ એક સરસ વિકલ્પ છે. સ્ટેમિના બીલ્ડ કરવા તેઓ સપ્તાહ દરમ્યાન ચેસ્ટ, બેક, સોલ્ડર, બાય સેપ, લેગ, એબ્સ અને કાડિયો સહીતનું સમગ્ર બોડીનું વર્ક આઉટ કરે છે. ફિટનેસ માટે જાગૃત ક્રિષ્નાબેન જીવનભરનો જિમ સાથેનો નાતો જોડવા માંગે છે. માત્ર ૧૦ ધોરણ ભણેલા ક્રિષ્નાબેન દરેક મહિલાઓને સલાહ આપતા જણાવે છે કે, મહિલાઓને ૪૦ વર્ષ પછી મેદસ્વિતાના કારણે આવતા રોગથી બચવા અને ફિટ રહેવા માટે શરીર પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. જિમ, યોગ, ઝુમ્બા કે કોઈપણ રમત કે જે બોડીને ફિટ રાખે તે માટે રોજની એક કલાક આપવી જોઈએ. ખુશ રહેવા સાથોસાથ ગમતી પ્રવૃત્તિ કરવી જોઈએ. મને મ્યુઝિકનો શોખ છે જેને પણ રોજબરોજના નિત્યક્રમમાં સામેલ કરી આનંદ અનુભવું છું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શરૂ કરેલા 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને સહર્ષ વધાવી તેઓ જણાવે છે કે, મેદસ્વિતા સ્વાસ્થ્યનો સૌથી મોટો દુશ્મન છે, ત્યારે સૌએ આ અભિયાનમાં જોડાઈ સ્વસ્થ ગુજરાતના નિર્માણમાં સહભાગી બનવું જોઈએ

# રાજ્યકક્ષાની શૂટિંગ સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ અને એક બ્રોન્ઝ મેડલ મેળવતી રાજકોટ ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ

**સમય મિરર | રાજકોટ**

તા. ૧૦ મે - સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલાડીઓમાં રમતગમતની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ખેલ મહાકુંભ - ૩.૦નું આયોજન કરાયું હતું. જેમાં જય ઇન્ટરનેશનલ સ્કૂલ રાજકોટ ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (ડી. એલ. એલ. એસ.)એ રાજ્યકક્ષાની શૂટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાં અન્ડર - ૧૪ વયજૂથમાં શ્રી યુગ મકવાણાએ (10m Open Sight) સુવર્ણ ચંદ્રક અને શ્રી પ્રિયાંશી પરમારે (10m Air Pistol) સુવર્ણ ચંદ્રક તેમજ અન્ડર - ૧૭ વયજૂથમાં શ્રી પૂજા મુંગરા (10m Open Sight)એ રજત ચંદ્રક અને શ્રી હર્ષ રાંક (10m Open Sight)એ કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. જેના માટે કોચશ્રી જયરાજસિંહ ગોહિલ અને ટ્રેનરશ્રી હર્ષિલ સોનીએ જહેમત ઉઠાવી હતી. આમ, ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની શૂટિંગ સ્પર્ધામાં ડી. એલ. એલ. એસ.એ બે ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ અને એક બ્રોન્ઝ મેડલ મેળવી નોંધનીય સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

## અવસાન નોંધ

**વેરાવળઃ** હરજીવનદાસ મોહનલાલ તન્ના ઉ. વ. ૮૭ તે સ્વ.હરિદાસ મોહનલાલ તન્ના ના નાના ભાઈ તે સ્વ.ઉમેદલાલ મોહનલાલ તન્ના ના મોટાભાઈ તથા લલીતભાઇ, ભરતભાઇ, હર્ષાબેન દેવાણી તાલાળા ના પિતાશ્રી તથા પિયુષ, રાહુલ, આકાશ, રિયા, તથા જીગર ના દાદા નું તથા જાદવજી પરસોત્તમદાસ ઠકરાર ગોરખમઢી વાળા ના જમાઈ નું તા.૧૧ ના અવસાન થયેલ છે સદગતનું ઉઠમણું તા.૧૨-૫-૨૦૨૫ ને સોમવારે સાંજે ૪-૩૦ થી ૫-૩૦ કલાકે શાંતિનાથ જૈન દેરાસર બિલેશ્વર મંદિર ની સામે વેરાવળ ખાતે રાખેલ છે.

**ઉનાઃ** વાજા નિર્મલાબેન રૂખડભાઈ ઉ.વ ૭૨ તે સ્વ રૂખડભાઈ ના ધર્મપત્ની તેમજ કૌશિકભાઇ, કિરીટભાઈ ( મહામંત્રી ઉના શહેર ભાજપ ) તથા કાર્તિકભાઈ ( પત્રકાર ) ના માતુશ્રી નું તારીખ ૯ ના અવસાન પામેલ છે તેમનું બેસણું તારીખ ૧૨ ને સોમવારે સાંજે ૪ થી ૬ રુદ્રાક્ષ પાર્ટી પ્લોટ ઉના મુકામે રાખેલ છે

# રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાનું બોગસ FB એકાઉન્ટ ખુલ્યું : નાણાંની માંગણી

## ક્રિકેટ સ્ટેડિયમમાં ઉભા હોય, આનંદીબેન સાથે વાતો કરતા હોય તેવા ફોટા પણ મુકાયા : સાયબરે શરૂ કરી તપાસ

**સમય મિરર | રાજકોટ**

આજના ડીઝીટલ યુગની સાથે સાયબર ફ્રોડ આચરતા તત્વો પણ વધી ગયા છે. નિર્દોષ લોકોને સાયબરની ઝાળમાં ફસાવી નાણા પડાવતા તત્વો સામે અનેક ફરિયાદો થઈ છે. તો અમુક લોકો દ્વારા તેમના સોશિયલ એકાઉન્ટ હેક થયા હોવાની પણ ફરિયાદો પોલીસ સુધી પહોંચી છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ વિભાગના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાનું એફબી એકાઉન્ટ નકલી બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. એટલુ જ નહીં બોગસ એફબી એકાઉન્ટ બનાવનાર શખ્સ દ્વારા પરિચિતો પાસેથી નાણાની પણ માંગણી થઈ રહી




હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જે બાબત પોલીસ કમિશનરને ધ્યાને આવતા તેણે તુરંત સાયબર વિભાગને તપાસના આદેશો આપ્યા છે અને તેમના નામનું ફ્રોડ એકાઉન્ટ બનાવનાર શખ્સને ઝડપી લેવા કહ્યું છે.

સોશિયલ મીડિયા એ લોકો માટે જેટલું ફાયદાકારક છે તેટલું ઘાતક પણ છે. લોકો પાસેથી નાણા ખંખેરવા માટેનું સાધન પણ આ સોશિયલ મીડિયા બન્યું છે. તેવામાં રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં DPમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સ્ટેડિયમમાં પોલીસ કમિશનર ઊભા હોય તેવો ફોટો રાખવામાં આવેલો છે. આ સાથે જ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથેના પણ ફોટા મુકવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, મારા એક બે મિત્રો દ્વારા મને ફોન કરી કહેવામાં આવ્યું કે તમારા નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનેલું છે. જે બાદ મેં તપાસ કરતા મને ધ્યાન આવ્યું કે તે વાત સાચી છે. જેથી તુરંત જ આ બાબતે સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરી છે અને તે તપાસ કરી રહ્યા છે. આ નકલી એકાઉન્ટમાંથી મેસેજ કરી નાણાની માંગણી કરવામાં આવતી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જેથી લોકોને પણ વિનંતી છે કે, આ પ્રકારનો કોઈ મેસેજ આવે તો કોઈએ નાણા આપવા જોઈએ નહીં.

### રાજકોટમાં જૂથ અથડામણ : સોડા બોટલના ઘા કરી વાહનમાં તોડફોડ

# સમાધાન માટે ભેગા થયેલા શખ્સોએ બોલાવી બઘડાટી : સામસામે ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેમ નજીવા પ્રશ્ને જીવલેણ હુમલા થતાં હોવાની અનેક ઘટનાઓ સામે આવી છે ત્યારે વધુ એક બનાવમાં રાજકોટમાં પ્રનગર પોલીસ લાઈનમાં રહેતો યુવાન મિત્રોના સમાધાનમાં ગયો હતો ત્યારે બન્ને પક્ષે સોડાબોટલના ઘા થયા હતાં. અને વાહનોમાં તોડફોડ થઈ હતી. જેમાં ઘવાયેલા બન્ને પક્ષના યુવકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે તાલુકા પોલીસમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ પ્રનગર પોલીસ લાઈનમાં રહેતા અને અભ્યાસ કરતા લાઈનબોય મયુરસિંહ મહેન્દ્રસિંહ સોઢા ઉ.વ.૨૧ એ તાલુકા પોલીસ મથકમાં હર્ષદ રાઠોડ, યશ દવેરા, ઋષિકેશ ખત્રી, સાગર કોઠારી, હિમાલય વાઘેલા અને પાર્થ રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુમલાખોર હર્ષદ રાઠોડ અને તેના મિત્રો માલદીપ વચ્ચે માથાકુટ થઈ હતી. જેના સમાધાન માટે નાનામૌવા રોડ ઉપર જડુસ રેસ્ટોરન્ટ નજીક બધા ભેગા થયા હતા ત્યારે દોઢેક વાગ્યાના અરસામાં પાર્થ અને એક શખ્સ એક્ટિવા લઈને આવેલ અને પાછળ એક કાર ઉભી હતી. એક્ટિવામાં બેઠેલા શખ્સે મયુરસિંહ કોણ છે તેવુ પુછતા મયુરસિંહ સોઢાએ જવાબ આપતા એક્ટિવામાં આગળ પડેલા કાચની સોડાના બોટલોના ઘા કરવા લાગ્યા હતાં. તેમજ પાછળ ઉભેલલી કારમાંથી પણ છુટી સોડાબોટલના ઘા કરવા લાગ્યા હતાં. પછી જતાં રહ્યા હતાં. અને ફરી ત્યાંથી નિકળી ફરી સોડાબોટલના ઘા કર્યા હતાં. આવી રીતે ચાર વખત હુમલો કર્યો હતો. તે પછી સ્પીડમાં કાર ચલાવતા ભીમનગર સર્કલ પાસે વણાંક લેવા જતાં અકસ્માત સર્જાયો હતો. અને બધા શખ્સો કાર તથા એક્ટિવા ત્યાં જ મુકી નાશી છુટ્યા હતા. સોડાબોટલના ઘા કરતા મયુરસિંહ સોઢાના મિત્ર અમિત શેખવા, રાજુ પરમાર અને નિતિન પરમારને ઈજા પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

જ્યારે વળતા પ્રહારમાં સત્યસાંઈ હોસ્પિટલની બાજુમાં આસોપાલવ બંગલોઝમાં રહેતા અને અભ્યાસ કરતા હર્ષ જિતેન્દ્રભાઈ રાઠોડ ઉ.વ.૨૩ એ મયુરસિંહ સોઢા સહિતના અજાણ્યા છ જેટલા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કે, આરોપીઓએ ફોન કરી હર્ષ રાઠોડને આંબેડકર નગર રોડ પર બોલાવી પથ્થર અને સિમેન્ટના બ્રિક્સ ફેંકી કાર અને એક્ટિવામાં નુક્શાન કરી આશરે રૂપિયા ૨ લાખનું નુક્શાન કર્યુ હોવાનું ફરિયાદ નોંધાવી હતી. તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એસપી ચૌહાણે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસનો દૌર લંબાવ્યો છે.

### ખરીદ માલની ચુકવણી માટે આપેલા બંને ચેક પરત ફરતા ફરિયાદ નોંધાઈ'તી

# જુદા જુદા બે ચેક રિટર્ન કેસમાં આરોપીને દોઢ-દોઢ વર્ષની સજા ફટકારતી કોર્ટ

**સમય મિરર | રાજકોટ**

સ્વસ્તીક પ્લાયવુડ એન્ડ ઈન્ટીરીયરને ખરીદ માલની ચુકવણી માટે આપેલા રૂા.૧૩,૫૪,૧૫૬ના બે ચેક પરત ફરવાના ગુનામાં ફર્નિચર કામ કરતા આરોપીને બંને કેસોમાં દોઢ-દોઢ વર્ષની સજા અને બંને ચેકોની રકમ રૂા.૧૩,૫૪,૧૫૬ એક માસમા ફરીયાદીને ચુકવવામા નિષ્ફળ જાય તો વધુ છ-છ માસની સજા ફરમાવતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં મોરબી રોડ ઉપર આવેલ ન્યુ સેટેલાઈટ ચોકમાં આશીર્વાદ એપાર્ટમેન્ટમાં સ્વસ્તીક પ્લાયવુડ એન્ડ ઈન્ટીરીયર હબ તરીકે ધંધો કરતા ફરીયાદી હર્ષિત રાજેશભાઈ લીંબાસીયા પાસેથી રાજકોટમાં ફર્નીચર કામ રાખી ધંધો કરતા હડાળા ગામના નરેશ મધુભાઈ રાબડીયા ફર્નીચરના મિસ્ત્રી કામને લગત રૂા.૧૩,૫૪,૧૫૬નો


એડવોકેટ

માલસામાન કઢાવી તે માલનું પેમેન્ટ કરવા રૂા.૧૦ લાખ અને રૂા.૩,૫૪,૧૫૬ના બે ચેકો ઈસ્યુ કરી આપ્યા હતા. જે બંને ચેકો રીટર્ન થતા નોટીસ આપવા છતા માલનું પેમેન્ટ ન કરતા આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ચેક રિટર્નની બે ફરીયાદો દાખલ કરવામાં આવી હતી. જે બંને કેસ ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે આરોપીને બંને કેસોમાં દોઢ-દોઢ વર્ષની સજા અને બંને ચેકોની રકમ રૂા.૧૩,૫૪,૧૫૬ એક માસમા ફરીયાદીને ચુકવવામા નિષ્ફળ જાય તો વધુ છ-છ માસની સજા ફરમાવતો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, આર્યન કોરાટ અને જયમલ મકવાણા રોકાયા હતા.

# હત્યાની કોશિશના ગુનામાં તમામ આરોપીઓને જામીન મુક્ત કરતી કોર્ટ

## માળીયા મિયાણાના દહીસરામાં બે પરિવાર વચ્ચે નજીવા પ્રશ્ને મારામારી થતા ગુનો નોંધાયો'તો

**સમય મિરર | રાજકોટ**


એડવોકેટ

માળીયા મિયાણાના દહીસરા ગામે બે પરિવાર વચ્ચે નજીવા પ્રશ્ને મારા મારી થઈ હતી. જેમાં હત્યાની કોશિશના ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓને કોર્ટે જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે. માળીયા મિયાણાના દહીસરા ગામે બે પરિવાર વચ્ચે નજીવા પ્રશ્ને મારા મારી થઈ હતી જેમાં બંને પક્ષે ઈજાઓ પહોંચ્યાની સામસામે પોલીસમાં ક્રોસ ફરિયાદ નોંધાઈ હતી જેમાં હત્યાની કોશિશના ગુનામાં ઝડપાયેલા જીતેશ ઉર્ફે જીતેન્દ્ર કાનજી, રમેશ કાનજી પરમાર, નરેશ કાનજી પરમાર, શામજી શીવા પરમાર, સુરેશ બુટા બાંભવા અને છગન કાનજી પરમારની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા જેલ હવાલે રહેલા ઉપરોક્ત આરોપીએ પોતાના વકીલ મારફત મોરબી ડીસ્ટ્રીક કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ પ્રિન્સિપલ ડિસ્ટ્રીકટ જજ ડી.પી. મહિડાએ હત્યાની કોશિશના ગુનામાં તમામ આરોપીઓને જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી મોરબીના સિનિયર વકીલ મનીષ પી. ઓઝા (ગોપાલ ઓઝા) અને મેનાઝબેન એ. પરમાર રોકાયા હતાં.

# કુખ્યાત બુટલેગરના પુત્રએ ફોનમાં નાની અને માસીને આપી મારી નાખવાંની ધમકી

## પત્ની રિસામણે જતાં તેડવા ગયેલા બુટલેગર ઉપર સાળા અને સાળીએ હુમલો કર્યો' તો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ભોમેશ્વર વિસ્તારમાં કુખ્યાત બુટલેગર ઉપર તેની સાળી અને સાળાએ હુમલો કર્યો હોવાના આક્ષેપ સાથે બુટલેગરને સારવાર માટે ખશેડવામાં આવ્યો હતો. જે ઘટનામાં બન્ને પક્ષે સામસામે પથ્થરમારો અને મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. બાદમાં કુખ્યાત બુટલેગરના પુત્રએ ફોનમાં નાની અને માસીને ગાળો ભાંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર અયોધ્યા ચોકમાં ગોકુલ મથુરાની પાછળ આવેલ અલક



નંદા એપાર્ટમેન્ટમાં રહેતા સરોજબેન મનહરભાઈ કોટક નામના ૬૭ વર્ષના વૃદ્ધાએ કરણપરામાં રહેતા આશિષ હર્ષદભાઈ માંડલિયા વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સરોજબેન કોટકે જણાવેલ ફરિયાદ મુજબ તેમની દિકરી મેઘાબેન છેલ્લા બારેક દિવસથી રિસામણે આવી છે. જેનો ખાર રાખી આશિષ માંડલિયાએ ફોન કરી સરોજબેન કોટક અને હિરલબેનને ફોનમાં બિભસ્ત ગાલો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જણાવ્યું છે.

પ્રાથમિક તપાસમાં બે દિવસ પૂર્વે મધરાત્રે ભોમેશ્વર મંદિર પાસે આશિષ માંડલિયાના પિતા હર્ષદ માંડલિયા ઉપર તેની સાળી અને સાળાએ હુમલો કર્યો હતો. જે હુમલામાં બન્નેપક્ષે પથ્થરમારો અને મારામારી થઈ હોવાનો વીડિયો સોશિલ મીડિયામાં વાયરલ થયો હતો. આ અંગે નોંધાયેલી ફરિયાદના પગલે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ભાગીદારી પેઢીના ભાગીદારો દ્વારા કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કર્યો'તો

# રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો રદ કરવાનો દાવો નામંજુર કરતી કોર્ટ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ઓઈલ એન્જિન અને સ્પેરપાર્ટસનું ઉત્પાદન અને વેચાણ કરતી જય એન્જિનિયર્સ પેઢીમાં રમેશભાઈ લક્ષ્મીદાસ, ચંદ્રકાન્ત લક્ષ્મીદાસ, કલ્પનાબેન સુરેશકુમાર, સાવીત્રીબેન મુળચંદભાઈ, ઈન્દુબેન ચંદ્રકાન્તભાઈ, મુલચંદ મોહનલાલ કોટક અને સાવીઝીબેન મુલચંદભાઈ કોટક વિગેરે ભાગીદારો દ્વારા પેઢીના વિકાસ માટે ગોપાલનગરમાં મિલ્કત ખરીદ કરી હતી. બાદ જય એન્જિનિયર્સ પેઢીમાંથી અમુક ભાગીદારો છૂટા થયેલા તેમજ નવા ભાગીદાર તરીકે રાજેશ મુલચંદભાઈ કોટક અને ભાવેશ મુલચંદભાઈ કોટક ભાગીદારી પેઢીમાં જોડાયા હતા. તેઓનો પેઢીમાં નફા પુરતો હિસ્સો રાખવામાં આવેલો હતો. દરમિયાન ભાગીદારો વચ્ચે તકરાર ઉભી થતાં ભાવેશ મુલચંદભાઈ કોટક દ્વારા ભાગીદારી પેઢીનો હિસાબ ચોખવટ કરી આપવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગે કરેલો દાવો કોર્ટે મંજૂર કર્યો હતો, પરંતુ દાવો દાખલ કરેલો તે પહેલા પેઢીના ભાગીદાર નરેન્દ્ર ચંદ્રકાન્ત કોટક તથા ઈન્દિરાબેન ચંદ્રકાન્ત કોટક દ્વારા જય એન્જી. ભાગીદારી પેઢીની મિલ્કતનો રજિસ્ટર વેચાણ દસ્તાવેજ શ્રેયસ ઈન્ડસ્ટ્રીઝ ભાગીદારી પેઢીને કરી આપેલો ત્યાર બાદ શ્રેયસ ઈન્ડસ્ટ્રીઝ ભાગીદારી પેઢી દ્વારા મિલ્કત મેગા ઓફસેટ ભાગીદારી પેઢીને વેચાણે આપતા કબજો ભોગવટો ચાલુ કરેલ ત્યારથી મિલ્કત મેગા ઓફસેટના ભાગીદારો જયાબેન કુંદનાની વિગેરે પાસે હતી. ત્યારબાદ ભાગીદાર રાજેશભાઈ કોટક તથા ભાવેશભાઈ કોટક દ્વારા પોતાનો હીસ્સો મળેલ ન હોવાથી જય એન્જિનિયર્સના ભાગીદાર નરેન્દ્રભાઈ કોટક, ઈન્દીરાબેન


એડવોકેટ

કોટક , શ્રેયસ ઈન્ડસ્ટ્રીઝ અને મેગા ઓફસેટ ભાગીદારી પેઢી સામે વેચાણ દસ્તાવેજ રદ કરવા કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કર્યો હતો. જેમાં વાદીઓ સગીર હોવાનો લાભ લઈ ભાગીદારી પેઢીની મિલ્કતો જાણ કર્યા વગર કે સમંતી વગર વેચાણ કરી નાખેલ હોય તેમ જણાવી વેચાણ દસ્તાવેજો રદ કરવા સિવિલ કોર્ટમાં દાવામાં જણાવાયું હતું. વાદીની જય એન્જિનિયર્સ ભાગીદારી પેઢીનું ૧૯૮૭ની સાલથી ડિઝોલ્યુશન થઈ ગયેલ હોય જેથી વાદીનો દાવો રદ કર્યો હતો. આ કેસમાં પ્રતિવાદી વતી અભય ભારદ્વાજ એસોસીએટ્સના ધારાશાસ્ત્રી અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, સુમીત વોરા, અમૃતાબેન ભારદ્વાજ, વિજય લકકડ, ચેતન પુરોહીત, જીજ્ઞેશ વીરાણી, શ્રેયસ શુકલ, ધારા મુળશા, ઉર્વશી કાકડીયા અને કૃપાલી રામાણી રોકાયા હતાં.

# મેડિકલેમ પાસ કરાવવાના કૌભાંડમાં ડોક્ટરની જામીન અરજી ફગાવતી કોર્ટ

## દેવામાં ડૂબેલા શખ્સે ૪૦ લાખનો વીમો પકવવા ખાનગી હોસ્પિટલના સ્ટાફ સાથે મળી રચ્યો હતો ખેલ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં મયુર છુછાર આઈસીઆઈસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીની ક્રિટીસ પોલિસી ધરાવતા હોય, તેણે તેના માથાના દુઃખાવાની સારવાર સમર્પણ હોસ્પિટલ લાખના બંગલા રોડ રામાપીર ચોકડી પાસે, ગાંધીગ્રામ, ૧૫૦ ફૂટ રિંગ રોડ રાજકોટ ખાતે કરાવી હતી. જેની સારવાર પેટે રૂ. ૪૦ લાખની મેડીક્લેમની રકમ મેળવવા માટે ખોટા એમઆરઆઈ અને એન્જિયોગ્રાફી સહિતના બિલ રજૂ કરવા અને સમર્પણ હોસ્પિટલ (ગાંધીગ્રામ)ના ડો. મેહુલ સોલંકી પાસે સારવારના કાગળોમાં ડાબી બાજુ પેરાલીસીસની અસર થયેલાનું તથા ડો. મનોજ સીડાના સારવારના કાગળોમાં જમણી બાજુ પેરાલીસીસની અસર થયેલાનું બે વિરોધાભાસી કાગળો રજૂ કરી ૪૦ લાખનો ઈન્સ્યોરન્સ ક્લેઈમ ઉપજાવી કાઢવાનું કૃત્ય આચરવા અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જેમાં પોલીસ દ્વારા મયુર છુછાર, સમર્પણ હોસ્પિટલના તબીબો ડો. અંકિત હિતેશભાઈ કાથરાણી, ડો. મેહુલ સોલંકી, ડો. મનોજ સીડા સહિતના સામે ગુનો નોંધાતા પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ ડો. અંકિત હિતેશભાઈ કાથરાણીએ જેલમાંથી જામીન પર છુટવા માટે જામીન અરજી કરેલી, જે જામીન અરજી નામંજૂર કરાવવા પોલીસ તરફથી સોગંદનામાં રજૂ થયેલા અને સરકાર તરફે બીનલબેન રવેશીયા હાજર થયેલા, જેઓએ દલીલ કરતા જણાવેલ કે આ કામના અરજદાર આરોપીએ ૪૦ લાખનો ક્લેઈમ મેળવવા


એડવોકેટ

માટે ખોટા એમઆરઆઇ રિપોર્ટ અને ખોટા કાગળો ઊભા કરીને સાચા તરીકે ઉપયોગ કરેલ છે અને અરજદારે પ્રથમથી જ ખોટા એમઆરઆઈ રિપોર્ટ તથા અન્ય કાગળો બનાવેલ હોય તેવું પેપર્સ ઉપરથી સ્પષ્ટ પણે સાબિત થાય છે. તેમજ આરોપીના મોબાઈલમાં આ બાબતની ચેટ પણ મળી આવે છે જે તપાસના કામે મોબાઈલ કબજે લેવામાં આવેલ છે. જેથી જામીન અરજી નામંજૂર કરવી જોઈએ.

અગાઉ પણ આરોપીઓ સાથે ભેગા મળી ગ્રીન સ્ટોર અંગેના ખોટા એમઆરઆઇ રિપોર્ટ બનાવેલ છે, જેના દ્વારા અરજદાર આરોપીને ૨૨ લાખ જેવી રકમ મળેલ છે અને પ્રથમથી જ આવા ખોટા રિપોર્ટો બનાવેલ હતા, આ મતલબની દલીલો ધ્યાને લઈ સેશન્સ જજ શર્માએ આ કેસમાં ડોક્ટર અંકિત કાથરાણીની જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં સરકાર તરફે બીનલબેન રવેશીયા રોકાયા હતા.

# રાજકોટમાં સ્વીફ્ટના ચાલકે અકસ્માત સર્જી ફોર્ચ્યુનરના ચાલકને ગાળો ભાંડી આપી ધમકી

## ટ્રાફિકમાં ઉભેલા યુવક સાથે અકસ્માત સર્જી ધાક ધમકી આપનાર શખ્સ સામે ગુનો નોંધાયો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં યુનિવર્સિટી રોડ ઉપર ન્યુ બોમ્બે હાઉસીંગ સોસાયટીમાં રહેતો યુવાન પોતાની ફોર્ચ્યુનર કાર લઈ શિતલપાર્ક પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટ્રાફિકના કારણે ગાડી ઉભી રાખતા પાછળથી ધસી આવેલા સ્વીફ્ટ કારના ચાલકે અકસ્માત સર્જી ફોર્ચ્યુનર કારના ચાલકને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર રહેતો ભૂમિતભાઈ કિરીટભાઈ હુંબલ નામનો ૨૬ વર્ષનો



યુવાન પોતાની ફોર્ચ્યુનર કાર લઈને ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે શિતલપાર્ક પાસે ટ્રાફિકના કારણે કાર ઉભી રાખી દીધી હતી. એ દરમિયાન અંકિત શાહ ઉર્ફે બનિયા નામનો શખ્સ પોતાની શિફ્ટ કાર પુરપાટ ઝડપે લઈને ધસી આવ્યો હતો અને પાછળથી ફોર્ચ્યુનર કારને ઠોકર મારી હતી અને અકસ્માત સર્જી સ્વીફ્ટ કારના ચાલક અંકિત શાહ ઉર્ફે બનીયોએ ભૂમિત હુંબલ સાથે ઝઘડો કરી ગાળાગાળી કરી નુક્શાન ખર્ચ માંગી મારી નાખવાની ધમકી આપી હોવાની ભૂમિત હુંબલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં રીપેરમાં આવેલી કાર સાચવવાના બહાને ગેરેજમાંથી લઈ ગયા બાદ મિત્રએ પરત ન કરતાં ફરિયાદ

## ગેરેજમાં કલરકામ ચાલતું હોવાથી આરોપીએ પોતાના ફ્લેટ નીચે જગ્યા હોવાથી સાચવવાનું કહી લઈ ગયો'તો

**સમય મિરર | રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગેરેજમાં રીપેરમાં આવેલી કાર સંચાલકનો મિત્ર સાચવવાના બહાને લઈ ગયા બાદ પરત આપતો ન હોય જેથી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગેરેજમાં કલરકામ ચાલતું હોવાથી આરોપીએ પોતાના ફ્લેટની નીચે જગ્યા હોવાથી સાચવવાનું કહી લઈ ગયો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ યુનિવર્સિટી રોડ પર ઈન્દીરા સર્કલ પાસે રૂપિકેશ એપાર્ટમેન્ટમાં રહેતા અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમિયા સર્કલ પાસે માર્બલ ઓટો હબ નામનું ફોર વ્હીલનું ગેરેજ ચલાવતા પોરકોવન સમ્મદ મુદાલીયા( ઉ.વ.૫૬) નામના આધેડે માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના ગેરેજે અવાર-નવાર બેસવા આવતા ગોંડલ રોડ પર પરીન ફર્નિચર પાસે રહેતા યતીન કાંતીલાલ મારવાડિયાનું નામ આપ્યું છે.




ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના ગેરેજના પૂર્વ કર્મચારી અમીતભાઈ ભટ્ટી ગેરેજે ઈનોવા કાર લઈ આવેલા બમ્પર તુટી ગયું હોવાથી બદલાવવા માટે કાર મૂકી ગયા હતા. બાદમાં બે દિવસ બાદ અમીતભાઈએ ફોન કરી મારૂ એક્સડન્ટ થયું હોવાથી હુ પછી આવીને કાર લઈ જઈશ તેમ કહ્યું હતું. બાદમાં ગેરેજમાં કાર કલર કરવાનો રૂમ બનાવવો હોવાથી અમીતભાઈની કાર ગેરેજમાં વચ્ચે નડતી હોવાથી બહાર રાખી હતી. દરમિયાન ગેરેજે અવાર-નવાર બેસવા આવતા આરોપી યતીનભાઈએ જણાવેલું કે મારા એપાર્ટમેન્ટ નીચે જગ્યા છે તમે મને કાર આપો હું ત્યા રાખી દઈશ અને તમારે જરૂર હોય ત્યારે જણાવજો હું તમારી કાર પાછી આપી દઈશ તેમ જણાવતા ફરિયાદીએ નવેમ્બર ૨૦૨૪માં કાર આરોપીના ઘર નીચે રાખી હતી અને યતીનભાઈએ કારની ચાવી આપી હતી.

બાદમાં એપ્રિલ મહિનમાં કારના માલીક અમીતભાઈ કાર લેવા આવતા તેમણે યતીનભાઈએ કાર માટે ફોન કરતા તેમણે કાર હમણા પહોંચાડી દઉં છું તેમ જણાવ્યું હતું. જોકે કાર દેવા ન આવતા ફરી ફોન કરતા તેઓ બહારગામ છે. આવીને આપી જશે તેમ કહ્યું હતું. બાદમાં તેઓ ફોન ઉપાડતા ન હોય અને તેમનો નંબર બ્લોક લીસ્ટમાં નાંખી દેતા તેમની સાથે વિશ્વાસઘાત થયાની જાણ થતા તેમણે આરોપી રૂ. ૪ લાખની કાર લઈ જઈ પરત ન કરતા હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી.વી. ડોડીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આર્કિટેક્ચર પેઢીને ચૂકવણી માટે આપેલો ચેક રિટર્ન થતા અમદાવાદના આરોપીને છ માસની જેલ

## ખરીદ માલ સામાન પેટે આપેલ ચેકની રકમ એક લાખ વળતર પેટે ચૂકવવા કોર્ટનો આદેશ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં આકિટેક્ચર નામની પેઢી પાસેથી ખરીદ કરેલા માલ સામાન પેટે આપેલો ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનામાં અમદાવાદના રાજેશ મિસ્ત્રીને છ માસની સજા અને એક મુજબ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરમાં આવેલી આકીટેક્ચર નામની પેઢી પાસેથી અમદાવાદના રાજેશ મિસ્ત્રી નામના વેપારીએ માલ સામાનની ખરીદી કરેલી હતી. જે રકમ ચૂકવવા એક લાખનો ચેક આપ્યો હતો જે ચેક બેંકમાંથી વગર વસુલાતે ભરત હતા કાયદાકીય જોગવાઈ મુજબ અમદાવાદના રાજેશ મિસ્ત્રીને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે પેટી તેમના કર્મચારી મારફતે રાજકોટની ફોજદારી અદાલતમાં નેગોસીએબલ એક હેઠળ ફરિયાદ દાખલ કરી હતી જે ફરિયાદમાં અમદાવાદના રાજેશ મિસ્ત્રીને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો અને આરોપી તેમના વકીલ મારફતે હાજર રહેલા હતા.આરોપીની સામે આ કેસ ચાલી જતાં ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ લેખિત મૌખિક દલીલ અને લેખિત પુરાવાઓને ધ્યાને લઈ અદાલતે આરોપીને છ માસની સાદી કેદની સજા અને રૂા. ૧ લાખનું વળતર ચુકવવાનો હુકમ કરેલો છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર ઠરે તો વધુ છ મહીનાની સજાનો હુકમ આરોપી વિરૂધ્ધ ફરમાવેલો છે.

આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના સિનિયર એડવોકેટ જી. આર. ઠાકર, ગાર્ગીબેન ઠાકર, જે. બી. રાઠોડ, મિલનભાઈ દુધાત્રા, કૃપાલ ઠાકર, જીંકલ રામાણી અને એ. જી. ઠાકર રોકાયેલ હતા.

# ખેડા પંથકમાં રોંગ સાઈડમાં ધસી આવેલી કારે રીક્ષાને હડફેટે લેતાં માતા, પુત્ર, પૌત્રના મોત

## ૪ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા : લગ્ન પ્રસંગમાં જતા પરિવારને નડ્યો અકસ્માત

**સમય મિરર | નડિયાદ**

રાજ્યધોરી માર્ગો પર લોહીયાળ અકસ્માતો હજુ પણ યથાવત છે. ત્યારે ખેડા પંથકમાં માતર તાલુકાના વારુકાંસ નજીક ગત રાત્રીના એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણના મોત નિપજ્યાનું સામે આવ્યું છે. જાણવા મળ્યા મુજબ માતરના સંજીવાડા ગામનો પરિવાર સબંધીને ત્યાં રીક્ષામાં બેસી દિકરીના લગ્ન પ્રસંગમાં છઠ્ઠા માઈલ જતો હતો ત્યારે રોંગ સાઈડમાં ધસી આવેલી માતેલા સાંઢની જેમ રીક્ષાને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં માતા-પુત્રના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતાં. જ્યારે પાંચ ઈજાગ્રસ્તોને હોસ્પિટેલ ખસેડાતા તે પૈકી પૌત્રનું પણ હોસ્પિટલે ટુંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ઘટનાથી પરિવારમાં ભારે કલ્પાંત સર્જાયો છે.

માતર તાલુકાના સીંજીવાડા ગામના મલેક ફળીયાની મસ્જિદ પાછળ રહેતા હૈદરમીયા



અહેમદમીયા કુરેશી (ઉં.વ.૩૩) પરિવાર સાથે રહી તારાપુર ચોકડી પર આવેલી હોટલમાં મેનેજર તરીકે નોકરી કરે છે. તા.૯ મે ના રોજ છઠ્ઠા માઈલમાં રહેતાં માસા ઈસુબમીયા અલ્લાઉદ્દીનમીયા ચૌહાણની દીકરીના લગ્ન હતા. જેથી શનિવારે સાંજના ૭:૦૦ વાગ્યાના અરસામાં મોટાભાઈ ઈરશાદમીયાની રીક્ષામાં પત્ની નફીશાબાનુ, ભત્રીજીઓ ફીઝાબાનુ અને સાનિયાબાનુ, ભત્રીજા અયાન (ઉં.વ.૧૪) અને ફરહાન તેમજ માતા ઝહીરનબીબી લગ્નમાં જવા નીકળ્યા હતા. આ દરમિયાન વારૂકાંસ નજીક સામેથી આવતી ૮૦ની સ્પીડમાં આવતી કાર રોંગ સાઈડે આવી રીક્ષાને અડફેટ મારી હતી. જેથી રિક્ષામાં સવાર સાતેય વ્યક્તિઓને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જેમાં ઝહીરનબીબી (ઉં.વ.૫૭) અને રીક્ષા ચાલક ઈરશાદ (ઉં.વ.૩૭) શરીરે ગંભીર ઈજા થતાં બનાવના સ્થળે મોત નીપજ્યું હતું. અન્ય ઘવાયેલા વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે ખેડા સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા. સારવાર દરમિયાન અયાન (ઉં.વ.૧૪)નું મોત થયું હતું. ઘટનાની જાણ ગ્રામજનોને કરાતા બહોળી સંખ્યામાં સીંજીવાડાથી લોકો હોસ્પિટલે પહોંચ્યા હતાં તો જે ઘરે પ્રસંગ હતો ત્યાંથી પણ સગા-સબંધીઓ હોસ્પિટલે ઉમટી પડ્યા હતાં. જ્યાં ત્રણના મોતની વાત સાંભળતા કરુણ દ્રશ્યો સર્જાયા હતાં. આ મામલે પોલીસ દ્વારા કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

### સ્નાતક કક્ષાના કોર્ષ માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ જીકાસ દ્વારા ભરી શકશે

# રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં આજથી પ્રવેશનો પ્રારંભ

**સમય મિરર | રાજકોટ**

રાજ્યની શાળા-કોલેજોમાં તાજેતરમાં તમામ પરિણામો જાહેર થયા બાદ હવે ગુજરાતની ૧૫ સરકારી યુનિવર્સિટીઓ અને સંલગ્ન વીવીધ કોલેજોમાં સ્નાતક કક્ષાના કોર્સ માટે શિક્ષણ વિભાગ દ્વારા પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આજથી ઓનલાઈન પ્રોસેસ થકી પણ વિદ્યાર્થીઓ તેમનું એડમીશન ફોર્મ ભરી શકશે જ્યારે સંલગ્ન વિવિધ કોલેજોમાં સંપૂર્ણ ફોર્મ ફિલીંગ પ્રક્રિયાનો જીકાસ દ્વારા આરંભ કરી દેવામાં આવ્યો છે. તા. ૧૮ મે સુધી આ પ્રવેશ પ્રક્રિયા એન રજીસ્ટ્રેશન રાઉન્ડ ચાલુ રહેશે. જે માટે કોઈ ટેક્નિકલ સમસ્યા સર્જાય તો જીકાસ દ્વારા હેલ્પલાઈન નં. ૦૭૯૨૨૮૮૦૦૮૦ જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨નું પરિણામ જાહેર થઈ ગયું છે, ત્યારે રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ પર રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જેમા રાજ્ય સરકારની સૂચના મુજબ તમામ યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજો પર ફી રજીસ્ટ્રેશન સેન્ટર શરૂ થયા છે. પરંતુ ત્યાં સુધી પણ વિદ્યાર્થીઓએ ધક્કો ન ખાવું હોય તો પોતાના મોબાઈલ પર સરળતાથી રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

જીકાસ પોર્ટલના મારફતે કોઈ પણ પ્રકારની ટેકનિકલ સમસ્યા હોય તો જીકાસ હેલ્પ લાઈન ૭૯-૨૨૮૮૦૦૮૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે. વિદ્યાર્થીઓ પ્રવેશ નોંધણી કરાવે ત્યારે ક્વિક રજિસ્ટ્રેશન કરાવવું, રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઇલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિ., કોલેજ, પ્રોગ્રામ અને મુખ્ય વિષયની પસંદગી કરવાની રહેશે. ઓનલાઇન અરજી ચેક કરીને જીકાસ પોર્ટલ પર સબમીટ કરવાની રહેશે.

ગુજરાતમાં ૧૫ સરકારી યુનિવર્સિટીઓ અને તેની સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી જીકાસ પોર્ટલ મારફતે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાના વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવી શકે તે માટે ક્વિક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ સંપૂર્ણ ફોર્મ ફીલિંગની પ્રક્રિયા માટે ઓનલાઈન અરજીમાં સુગમતા રહે , સાઈબર કાફેમાં નાણાં અને સમયનો વ્યય ના કરવો પડે તે માટે જીકાસ પોર્ટલ દ્વારા ફી ફોર્મ ફીલિંગ સેન્ટર અને વેરિફિકેશન સેન્ટર કાર્યરત કરાયા છે. હાલમાં આશરે ૨૧૦૦થી વધુ સેન્ટર્સ હાલમાં કાર્યરત છે. તા.૯ મેથી ૨૦ મે દરમિયાન વેરિફિકેશન રાઉન્ડ-૧ રહેશે. આ ૧૨ દિવસ દરમિયાન જીકાસ પોર્ટલ પર સબમીટ કરેલી ઓનલાઇન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરિફિકેશન નજીકના વેરિફિકેશન સેન્ટર પર કરાવવુ પડશે. ૨૧ મેથી ૨૪ મે સુધી ટેકનિકલ પ્રોસેસ કરવામાં આવશે. જ્યારે પ્રવેશનો પ્રથમ રાઉન્ડ તા.૨૬ મેથી ૨૮ મે દરમિયાન યોજાશે. જેમાં વિદ્યાર્થીઓએ પોર્ટલ પર તેના ડેશ બોર્ડ પર પ્રવેશની ઓફર ચકાસવી. ડેશબોર્ડ પર મળેલી તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિ., કોલેજ, પ્રોગ્રામ અને મુખ્ય વિષયની ઓફર પોર્ટ પરથી ઓટીપીથી કન્ફર્મ કરવી. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત યુનિ. કે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રિપોર્ટીંગ કરવાનું રહેશે. ગુજરાતની ૧૫ સરકારી યુનિવર્સિટી અને તેની સંલગ્ન ૨૬૨૧ કોલેજો, માટે ૩૪૯ કોર્સ/પ્રોગ્રામમાં જકાસ દ્વારા પ્રવેશ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રવેશનો પ્રથમ રાઉન્ડ તા.૨૬ મેથી ૨૮ મે, બીજો રાઉન્ડ તા.૩૦ મેથી ૩૧ મે, ત્રીજો રાઉન્ડ તા.૩ જૂનથી ૪ જૂન ચોથો રાઉન્ડ તા.૬ જૂનથી ૯ જૂન દરમિયાન યોજાશે.


# વાંકાનેર પાસે ટ્રકે સ્કૂટરને હડફેટે લેતા રાજકોટના ૧૭ વર્ષીય પૌત્ર-નાનીના મોત

## માતાએ નવું સ્કૂટર લઈ દેતા માટેલ દર્શન કરવા નીકળ્યા હતાં

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતા પરિવારમાં માતાએ તેના ૧૭ વર્ષના પુત્રને તાજેતરમાં સ્કૂટર લઈ આપ્યું હતું. જેથી મામા સાથે તેનો પરિવાર હોય સગીર તેના સ્કૂટર પર નાનીને બેસાડી માટેલ જવા નિકળ્યા હતાં ત્યારે વાંકાનેર નજીક ટ્રકે સ્કૂટરને હડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૌત્ર અને નાની બન્નેના મોત નિપજ્યા છે. આમ નવા સ્કૂટરની ખુશીનો માહોલ માતમમાં છવાઈ ગયો હતો.

રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય રિકી કવાને તેની માતા બીજલબેને નવું




એક્સેસ સ્કૂટર લઈ આપ્યું હતું. રિકી પોતાના નાની ગુલાબબેન પરમાર (ઉં.૭૦)ને સ્કૂટરમાં લઈને વાંકાનેર તાલુકાના માટેલ ગામે ખોડિયાર મંદિરે દર્શન કરવા ગયો હતો. તેમની સાથે રિકીના મામા પૂર્વેશભાઈ પરમાર પણ પોતાના પરિવાર સાથે બાઈક પર આવ્યા હતા.

માટેલથી પરત ફરતી વખતે બપોરે સવા બે વાગ્યે વાંકાનેર નજીક વઘાસીયા ટોલનાકા પાસે વૃંદાવન હોટલની સામે એક ટ્રકે સ્કૂટરને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં રિકીને મોઢા, નાક અને કાનના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ગુલાબબેનને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે બંનેને મૃત જાહેર કર્યા હતા. મૃતક ગુલાબબેનના દીકરા પૂર્વેશભાઈએ વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ટ્રક (નંબર RJ14 GL 8981)ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવાની કાર્યવાહી શરૂ કરી છે.

### 'અમદાવાદ અભ્યાસ પૂર્ણ કરી આવ્યો' તો પિતાની લાયસન્સવાળી બંદુકથી પગલુ ભર્યુ

# ખંભાળિયાના ન.પા. પૂર્વ પ્રમુખના પુત્રનો બંદૂકમાંથી ફાયરિંગ કરી આપઘાત

**સમય મિરર | ખંભાળિયા**

ખંભાળિયા નગરપાલિકામાં અગાઉ પ્રમુખ તરીકે ફરજ બજાવી ચુકેલા અને ગઢવી સમાજમાં અગ્રણી તરીકે અને પીએમ તરીકે ઓળખાતા અગ્રણીના ૨૨ વર્ષીય પુત્રએ પિતાની લાયસન્સ વાળી બંદુકમાંથી ફાયરીંગ કરી આપઘાત કરી લેતા ભારે સનસનાટી મચી જવા પામી છે. લોકોના કહેવા મુજબ આપઘાત કરનાર યુવક ભણવામાં બહુ હોશિયાર હતો અત્યાર સુધી તે અમદાવાદમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરતો હતો. તે અભ્યાસ પૂર્ણ કરી બે દિવસ પૂર્વે જ ખંભાળિયા આવ્યો હતો. ત્યારે તેણે આ પગલુ ભરી લીધું છે.

ખંભાળિયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ગઢવી અગ્રણી પેથાભાઈ મુળુભાઈ પતાણી (પી.એમ. ગઢવી)ના ૨૨ વર્ષીય પુત્ર વિજયે પિતાની લાયસન્સવાળી બંદૂકથી આપઘાત કર્યો છે. મિલન ચાર રસ્તા વિસ્તારમાં રહેતા પી.એમ. ગઢવી હાલ દ્વારકા રોડ પર ખોડીયાર મંદિર નજીક વાડી ધરાવે છે. ગઈકાલે રાત્રે પરિવાર સાથે જમીને સૂતા હતા. આજે સવારે લગભગ પાંચ વાગ્યે વિજયે પિતાની બંદૂક વડે પોતાના શરીરે ગોળી મારી લીધી છે. તેનું લોહીલુહાણ હાલતમાં મૃત્યુ થયું. વિજય તાજેતરમાં જ અમદાવાદથી ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરીને ખંભાળિયા પરત આવ્યો હતો. આ ઘટનાથી પરિવારજનો અને ગઢવી સમાજમાં શોકની લાગણી ફેલાઈ છે. આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી.


# પોરબંદર-સાવરકુંડલા પંથકમાં વાજડી સાથે ધોધમાર કમોસમી વરસાદ તૂટી પડ્યો

## ઉપલેટા પંથકમાં પણ જળબંબાકાર જેવી સ્થિતિ

**સમય મિરર | પોરબંદર**

રાજસ્થાન પર સક્રિય થયેલી વરસાદી સિસ્ટમના કારણે ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ સાથે ધોધમાર વરસાદ પણ ખાબકી રહ્યો છે. રાજકોટમાં પણ બે દિવસ સુધી વરસાદી ઝાપટા આવતા ચો તરફ ઠંડક પ્રસરી ગઈ છે ત્યારે આજ સવારથી ફરી વખત સૌરાષ્ટ્રપર વરસાદી વાદળો છવાયા હતાં. ત્યારે આ વાદળોએ પોરબંદર અને સાવરકુંડલા પંથકમાં જોરદાર વરસાદ વરસાવ્યો હતો. ચો તરફ પાણી પાણી થઈ ગયું હતું. બપોર સુધી વરસાદી માહોલ રહ્યો હતો અને ઝાપટા વરસતા હતાં.

હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. પોરબંદર, સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, જામનગર, અમરેલી, ભૂજ, પાટણ સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદને પગલે ઉનાળુ પાકને ભારે નુકસાન થયું છે. ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાવાથી પાક બરબાદ થઈ રહ્યો છે. જેને લઇ ખેડૂતોની ચિંતામાં વધારો



થયો છે. પોરબંદર પંથકમાં વરસાદ શાંત પડ્યા બાદ વાદળો ઉપલેટા તરફ આવી પહોંચ્યા હતા ત્યાં પણ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી જોરદાર પવન અને ગાજવીજ સાથે વરસાદ તુટી પડ્યો હતો. આ વરસાદથી ખેતરોમાં જમીનની જગ્યાએ પાણી જોવા મળી રહ્યું હતું. ખેડુતોમાંથી પોતાનો પાક નિષ્ફળ ગયાના ઉદ્ગારો વર્ષી રહ્યા હતાં. ત્યારે હાલ હવામાન વિભાગે કહ્યું છે કે, આવતી કાલથી ગુજરાતપરથી વાતાવરણ ચોખ્ખુ થઈ જશે અને ફરી ગરમીનો અનુભવ થશે.

# સુરતમાં જુગારના રૂપિયા બાબતે માથાકુટ બાદ મિત્રએ બાથમાં ભીડી લેતાં યુવાન ઢળી પડ્યો

## પાંચ મિત્રો જુગાર રમવા બેઠા હતા ત્યારે બની ઘટના : પરિવારે હત્યાની શંકા દર્શાવતા ફોરેન્સિક PM કરાવાયું

**સમય મિરર | સુરત**

કાયમ માટે ગુનાઓથી મોખરે રહેલા સુરત શહેરમાં ફરી વખત એક શંકાસ્પદ ઘટના સામે આવી છે. જેમાં ઈચ્છાપોર વિસ્તારમાં પાંચેક મિત્રો જુગાર રમવા બેઠા હતાં તે રમ્યા બાદ જુગારના પૈસા બાબતે બબાલ થઈ હતી. જે બબાલમાં ઉશ્કેરાયેલા એક મિત્રએ ૧૮ વર્ષના યુવકે બાથમાં ભીડી લીધો હતો. જેના કારણે તે બેભાન થઈ જતાં તુરંત હોસ્પિટલે લઈ જવાયો હતો. જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના બારામાં પરિવારે તેના પુત્રની હત્યા થઈ હોવાના આક્ષેપો કર્યા છે. જેથી પોલીસે મૃતકનું ફોરેન્સીક પીએમ કરાવ્યું છે.



મળતી માહિતી પ્રમાણે, સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં આવેલી રાખલ નગર કોલોનીમાં ૧૮ વર્ષીય સંતોષ સંજયભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં ત્રણ ભાઈ છે. સંતોષ ખેતરમાં મજૂરી કામ કરીને પરિવારને આર્થિક રૂપે મદદરૂપ થતો હતો. ગતરોજ સાંજના પાંચેક વાગ્યે સંતોષ તેના મિત્ર સની વિજય ગૌતમ અને તેના બીજા મિત્રો સાથે વસંતકાકાના ઘરના વાડામાં ગંજીપાના રમતા હતા. ત્યારે પૈસા બાબતમાં સંતોષ અને સની વચ્ચે બોલાચાલી થઈ હતી.

જુગારન રૂપિયા બાબતે ઝઘડો થતા સનીએ પાછળથી સંતોષને બન્ને હાથથી છાતીના ભાગે પકડી લીધો હતો. ત્યારે સંતોષને ચક્કર આવતા નીચે પડી ગયો હતો. જેથી તેના મિત્ર સાહીલ, કિરણ અને સુઝલ તેને ઉચકીને સાહીલના ઘરે લઈ આવ્યા હતા. સાહીલની મમ્મીએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા થોડીવારમાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના તબીબે સંતોષને તપાસીને મૃત જાહેર કર્યો હતો. મૃતક સંતોષની પિતરાઈ બહેન દીપિકાએ જણાવ્યું હતું કે, મારો ભાઈ જુગાર રમવા ગયો હતો, ત્યારે મારામારી થઈ અને તેને છાતિના ભાગેથી પકડી લેવામાં આવ્યો હતો. જ્યાં સુધી તે બેભાન ન થઈ ગયો ત્યાં સુધી તેને પકડી રાખ્યો હતો અને ત્યારબાદ તેને ફેંકી દીધો હતો. અમને તો એવી જ જાણ છે કે તેનું ખૂન કર્યુ છે. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

### બજારો ખુલી, ભૂજની ટ્રેનો નિયમિત દોડી

# સ્થિતિ સામાન્ય બનતાં જ ભૂજ-જામનગરમાં લોકજીવન ધબક્યું

**સમય મિરર | જામનગર**

ભારત-પાકિસ્તાન સરહદ પર તણાવભરી સ્થિતિ સર્જાતા સામસામે યુદ્ધ સર્જાયુ હતું પાકિસ્તાન દ્વારા કચ્છની સરહદ પર ડ્રોન મોકલી હુમલા કરવાનો પ્રયાસ થયો હતો. જેને સૈન્યએ નાકામ બનાવ્યો હતો. ત્યારથી તંત્ર દ્વારા ભૂજ, જામનગર, બનાસકાંઠા જેવા સરહદી વિસ્તારોમાં બ્લેક આઉટ જાહેર કરાયું હતું. પરંતુ ગત મોડી રાત્રીથી મામલો શાંત પડી જતાં અને યુદ્ધ વિરામનું ઉલંઘન પણ ન થતાં આજ સવારથી ભૂજ, જામનગર, બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં જનજીવન ફરી ધબકતું થયું છે. કચ્છની ટ્રેનો પણ રાબેતા મુજબ દોડવા લાગી છે.

ભારત-પાકિસ્તાનના યુદ્ધવિરામ પછી ગુજરાતના સરહદી જિલ્લામાં સ્થિતિ સામાન્ય જોવા મળી રહી છે. બનાસકાંઠા-કચ્છમાં જનજીવન સામાન્ય જોવા મળી રહ્યું છે. સુઈગામ, ગાંધીધામ, ભુજ, જામનગરમાં બજારો ખુલી ગઈ છે અને લોકોની અવરજવર પણ જોવા મળી રહી છે. યુદ્ધવિરામ અને રવિવાર હોવાથી ક્યાંક રજાનો માહોલ તો ક્યાંક ચહલપહલ જોવા મળી રહી છે. કચ્છના જિલ્લા મથક ભુજ અને ગાંધીધામ શહેરમાં આવતી અને જતી તમામ ટ્રેન રાબેતા મુજબ ચાલી રહી છે. ભુજ અને કંડલા એરપોર્ટ ૧૪ મે સુધી બંધ છે. સરકારી કામકાજ રાબેતા મુજબ રહેશે. જોકે બ્લેકઆઉટ અંગેની જાણકારી સાંજના ૫ વાગ્યા સુધી સ્પષ્ટ થશે. કચ્છ યુનિવર્સિટીમાં રદ કરાયેલી રજાઓનો નિર્ણય યથાવત છે.

# ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં તથ્ય પટેલને હંગામી જામીન

## માતાની સારવાર માટે હાઈકોર્ટે ૭ દિવસના જામીન મંજુર કર્યા

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના ઈસ્કોન બ્રીજ પર નશાની હાલતમાં જેગુઆર કાર લઈને નવ માનવ જીંદગીને હણી લઈ મોતનું સામ્રાજ્ય સર્જનાર તથ્ય પટેલ લાંબા સમયથી જેલમાં છે. તાજેતરમાં તેણે તેની માતાની સર્જરી માટે જામીન આપવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે અરજીને અનુસંધાને હાઈકોર્ટે સાત દિવસના પોલીસ બંદોબસ્ત વચ્ચે હંગામી જામીન મંજુર કર્યા છે.

ઈસ્કોન બ્રિજ પર મધરાત્રે બેફામ રીતે જગુઆર કાર ચલાવી ૯ લોકોનો ભોગ લેનાર તથ્ય પટેલને ગુજરાત હાઈકોર્ટે ૭ દિવસના જામીન આપ્યા છે. આ પહેલા પણ તથ્યએ જેલમાંથી બહાર આવવા પણ પ્રયત્નો કર્યો હતો, પરંતુ તે સફળ થયો નહતો. અંતે તથ્યએ તેની માતાની કરોડરજ્જુની મોટી સર્જરી માટે જામીનની અરજી



કરી હતી, જે હાઈકોર્ટે મંજૂર કરી છે. ૧૨ મેના રોજ માતાને કરોડરજ્જુની સર્જરી થવાની છે. તથ્ય પટેલે પોતાના માતાની સારવાર માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં પંદર દિવસના જામીન માગ્યા હતા. પાંચ દિવસ પહેલા અમદાવાદ ગ્રામ્ય કોર્ટે જામીન અરજી રદ કરી હતી. ત્યારબાદ તથ્ય પટેલ તરફથી ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરવામાં આવતા હાઈકોર્ટે સાત દિવસના હંગામી જામીન મંજૂર કર્યા હતા. અગાઉ તેના દાદાનું નિધન થયું હોવાથી તેને એક દિવસના જામીન અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આપેલા હતા.